# વિકસિત ભારત,
# વિકસિત ગુજરાત...

જનહિતલક્ષી યોજનાઓના ટેક્નોલૉજીકલ સમન્વયનો સંપુટ







# વિકસિત ભારત,
# વિકસિત ગુજરાત...

જનહિતલક્ષી યોજનાઓના ટેક્નોલૉજીકલ સમન્વયનો સંપુટ




# જનહિતલક્ષી યોજનાઓ હવે આંગળીનાં ટેરવે

"વિકાસ સર્વસમાવેશક, સર્વપોષક અને સર્વ વ્યાપક હોવો જોઈએ." આવા સ્પષ્ટ અભિગમથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર જનકલ્યાણના દરેક ક્ષેત્રને પ્રગતિના શિખરે પહોંચાડવા પ્રયત્નશીલ છે. મનુષ્ય જીવનના જન્મથી મૃત્યુ સુધીના વિવિધ તબક્કાઓ માટે ઉપયોગી બને તેવી રાજ્ય સરકારની કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ અમલી છે. આખરે પ્રત્યેક યોજનાનો મૂળ હેતુ છેવાડાના માનવીના કલ્યાણનો છે.

આજનો યુગ ડિજિટલાઈઝેશનનો યુગ છે. પ્રત્યેક વ્યક્તિ ઈન્ટરનેટ, મોબાઈલ અને ટેક્નોલોજી સાથે તાલમેલ સાધીને પ્રગતિના પથ પર આગળ વધી રહી છે. દુનિયાભરની માહિતી હવે આંગળીના ટેરવે જોઈ, વાંચી અને સમજી શકાય છે ત્યારે રાજ્ય સરકાર પણ ડિજિટલાઈઝેશન અને ટેક્નોલોજી સાથે કદમ મિલાવી રહી છે. આ પુસ્તિકામાં દરેક વિભાગના અલગ-અલગ પ્રકરણો છે જેની તમામ સમાવિષ્ટ માહિતી પણ સંબંધિત વિભાગની વેબસાઈટ પરથી જ લેવામાં આવી છે. QR કોડ મૂકવાનો હેતુ એ છે કે જ્યારે કોઈ યોજનામાં ફેરફાર થાય ત્યારે તેની અપડેટેડ માહિતી ઝડપીથી અને વિશ્વસનીય રીતે લોકો સુધી પહોંચી શકે.

રાજ્ય સરકારની આ યોજનાઓને લોકો જાણે અને તેનો યથોચિત લાભ મેળવે તેવા આશયથી આ વ્યકિતલક્ષી યોજનાઓનો સંપુટ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા કયા-કયા સાધનિક દસ્તાવેજની જરૂરિયાત છે, લાભ મેળવવાની શું પાત્રતા છે, એટલું જ નહિં,

પણ યોજનાનો લાભ મેળવવા માટે શું પ્રક્રિયા કરવી તેમજ કયા અધિકારી કે કચેરીનો સંપર્ક કરવો તે વિશે જાણકારી આપવાનો આ પુસ્તિકામાં પ્રયાસ કરવામાં આવ્યો છે. વાંચકો, લાભાર્થીઓને ખાસ ધ્યાન દોરવાનું કે, પ્રસ્તુત પુસ્તિકામાં QR કોડ સાથે વિગતો આપવાનો એક નવો પ્રયાસ હાથ ધરાયો છે.

ગુજરાત રાજ્યે તમામ ક્ષેત્રમાં વિકાસના નૂતન આયામો સર કર્યા છે. માનવ વિકાસને સીધા સ્પર્શતા શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સમાજ કલ્યાણ, મહિલા અને બાળ વિકાસ, આવાસ, રોજગાર વગેરે ક્ષેત્રે વ્યક્તિલક્ષી વિવિધ કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલ દ્વારા ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. આ યોજનાઓનો આશય સમાજના તમામ વર્ગો, ખાસ કરીને વંચિતો અને ગરીબી રેખાની નીચે જીવતા ગરીબ લોકો માટે આર્થિક અને સામાજિક રીતે અર્થપૂર્ણ જીવનધોરણ મેળવવા માટે પાયાની જરૂરિયાતો પ્રાપ્ત થાય તેવો રહ્યો છે.

જ્યાં સુધી કોઈપણ બાબતને સમગ્રતયા જોવાનું સામર્થ્ય ન આવે ત્યાં સુધી નાની મોટી દરેક વાત એકલ દોકલ, છૂટીછવાઈ નજરે પડતી હોય છે અને તેમાંથી સમગ્રપણાનો ક્યાસ ન નીકળે એ સ્વાભાવિક છે. પરંતુ જ્યારે સરકારના બધા વિભાગોનું સંકલન કરી તેની પર દ્રષ્ટિ કરીએ ત્યારે વિકાસનું દરેક ડગલું સમગ્રતયાનો કેવો અતૂટ હિસ્સો હતો એ સમજી શકાય છે.

ગુજરાતનો વિકાસ આજે દેશ માટે દિશાસૂચક બની રહ્યો છે. વર્ષ-2023માં અતિમહત્વપૂર્ણ જી-20ની બેઠકો એ વાતની સાક્ષી છે. દુનિયાભરમાંથી આવેલા ડેલિગેટ્સ આપણા કૃષિકારો, મહિલા વ્યવસાયકારો અને સ્ટાર્ટ-અપ ઉધોગ સાહસિકોને મળી પ્રેરણા લઈ રહ્યાં છે. આજનો વનબંધુ પોતાના ટેબલેટમાં 4G ની સ્પીડે દુનિયા સાથે કદમ મિલાવી પ્રગતિના નવા શિખરો સર કરી રહ્યો છે. રાજ્ય સરકારની વ્યક્તિલક્ષી વિવિધ યોજનાઓ હકારાત્મક રીતે લાભકારી નિવડી છે.

21મી સદીના વિકાસનો નવતર અભિગમ એમ સૂચવે છે કે, રાજ્ય કે રાષ્ટ્રની સાચી સંપત્તિ તેનો જનસમુદાય છે. તેથી જનસમુદાયની ક્ષમતા વિસ્તારવી, પસંદગીના આયામ વધારવા, માનવ હક્ક અંગેની સ્વતંત્રતા અને પરિપૂર્ણતા એ માનવ વિકાસના પાયાના ચાવીરૂપ પાસા છે. ગુજરાતની ઉધમી અને વ્યવસાયપ્રિય પ્રજાને જો શરુઆતના તબક્કામાં થોડી સહાય કે ટેકો મળી જાય તો પછી તે પ્રગતિના પથ પર પા... પા.... પગલી ભરવાને બદલે પાંખો લગાવીને ઉડાન ભરે, માટે જ વિવિધ વ્યવસાયના લોકો માટે અલગ-અલગ ખાસ યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે.

કોઈપણ રાજ્યના વિકાસનો ખરો માપદંડ અંતરિયાળ વિસ્તારોમાં વસતા માનવી સુધી વિકાસના સુફળ પહોંચે તે જ છે. લોકોને કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડીને તેમના સર્વાંગી ઉત્થાન માટે રાજ્ય સરકાર પરિણામલક્ષી પ્રયાસો કરી રહી છે. કલ્યાણકારી વ્યક્તિગત યોજનાઓનો લાભ જરૂરિયાતમંદોને અચૂક મળે તેવી પણ રાજ્ય સરકારે વ્યવસ્થા કરી છે. ગરીબ કલ્યાણ મેળાના અભિયાન દ્વારા વિવિધ યોજનાઓના લાભાર્થીઓને હાથોહાથ લાભ આપી વચેટિયાઓને નાબૂદ કરવામાં આવ્યા છે.

સૌને સમાન તક, સમાન ન્યાય મળે અને છેવાડાના માનવીઓ પણ રાજ્યના વિકાસ માર્ગે વિશ્વાસભરી શરૂઆત કરી શકે તે આશયથી આ નવા પ્રયાસનો આરંભ થયો છે. આ પુસ્તિકા દ્વારા પ્રત્યેક યોજનાનો અમલ થાય તેમજ તેના મીઠાં ફળ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તેના માટે સ્તુત્ય પ્રયાસ કરાયો છે.

**- માહિતી નિયામક**

# અનુક્રમણિકા


**06** **કૃષિ અને સહકાર વિભાગ** ખેતરે ખેતરે હરિયાળી

**31** **આદિજાતિ વિકાસ વિભાગ** વનબંધુઓનો સર્વાંગી વિકાસ

**45** **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ** વંચિતો વિકાસની વાટે

**69** **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**79** **ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**88** **મહિલા અને બાળ કલ્યાણ વિભાગ** સુપોષિત મહિલા અને સ્વસ્થ બાળ




નોંધઃ- આ પુસ્તિકામાં વિવિધ યોજનાઓની સરળ જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યોજનાઓના અર્થઘટન, અમલ, ફેરફાર અને નાણાકીય મંજૂરીની બાબતો માટે સરકારશ્રીના વખતો વખતના ઠરાવ, હુકમો અને પરિપત્રો જ આધારભૂત ગણાશે અને યોજનાઓના અર્થઘટનમાં તે જ નિર્ણાયક રહેશે. યોજનાની વધુ વિગતો માટે QR કોડ સ્કેન કરવાનો રહેશે.

103 **શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ** પ્રત્યેક હાથને કામ

117 **શિક્ષણ વિભાગ** શિક્ષણના સથવારે સર્વાંગી વિકાસ

131 **રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ** યુવાઓને વિકાસનો અવકાશ

137 **ગૃહ વિભાગ** સર્વને સુરક્ષા

141 **અન્ન અને નાગરિક પુરવઠા**

147 **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**




# કૃષિ અને સહકાર વિભાગ

## ખેતરે ખેતરે હરિયાળી



# સ્માર્ટ હેન્ડ ટૂલ કીટ સહાય યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | રાજ્યના સીમાન્ત ખેડૂતો અને ખેત મજૂરોને જો અદ્યતન સાધનોવાળી સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ આપવામાં આવે તો તેમને ખેતી કામ કરવામાં સરળતા ઉપરાંત સમયસર ખેતી કાર્ય થાય. ખેત ઉત્પાદન વધી શકે તે હેતુ |
| **પાત્રતાના ધોરણો** | (ક) આ યોજનાનો લાભ ૧ હેક્ટર સુધીની જમીન ધારણા કરતાં(૮-અ મુજબ) સીમાન્ત ખેડૂત તથા ખેતી કામ કરતાં ખેત મજૂરોને મળવાપાત્ર રહેશે.<br>(બ) સીમાન્ત ખેડૂતને ૮-અ ખાતાદીઠ એકવાર અને ખેત મજૂરને કુટુંબદીઠ એકવાર લાભ મળવાપાત્ર રહેશે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | કીટ મેળવવા પાત્ર અરજદારે ગુ.ખે.ઉ.નિ.લી., ગાંધીનગરના અધિકૃત વિક્રેતાના કેન્દ્ર ખાતેથી ૯૦ ટકા સહાય અથવા રૂ.૧૦,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે રકમની મર્યાદામાં હેન્ડટુલ્સની કીટ્સના સાધનો દિન-૯૦માં મેળવવાની રહેશે. |
| **અરજીની પ્રક્રિયા** | (ક) સ્માર્ટ હેન્ડ ટુલ્સ  કીટ મેળવવા માંગતા લાભાર્થીએ I-Khedut પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી ગ્રામકક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર મારફતે અથવા જ્યાં પણ કોમ્પ્યુટર-ઈન્ટરનેટની સુવિધા હોય ત્યાંથી કરી શકાશે. આ ઉપરાંત અરજદાર ભૌતિક અરજી સંબંધિત કચેરીમાં રજૂ કરે તો કચેરીએ સમયમર્યાદામાં પોર્ટલ ખુલ્લુ હોય, ત્યાં સુધી પોર્ટલ પર અરજી કરવાની રહેશે.<br>(ખ) I-Khedut પોર્ટલ ઉપર સ્માર્ટ હેન્ડ ટુલ્સ  કીટ મેળવવા માંગતા લાભાર્થીએ ઓનલાઈન કરેલ અરજી ઓટો ઈનવર્ડ થશે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | તાલુકા અમલીકરણ અધિકારી |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ૧)સીમાન્ત ખેડૂતો માટે ૮-અની નકલ, ૨) ખેત મજૂર હોવા અંગેનો તલાટીનો દાખલો અથવા શ્રમ અને રોજગાર વિભાગનું પ્રમાણપત્ર / ઓળખકાર્ડની નકલ, ૩) ‘‘સ્માર્ટ હેન્ડ ટુલ્સ કીટ” ની યાદી પૈકી અરજદારની પસંદગી મુજબના સાધનોની યાદી. ૪) આધાર કાર્ડનો નંબર  ૫) ખેત મજૂર માટે રેશન કાર્ડની નકલ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/Portal/Document/1_3805_1_86.pdf** |

# પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | • કુદરતી આપત્તિઓના કારણે થતા પાક નુકશાન સામે ખેડૂતોને વળતર આપવું.<br>• ખેડૂતની આવકને સ્થિર કરવી.<br>• ખેડૂતને નવીન અને અદ્યતન કૃષિ ટેકનિક વાપરતા કરવા.<br>• કૃષિમાં ધિરાણનો પ્રવાહ જાળવી રાખવો. |
| **પાત્રતાના ધોરણો** | બધા ખેડૂતો જેમાં ભાગિયા/ભાગીદાર અને ગણોત ખેડૂતો જેઓ નોટીફાઈડ વિસ્તારમાં નોટીફાઈડ પાક પકવતા હોય, તેઓ આ યોજના હેઠળ આવરી લેવાને પાત્ર છે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | **પ્રિમિયમ દર :**<br>પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના હેઠળ વીમા કંપની દ્વારા વાસ્તવિક પ્રિમિયમ દર લગાવવામાં આવશે. જ્યારે ખેડૂતોએ ખરીફ ઋતુના પાકો માટે ૨%, રવિ/ઉનાળુ પાકો માટે ૧.૫% અને વાર્ષિક વાણિજ્યિક અને બાગાયતી પાકો માટે ફક્ત ૫% જ પ્રિમિયમ ભરવાનું રહે છે. જ્યારે વાસ્તવિક પ્રિમિયમ દર અને ખેડૂતોએ ભરવાના થતા પ્રિમિયમના તફાવતની રકમ પ્રિમિયમ સબસિડી તરીકે રાજ્ય સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રી સરખે હિસ્સે ચૂકવવાની રહે છે.<br>પ્રધાન મંત્રી ફસલ બીમા યોજનાનો અમલ મુખ્ય પાકો માટે ગ્રામ પંચાયત અને ગૌણ પાકો માટે તાલુકો વીમા યુનિટ તરીકે છે. |
| **અરજીની પ્રક્રિયા** | યોજનાનો લાભ લેવા માટે નોટીફાઈડ વિસ્તારમાં નોટીફાઈડ પાક વાવતા ખેડૂતો નિયત સમયમર્યાદામાં Ikhedut Portal પર ઓનલાઈન અરજી કરી તેની પ્રિન્ટેડ નકલ સમયમર્યાદામાં સંબંધિત નાણાકીય સંસ્થા/બેન્કમાં રજૂ કરી પ્રિમિયમની રકમ આપવાની રહે છે. નોડલ બેંકો મારફતે ખેડૂતોના ખાતામાં પાક વીમાના દાવાની રકમ જમા કરાવશે. ખેડૂતો નાણાકીય સંસ્થા/બેંકોએ સહયોગથી ઓનલાઈન અરજી કરી શકે છે.<br>https://ikhedut.gujarat.gov.in/nais |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | રાજ્ય કક્ષાની પાક વીમાની સંકલન સમિતિ SLCCCI (સ્ટેટ લેવલ કો ઓર્ડીનેશન કમીટી ઓફ ક્રોપ ઈન્સ્યોરન્સ) કેન્દ્ર સરકારશ્રીની માર્ગદર્શક સૂચના મુજબ જે તે ઋતુની શરૂઆતમાં ટેન્ડર/બીડ કરી અમલકર્તા સંસ્થાઓ નક્કી કરે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/national-agriculture-insurance-scheme-guj.htm** |

# ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદવા સહાય

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ડિજિટલ કેમેરા, મલ્ટીમિડિયા પ્લેયર, જી.પી.એસ, ટચ સ્ક્રીન, વેબ બ્રાઉઝર, ઈન્ટરનેટ કનેક્ટિવિટી વગેરે જેવી સુવિધા સાથેનો સ્માર્ટ મોબાઈલ ફોન ખરીદે તથા રાજ્યના ખેડૂતો સ્માર્ટફોન થકી ટેક્નૉલૉજી ઉપયોગ કરી શકે તે હેતુ |
| યોજના અંતર્ગત મળતી સહાય | ખેડૂત દ્વારા ખરીદવામાં આવતા સ્માર્ટફોન પર સહાય આપવાની યોજના અન્વયે ખેડૂતને એક સ્માર્ટફોનની ખરીદી કરવાથી ખેડૂતને સહાય આપવામાં આવે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/Portal/Document/1_3867_1_309.pdf** |

# સોઈલ હેલ્થ કાર્ડ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | સોઈલ હેલ્થ કાર્ડ યોજના કે જે જમીનના પ્રકારને આધારે કૃષિની રીત જણાવે છે, તેના પરિણામોને કારણે ખેડૂતોએ અગાઉ તેઓ જેનાથી અજાણ હતા તેવા પાકોનું વાવેતર કર્યું છે. આ અદ્ભૂત યોજના ખેડૂતોની આવક વધારવાનો ચોક્કસ રસ્તો છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | અત્યાર સુધીમાં રાજ્યના ૧૨ લાખ ૭૦ હજાર ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલા છે. ચાલુ વર્ષ દરમિયાન વધુ ૫.૫૫ લાખ સોઈલ હેલ્થ કાર્ડ પૂરા પાડવાનું વિચારાયું છે. ઈ-ગ્રામ પ્રોજેક્ટ હેઠળ ગ્રામ પંચાયતોમાં સ્થાપેલ કમ્પ્યુટરથી ખેડૂતોને જમીનના પ્રકારની માહિતી ઉપલબ્ધ બનાવવામાં આવશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/soil-health-card-project-guj.htm** |

# મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | પાક ઉત્પાદન બચાવવા માટે રાજ્યના ખેડૂતોને ખેત પેદાશોના સંગ્રહની સગવડ મળી રહે તો પાક ઉત્પાદનને લાંબા સમય સુધી સુરક્ષિત રાખી શકાય છે અને ખેડૂતોને સુરક્ષિત પાક સંગ્રહ ગોડાઉન ઉપલબ્ધ થવાથી ખેત પેદાશોની ગુણવત્તા જળવાઈ રહે અને યોગ્ય સમયે વેચાણ કરી શકશે, જેથી ખેડૂતોને આર્થિક ફાયદો થાય અને જેના પરિણામે ખેતી વધુ નફાકારક બની શકે છે. ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના છે. |
| પાત્રતાના ધોરણો | રાજ્યનો કોઈ પણ ખેડૂત આજીવન એક વખત ખાતાદીઠ યોજનાનો લાભ લઈ શકે છે. ન્યૂનતમ ૩૩૦ ચોરસફૂટ વિસ્તારનું સ્ટ્રકચર બનાવવાનું રહે છે અને ઠરાવમાં દર્શાવ્યા મુજબના પાક સંગ્રહ સ્ટ્રક્ચરના સ્પેશીફિકેશન મુજબ તૈયાર કરવાનું રહે છે. સહાયની વિગતો ઠરાવને આધીન રહે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ખેડૂત લાભાર્થીને કુલ ખર્ચના ૩૦ ટકા અથવા રૂ. ૩૦,૦૦૦ બે માંથી જે ઓછુ હોય તે(બે હપ્તામાં: પ્રથમ હપ્તો: પ્લીન્થ લેવલનું કામગીરી પૂર્ણ થયે રૂ.૧૫૦૦૦ અને બીજો અને આખરી હપ્તો: પાક સંગ્રહ સ્ટ્રકચરનું સંપૂર્ણ કામગીરી પૂર્ણ થયે રૂ.૧૫૦૦૦ |
| અરજીની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર અરજી કરી તેની નિયત પધ્ધતિ અનુસરીને લાભ લેવાનો રહે છે. અરજી: આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર ઓન લાઇન અરજી કરવાની રહે છે<br>ઠરાવ: ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે (https://dag.gujarat.gov.in/government-resolutions-guj.htm) |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજના માટે સબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે, |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/CM-Pak-sangrah-structure-yojna-guj.htm** |

# ફળ-શાકભાજી વિક્રેતાઓને છત્રી વિતરણ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી/શેડ કવર પૂરા પાડવા માટે |
| પાત્રતાના ધોરણો | આ યોજનામાં લાભાર્થી દીઠ (એટલે કે એક આધારકાર્ડ દીઠ એક છત્રી) પુખ્ત વયની એક વ્યક્તિને છત્રી મળવાપાત્ર રહેશે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ૧. રેશનકાર્ડની નકલ<br>૨. આધારકાર્ડની નકલ<br>૩. ગ્રામ્ય વિસ્તાર માટે ગ્રામ સેવક/તલાટીનો ફળ/શાકભાજી/ફૂલ કે નાશવંત કૃષિ પેદાશોનું છૂટક વેચાણ કરતા હોવા અંગેનો દાખલો<br>૪. શહેરી વિસ્તાર માટે- ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન દ્વારા ઈસ્યુ કરેલ ફળ/ શાકભાજી/ફૂલ કે નાશવંત કૃષિ પેદાશોનું છૂટક વેચાણ કરતા હોવા અંગેનો દાખલો / ઓળખપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/Portal/Document/1_3224_1_Agri-GR-22-11062021.pdf** |

# પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન – જીવામૃત સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કીટમાં ૭૫ ટકા સહાયની યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત |
| પાત્રતાના ધોરણો | દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રાથમિકતા આપવાની રહેશે. ત્યારબાદ અન્ય ખેડૂતોને લાભ આપી શકાશે. આ અન્ય લાભાર્થી ખેડૂતોએ યોજનાનો લાભ મેળવ્યા બાદ જીવામૃત બનાવી પ્રાકૃતિક ખેતી કરવાની રહેશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/Portal/Document/1_2775_1_21-agri.pdf** |

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ભારત સરકારશ્રી દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેતી કરતા ખેડૂત કુટુંબને સહાયરૂપ થવા માટે ૧૦૦% કેન્દ્ર સહાયિત યોજના તરીકે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના જાહેર કરવામાં આવી છે. |
| **પાત્રતાના ધોરણો** | પતિ, પત્ની અને સગીર બાળકો (૧૮ વર્ષથી ઓછી વયના) કે જેઓ પૈકી કોઇ પણ વ્યક્તિગત કે સંયુક્ત રીતે પોતાની ખેડાણ લાયક જમીન ધરાવતા હોય (સંસ્થાકીય જમીનધારકો સિવાયના) અને તે પૈકીના કોઈ પણ સભ્ય સહાય મળવાપાત્ર નથી તે કેટેગરીમાં સમાવિષ્ટ ન હોય તેવા ખેડૂત કુટુંબ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂ.૬૦૦૦ સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના (ડી. બી.ટી.) માધ્યમથી મળવાપાત્ર થશે. જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચૂકવવામાં આવશે. |
| **અરજીની પ્રક્રિયા** | • ખાતેદાર ખેડૂતોએ પોતાના ગામમાં જ નક્કી થયેલ સર્વિસ પ્રોવાઇડર મારફત (https://www.digitalgujarat.gov.in/) પોર્ટલ પર ઓનલાઈન અરજી કરાવવી.<br>• સર્વિસ પ્રોવાઇડર જેવા કે વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિનીયોર (વી.સી.ઈ.), દૂધ મંડળી, સહકારી મંડળી, અન્ય કોઇ સરકારી અથવા સહકારી સંસ્થા/ વ્યક્તિ મારફત અરજી કરાવવી.<br>• આધારકાર્ડ તેમજ આધાર સીડેડ બેન્ક એકાઉન્ટની વિગત ફરજીયાતપણે આપવાની રહેશે.<br>• જમીન ધારક ખેડૂત કુટુંબ પૈકી લેન્ડ રેકોર્ડ પર નામ ધરાવતા વ્યક્તિ જો ગામમાં ન હોય અથવા ગામમાં રહેતા ન હોય તો તેમના વતી ખેડૂત કુટુંબ પૈકીના અન્ય પુખ્ત વ્યક્તિ એકરારનામું રજૂ કરી શકશે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | અરજીઓને ગ્રામસભામાં મંજૂરી મળેથી સહાયપાત્ર ગણાશે |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ખેડૂતનું નામ, ગામ, તાલુકો, આધાર નંબર, કેટેગરી, IFSC કોડ અને બેંક ખાતાની વિગતો. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/pm-kisan-guj.htm** |

# મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | આ યોજના હેઠળ ત્રણ જોખમોનો સમાવેશ થયેલ છે. (૧) અનાવૃષ્ટિ (દુષ્કાળ), (૨) અતિવૃષ્ટિ અને (૩) કમોસમી વરસાદ (માવઠું) |
| પાત્રતાના ધોરણો | સમગ્ર રાજ્યમાં રેવન્યુ રેકોર્ડમાં નોંધાયેલા તમામ ૮-અ ધારક ખેડૂત ખાતેદાર તથા ફોરેસ્ટ રાઈટ એક્ટ(Forest Right Act) હેઠળના સનદ ધારક ખેડૂત લાભાર્થી ગણાશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | • ખરીફ ઋતુમાં થયેલ પાક નુકશાન ૩૩ % થી ૬૦ % માટે રૂ.૨૦,૦૦૦ પ્રતિ હેક્ટર અને ૬૦ % થી વધુ પાક નુકશાન માટે રૂ.૨૫,૦૦૦ પ્રતિ હેક્ટર માટે વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં મળવાપાત્ર થશે. |
| અરજીની પ્રક્રિયા | • ખેડૂતોની અરજી ઓનલાઈન મેળવવા માટે લેન્ડ રેકોર્ડ સાથે તથા સી.એમ. ડેશબોર્ડ સાથે જોડાણ ધરાવતું PORTAL તૈયાર કરવામાં આવશે.<br>• મંજૂર થયેલ સહાય લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી DBT દ્વારા ચૂકવવામાં આવશે.<br>• લાભાર્થી ખેડૂતોનાં પ્રશ્નોનાં ઉકેલ માટે ગ્રીવન્સ રિડ્રેસલ મિકેનિઝમની વ્યવસ્થા ખાસ ઊભી કરવામાં આવશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/MMKSY-guj.htm** |



# કૃષિ યાંત્રિકીકરણ સહાય

## સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | કૃષિ યાંત્રિકીકરણ થવાથી ખેડૂત કુદરતી અમૂલ્ય સ્ત્રોત જેવા કે, જમીન અને પાણીનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ કરીને ઓછા ખર્ચે સારી ગુણવત્તાવાળુ અને વધુ ખેત ઉત્પાદન મેળવી શકે છે. |
| પાત્રતાના ધોરણો | લો ફાર્મ મિકેનાઈઝડ વિસ્તાર ધરાવતા રાજ્યના ૧૭ જિલ્લાના ૪૩ તાલુકાના કોઈપણ વર્ગના ખેડૂત આ યોજનાનો લાભ લઈ શકે છે. લાભાર્થી ખેડૂતે એમ્પેનલ કરેલ કંપનીના ઓજાર/ સાધન મોડલ માન્ય ડીલર પાસેથી ખરીદી કરવાની રહે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | તાલીમ, ચકાસણી અને નિર્દેશન દ્વારા કૃષિ યાંત્રિકીકરણને આગળ ધપાવવું.<br>પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીના નિર્દેશન, તાલીમ અને વહેંચણી.<br>ખેત ઓજાર / સાધન / સર સામગ્રી વસાવવા માટે નાણાકીય સહાય.<br>ટ્રેકટર / પાવર ટીલર (૨૦ બી.એચ.પી.) થી ચાલતા ખેત ઓજાર / સાધનો<br>ટ્રેકટર (૨૦ થી વધુ અને ૩૫ બી. એચ. પી.) થી ચાલતા ખેત ઓજાર / સાધનો<br>ટ્રેકટર (૩૫ થી વધુ બી. એચ. પી.) થી ચાલતા ખેત ઓજાર / સાધનો<br>માનવ / પશુ સંચાલિત દરેક ખેત ઓજાર / સાધન / ટૂલ્સ<br>પાક સંરક્ષણ સાધનો<br>કસ્ટમ હાયરીંગ માટે ફાર્મ મશીનરીની બેંક સ્થાપવા અંગે<br>હાઈ-ટેક, હાઈ પ્રોડકટીવ સાધનોનું હબ કસ્ટમ હાયરીંગ માટે ઊભા કરવા<br>પસંદગી પામેલ ગામોમાં કૃષિ યાંત્રિકીકરણને આગળ ધપાવવું.<br>કસ્ટમ હાયરીંગ સેન્ટર દ્વારા યાંત્રિકી કાર્ય પ્રતિ હેકટર આગળ ધપાવવા નાણાકીય સહાય. |
| અરજીની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર અરજી કરી તેની નિયત પધ્ધતિ અનુસરીને લાભ લેવાનો રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજના માટે સબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે, જેની માહિતી આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_Contacts.aspx) ઉપર ઉપલબ્ધ છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/farm-mechanization-guj.htm** |

# એ.જી.આર 2 (કૃષિ યાંત્રિકીકરણ)એસ.સી. અને એસ.ટી. સિવાયના ખેડૂતો માટેની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | કૃષિ યાંત્રિકીકરણનો વ્યાપ વધારવા માટે કેન્દ્ર પુરસ્કૃત "સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન" યોજના અમલમાં છે તે સિવાયના ૨૦૮ તાલુકામાં સામાન્ય વર્ગના (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાયના) ખેડૂતો માટે એ.જી.આર ૨ (કૃષિ યાંત્રિકીકરણ) યોજના હેઠળ સહાય આપવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | અનુ. જાતિ અને અનુ. જનજાતિ સિવાયનો રાજ્યનો કોઇ પણ ખેડૂત ("સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન" યોજના અમલમાં છે તે સિવાયના ૨૦૮ તાલુકાનો) આ યોજનાનો લાભ લઈ શકે છે.<br>ખાતા દ્વારા એમ્પેનલ થયેલ સાધન/કંપનીની ખરીદી કરવાની રહે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ખેડૂત ખાતેદાર યોજનાકીય ઠરાવને આધીન સરકારશ્રીના ઠરાવને આધીન આ યોજનાનો લાભ લઈ શકે છે. |
| અરજીની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર અરજી કરી તેની નિયત પધ્ધતિ અનુસરીને લાભ લેવાનો રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજના માટે સબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/farm-mechanization-guj.htm** |



# એ.જી.આર ૩ (કૃષિ યાંત્રિકીકરણ) એસ.ટી. ખેડૂતો માટેની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | કૃષિ યાંત્રિકીકરણનો વ્યાપ વધારવા માટે કેન્દ્ર પુરસ્કૃત "સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન" યોજના અમલમાં છે તે સિવાયના ૨૦૮ તાલુકામાં અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે એ.જી.આર ૩ (કૃષિ યાંત્રિકીકરણ) યોજના હેઠળ સહાય આપવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | અનુ. જન જાતિનો રાજ્યનો કોઈપણ ખેડૂત ("સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન" યોજના અમલમાં છે તે સિવાયના ૨૦૮ તાલુકાનો) આ યોજનાનો લાભ લઈ શકે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર અરજી કરી તેની નિયત પધ્ધતિ અનુસરીને લાભ લેવાનો રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજના માટે સબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/farm-mechanization-guj.htm** |



# એ.જી.આર 4 (કૃષિ યાંત્રિકીકરણ) એસ.સી. ખેડૂતો માટેની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | કૃષિ યાંત્રિકીકરણનો વ્યાપ વધારવા માટે કેન્દ્ર પુરસ્કૃત "સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન" યોજના અમલમાં છે. |
| પાત્રતાના ધોરણો | • અનુ. જાતિનો રાજ્યનો કોઇ પણ ખેડૂત ("સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન" યોજના અમલમાં છે તે સિવાયના ૨૦૮ તાલુકાનો) આ યોજનાનો લાભ લઇ શકે છે.<br>• ખાતા દ્વારા એમ્પેનલ કરેલ સાધન/ કંપનીમાંથી ખરીદી કરવાની રહે છે. |
| અરજીની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર અરજી કરી તેની નિયત પધ્ધતિ અનુસરીને લાભ લેવાનો રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજના માટે સબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/farm-mechanization-guj.htm** |



# એ.જી.આર. 50 યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ટ્રેક્ટરની અગત્યતાને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારશ્રીની ફાર્મ મિકેનાઇઝેશન વધારવાની કટિબધ્ધતા અને ખેડૂત સમાજ તરફથી માંગને પહોંચી વળવા રાજ્યની પ્લાન યોજના હેઠળ એ.જી.આર. ૫૦ ટ્રેક્ટર સહાયની યોજના શરૂ કરવામાં આવી છે.<br>રાજ્ય સરકારશ્રીએ ટ્રેક્ટરનું જે તે મોડેલ સમગ્ર રાજ્યમાં એકજ કિંમતે અને સ્પર્ધાત્મક ભાવો સાથે તમામ ખેડૂતોને ઉપલબ્ધ બને તે માટે વર્ષ ૨૦૧૪-૧૫થી ટ્રેક્ટરની કંપનીઓના મોડેલને એમ્પેનલમેન્ટ કરવામાં આવ્યું |
| પાત્રતાના ધોરણો | રાજ્યનો કોઇ પણ ખેડૂત આ યોજનાનો લાભ લઇ શકે છે.<br>ખાતા દ્વારા એમ્પેનલ થયેલ કંપનીનું એમ્પેનલ થયેલ મોડલ ખરીદીવાનું રહે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | • ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મોડેલના ખર્ચના ૨૫% અથવા રૂ.૪૫,૦૦૦ની મર્યાદામાં બેમાંથી જે ઓછુ હોય તે સરકાર માન્ય મોડેલ. ખાતા દીઠ વધુમાં વધુ એક માટે<br>• ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવરથી વધુ અને ૬૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મોડેલના ખર્ચના ૨૫% અથવા રૂ.૬૦,૦૦૦ની મર્યાદામાં બેમાંથી જે ઓછુ હોય તે સરકાર માન્ય મોડેલ. ખાતા દીઠ વધુમાં વધુ એક માટે |
| અરજીની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર અરજી કરી તેની નિયત પધ્ધતિ અનુસરીને લાભ લેવાનો રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજના માટે સબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/farm-mechanization-guj.htm** |

# ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું અકસ્માતે મૃત્યુ થાય કે કાયમી અંપગતા આવે તો તેના વારસદારને આર્થિક સહાય આપવાનો છે. |
| પાત્રતાના ધોરણો | વ્યક્તિગત કે સંયુક્ત નામે જમીન ધારણ કરનાર બધા જ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું અકસ્માતે મૃત્યુ કે કાયમી અપગંતાના કિસ્સામાં તેઓની ઉમર ૫ થી ૭૦ વર્ષની હોય તેમને યોજનામાં લાભ મળવાપાત્ર છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | • અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૨ લાખ<br>• અકસ્માતને કારણે બે આંખ / બે અંગ / હાથ અને પગ / એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૨ લાખ (આંખના કિસ્સામાં ૧૦૦% સંપૂર્ણ દ્રષ્ટિ જવી, હાથનાં કિસ્સામાં કાંડાથી ઉપરનો ભાગ તથા પગનાં કિસ્સામાં ઘૂંટણ ઉપરથી તદ્દન કપાયેલ હોય)<br>• અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦% લેખ રૂ. ૧ લાખ |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | અકસ્માતે મૃત્યુના કિસ્સામાં ખાતેદાર ખેડૂતના વારસદારે અને અકસ્માતે અપંગતાના કિસ્સામાં ખાતેદાર ખેડૂતે નિયત નમૂનામાં નીચે મુજબના સાધનિક કાગળો સહિતની અરજી મૃત્યુ તારીખથી ૧૫૦ દિવસની અંદર સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયતે કરવાની રહેશે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | • અકસ્માતે મૃત્યુ / કાયમી અપંગતા વીમા સહાય મેળવવા માટેની નિયત નમૂનાની અરજી પરિશિષ્ટ- ૧,૨,૩, ૩(A),૪,અને ૫<br>• ૭/૧૨, ૮-અ, ગામના નમુના નં.૬ (હક્ક પત્રક) (મૃત્યુ તારીખ પછીના પ્રમાણિત ઉતારા) પી.એમ. રીપોર્ટ એફ.આઇ.આર, પંચનામા રીપોર્ટ, પોલીસ ઇન્ક્વેસ્ટ પંચનામુ અથવા કોર્ટ હુકમ મૃતકનું મરણનું પ્રમાણપત્ર, ઉમરનો પુરાવો<br>• સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા કેસ એપ્રુવ કર્યા અંગેનો રીપોર્ટ<br>• કાયમી સંપૂર્ણ અપંગતાના કેસમાં મેડીકલ બોર્ડ/ સિવિલ સર્જનનું ફાઈનલ એસેસમેન્ટ દર્શાવતું પ્રમાણપત્ર તથા અપંગતા બતાવતો પોસ્ટકાર્ડ સાઇઝનો ફોટોગ્રાફ |

| | |
|---|---|
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | • મૃતક અકસ્માત સમયે વાહન ચલાવતા હોય તો તેમનુ વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ,<br>• બાંહેધરી પત્રક<br>• પેઢીનામુ<br>• વારસદારના કેસમાં અસલ પેઢીનામુ (પતિ / પત્ની વારસદાર ના હોય તેવા કિસ્સામાં)<br>• વીમા નિયામકશ્રી દ્વારા માંગવામાં આવે તે |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/farmers-accidental-insurance-scheme-guj.htm** |



# કિસાન પરિવહન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | કૃષિ ઉત્પાદન પરિવહન સરળ બનાવવાના અને રાજ્યના ખેડૂતો ગુડ્ઝ કેરેજ વાહન વસાવી શકે તે હેતુથી રાજ્યના ખેડૂતોને મિડીયમ સાઇઝના ગુડ્ઝ કેરેઝ વાહનની ખરીદી ઉપર નાણાકીય સહાય આપવાની યોજના શરૂ કરેલ છે. ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના છે. |
| પાત્રતાના ધોરણો | રાજ્યનો કોઇ પણ ખેડૂત આ યોજનાનો લાભ લઇ શકે છે.<br>પાંચ વર્ષમાં એક વખત ખાતાદીઠ સહાય લઇ શકે છે.<br>ખાતા દ્વારા એમ્પેનલ થયેલ કંપનીનું એમ્પેનલ થયેલ મોડલ ખરીદીવાનું રહે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | યોજના હેઠળ નીચે મુજબ સહાય આપવામાં આવે છે.<br>કેટેગરી<br>૧. નાના/સિમાંત/મહિલા/અનુ.જાતિ/ અનુ.જનજાતિના ખેડૂતોને : કુલ ખર્ચના ૩૫% અથવા રૂ.૭૫,૦૦૦ બે માંથી ઓછુ હોય તે કેટેગરી<br>૨. સામાન્ય/ અન્ય ખેડૂતોને : કુલ ખર્ચના ૨૫% અથવા રૂ.૫૦,૦૦૦ બે માંથી ઓછુ હોય તે |
| અરજીની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર અરજી કરી તેની નિયત પધ્ધતિ અનુસરીને લાભ લેવાનો રહે છે.<br>ખેડૂત ખાતેદાર યોજનાકીય ઠરાવને આધીન સરકારશ્રીના ઠરાવને આધીન આ યોજનાનો લાભ લઇ શકે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજના માટે સબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/kisan-parivahan-yojna-guj.htm** |

# આત્મા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | • કૃષિ વિસ્તરણ શિક્ષણની પ્રવૃતિઓ તથા નવા નવા સંશોધનો ખેડૂતોની જરૂરિયાત મુજબ ખેડૂતો સુધી પહોંચાડવા.<br>• ખેડૂતોની પોતાની ભાગીદારીથી પોતાની રીતે જ પોતે ઈચ્છે તે પ્રકારના નિર્ણયો લઈ શકે તે માટે સત્તાનું વિકેન્દ્રીકરણ  કરવું.<br>• કૃષિવિકાસ સાથે સંકળાયેલા તમામ સરકારી, અર્ધસરકારી, બિન સરકારી, વ્યાપારી ખેડૂત સંગઠનો તેમજ કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યઉદ્યોગ જેવા ખાતાઓનું સંકલન સાધવું. |
| યોજના અંતર્ગત મળતી સહાય | • આ યોજના હેઠળ રાજ્યના તમામ ખેડૂતો ગ્રામ્ય સ્તરે ફાર્મર્સ ઈન્ટરેસ્ટ ગૃપ (FIG) ની રચના કરી જે તે જિલ્લાના પ્રોજેકટ ડાયરેકટર, આત્મા મારફત રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રજીસ્ટર્ડ ફાર્મર્સ ગૃપના સભ્યો યોજનાકીય લાભો મેળવી શકે છે.<br>• કૃષિવિષયક તાલીમ - ખેડૂતોને જુદા જુદા વિષયોની તાલીમ જિલ્લાની અંદર, રાજ્યની અંદર તેમજ રાજ્ય બહાર આપવામાં આવે છે.<br>• નિદર્શન - કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવા સંશોધનો ફાયદાકારક છે કે કેમ તે જાણી શકે તે માટે ખેડૂતોના ખેતરમાં જુદા જુદા પાકમાં તેમજ જુદા જુદા વિષયના નિદર્શનો ગોઠવીને ખેડૂતોને પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવે છે.<br>• કિસાન પ્રેરણા પ્રવાસનું આયોજન - ખેડૂતો નવી ટેક્નૉલૉજી જાણે અને પોતાના ખેતરમાં અપનાવે તે માટે જિલ્લાની અંદર, રાજ્યની અંદર અને રાજ્ય બહારના પ્રેરણા પ્રવાસ આ યોજના હેઠળ યોજવામાં આવે છે.<br>• કૃષિમેળા / પ્રદર્શનનું આયોજન - ખેડૂતો નવી ટેક્નૉલૉજીની અદ્યતન જાણકારી મેળવી શકે તે માટે દરેક જિલ્લા અને રાજ્યકક્ષાએ જુદા જુદા પ્રદર્શન / કૃષિ મેળા યોજીને ખેડૂતોને પ્રત્યક્ષ બતાવવામાં આવે છે.<br>• ખેડૂત-વૈજ્ઞાનિક ગોષ્ઠિ - વૈજ્ઞાનિકશ્રીઓના સંશોધનો ખેડૂતો જાણી શકે અને તેમની જે સમસ્યાઓ છે તેની ચર્ચા વૈજ્ઞાનિકશ્રીઓ સાથે થઈ શકે તે માટે આ પ્રકારની કિસાન ગોષ્ઠિ પણ ગોઠવવામાં આવે છે.<br>• ખેડૂત શાળા - ખેડૂતથી ખેડૂત સુધીની તજજ્ઞતા વહનની પ્રક્રિયા માટે આ યોજનામાં ખેતર પર ચાલતી ખેતીની પાઠશાળા તરીકે ખેતર-શાળા (ફાર્મસ્કૂલ) ની જોગવાઈ છે. જેમાં જે તે પાકના સમયગાળામાં ૫-૬ વખત પ્રગતિશીલ ખેડૂતના ખેતરે આવી તાલીમ નિયમિત યોજવામાં આવે છે. જેમાં શિક્ષકો પણ સિધ્ધહસ્ત ખેડૂતો અને વિદ્યાર્થીઓ પણ ખેડૂતો હોય છે.<br>• બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ - ખેડૂતોને તેમની સિધ્ધિ બદલ બિરદાવવાની પણ યોજનામાં જોગવાઈ છે. ખેડૂતો પોતે પોતાની કોઠાસૂઝથી નવી નવી બાબતો અપનાવે અને પોતાની રીતે સારી કામગીરી કરે તેવા ખેડૂતોને બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ પણ આપવામાં આવે છે. તેમાં તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ રૂા.૧૦૦૦૦ થી ૫૦૦૦૦ સુધી એવોર્ડ આપવામાં આવે છે. |

| | |
|---|---|
| **અરજીની પ્રક્રિયા** | આ યોજના હેઠળ ગ્રામ્ય સ્તરે ખેડૂત રસ જૂથ (FIG)ની રચના કરવામાં આવે છે. આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર મારફત રજિસ્ટ્રેશન થયા બાદ આ રજિસ્ટર્ડ ફાર્મસ ગ્રૂપના સભ્યો મારફતે જ યોજનાકીય પ્રવૃતિઓ હાથ ધરવાની હોય છે. એક ગ્રુપમાં ૧૧ થી ૨૫ ખેડૂતો હોય છે. ગ્રુપ દીઠ રૂ.૨૫૦ નોંધણી ફી હોય છે. દરેક સભ્યદીઠ રૂ.૧૦ ફી લઈને નોંધણી કરાવી શકાય છે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | ગ્રામ્ય કક્ષાએ ફાર્મર ફ્રેન્ડ અથવા તાલુકા કક્ષાએ બ્લોક ટેક્નૉલૉજી મેનેજર કે સબ્જેક્ટ મેટર સ્પેશિયાલીસ્ટનો સંપર્ક કરવાથી માહિતી મળી શકે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/atma-schemes-guj.htm** |

## ટેકાના ભાવની યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા ખરીફ અને રવી પાકોની ટેકાના ભાવની ભલામણ કેન્દ્ર સરકારને કરવામાં આવે છે. જેના આધારે ભારત સરકારશ્રી દર વર્ષે મહત્ત્વના પાકોના ટેકાના ભાવો નિયત કરી તેની સામાન્ય રીતે જે તે પાકોના માર્કેટીંગ સીઝન અગાઉ જાહેરાત કરી તેની પ્રસાર માધ્યમો દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરે છે. |
| **પાત્રતાના ધોરણો** | રાજ્યના તમામ ખેડૂતો |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | જ્યારે ખેત પેદાશોના પ્રવર્તમાન ભાવો ટેકાના ભાવથી નીચા જાય ત્યારે કેન્દ્ર તથા રાજ્ય સરકારની નિયુક્ત નોડલ એજન્સી દ્વારા આવી નિયત ગુણવત્તા ધરાવતી ખેત પેદાશોની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવામાં આવે છે. આમ રાજ્યમાં ખેડૂતોને ખેતી ખર્ચ સામે આર્થિક રક્ષણ આપવામાં આવે છે. |
| **અરજીની પ્રક્રિયા** | ખેડૂતો આ યોજનાનો લાભ તેમના ખેત પેદાશોનું નોડલ એજન્સી દ્વારા ખોલવામાં આવેલ એ.પી.એમ.સી. સેન્ટર ખાતે ટેકાના ભાવે વેચાણ કરીને. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://agri.gujarat.gov.in/price-support-scheme-guj.htm** |

# સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | કૃષિ ઉત્પાદનલક્ષી શોધખોળને પ્રોત્સાહન મળે અને તેમાં વધુ વેગ આવે તે માટે તેમના યોગદાનની કદરરૂપે કૃષિના વિકાસમાં તેમના ફાળાને બિરદાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. |
| **પાત્રતાના ધોરણો** | આ યોજના હેઠળ ગુજરાતમાં ખેતી કરતા કોઈપણ પુરૂષ કે મહિલા ખેડૂત ભાગ લઈ શકે છે. પુરસ્કાર મેળવવા ઈચ્છતા ખેડૂત ભાઈ બહેનોએ નિયત કરેલ ઉમેદવારી ફોર્મમાં ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, ગાંધીનગરને નિયત કરેલ સમય મર્યાદામાં અરજી કરવાની હોય છે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | આ યોજના હેઠળ દર વર્ષે નિર્દિષ્ટ કરેલ છ ક્ષેત્રોમાં દરેક ક્ષેત્રોમાં પ્રથમ આવનાર એક- એક ખેડૂતને સમારંભ યોજી રૂ.૫૧૦૦૦ લેખે રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. આ ઉપરાંત આ યોજનામાં ભાગ લેનાર દરેક ક્ષેત્રમાંથી પાંચ પાંચ ખેડૂતો એટલે કે ત્રીસ ખેડૂતોને પ્રશંસાપત્ર આપી શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવશે. |
| **અરજીની પ્રક્રિયા** | ખેતી નિયામકશ્રીની કચેરીની વેબસાઈટ (https://dag.gujarat.gov.in/index-guj.htm) પર સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના માટે અરજી કરવા આ લીંક પર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે. SP Award Samanya Form -1 ● SP Award Sajiv Kheti Form -2 |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | • નજીકના તાલીમ અને મુલાકાત યોજનાના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી ખેતી અથવા<br>• મદદનીશ ખેતી નિયામક (વિસ્તરણ) પેટા વિભાગીય કચેરી, તાલીમ અને મુલાકાત યોજના અથવા નાયબ ખેતી નિયામક(વિસ્તરણ) તમામ.<br>• ખેતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગરનો સંપર્ક સાધવો. |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | • ૭/૧૨ અને ૮-અ માં અરજદારનું નામ હોવું<br>• આધાર કાર્ડની નકલ<br>• ઉત્પાદન અને આવકની આંકડાકીય માહિતી<br>• ફક્ત એક વિષયોની પસંદગી દર્શાવવી<br>• આનુસંગિક વિડીયોગ્રાફી/ફોટોગ્રાફી સામેલ રાખવા |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://dag.gujarat.gov.in/sardar-patel-agriculrure-research-award-guj.htm** |

# સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ગુજરાત સરકારે રાજ્યના દરિયા કિનારાના વિસ્તારોમાં આવેલ તાલુકાઓના વિકાસ માટે રાજ્યના ૧૩ (કચ્છ, અમદાવાદ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ભરૂચ, સૂરત, નવસારી, વલસાડ અને રાજકોટ) જિલ્લાઓના કુલ ૩૮ તાલુકાઓમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના સને ૨૦૦૭-૦૮થી અમલમાં મૂકી છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | દરિયા કિનારાના વિસ્તારોમાં સિંચાઈના લાભમાં વધારો, ક્ષાર આગળ વધતો અટકાવવો તેમજ ફળદ્રુપ જમીન બંજર થતા અટકાવવીને દરિયા નજીક પિવાના પાણીનો સંગ્રહ થશે અને ભુગર્ભ જળ રીચાર્જ કરવામાં આવે છે. જેથી દરિયા કિનારાના વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર અટકશે. જેમાં બંધારા, ભરતી નિયત્રંક, રીચાર્જ તળાવો, સ્પ્રેડીંગ ચેનલ, દરિયાઈ ધોવાણ અટકાવતી યોજના, સિંચાઈ યોજનાઓ અને ચેકડેમ તથા તળવો ઊંડા કરવાની કામગીરી કામોનો સમાવેશ થાય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | નર્મદા. જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://guj-nwrws.gujarat.gov.in/showpage.aspx?contentid=1475&lang=Gujarati** |



# રાજ્યના સૌરાષ્ટ્ર- કચ્છ વિસ્તાર માટે ડેરી વિકાસ યોજના

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | 1. રાજ્યના સૌરાષ્ટ્ર- કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો માટે વિવિધ માળખાકીય સુવિધાઓ જેવીકે, મિલ્ક પ્રોસેસીંગ પ્લાન્ટ, કેટલ ફીડ ફેકટરી, એરીયા સ્પેસીફીક મિનરલ મિક્ષર પ્લાન્ટ, સાઈલેજ બેલીંગ યુનિટ હાર્વેસ્ટર કમ ચોપર સાથે વગેરે.<br>2. ઉપરોકત યુનિટોની સ્થાપના થકી પશુને સમતોલ દાણ ઉપલબ્ધ થાય તેમજ પશુની દૂધ ઉત્પાદન ક્ષમતા વધે. દૂધ ઉત્પાદનના થનારા વધારાને પહોંચી વળવા સારું દૂધ પ્રોસેસીંગ પ્લાન્ટની ક્ષમતા વધે. |
| પાત્રતાના ધોરણો | રાજ્યના સૌરાષ્ટ્ર- કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો |
| યોજના અંતર્ગત મળતી સહાય | રાજ્યના સૌરાષ્ટ્ર- કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો માટે વિવિધ માળખાકીય સુવિધાઓ જેવી કે, મિલ્ક પ્રોસેસીંગ પ્લાન્ટ, કેટલ ફીડ ફેકટરી, એરીયા સ્પેસીફીક મિનરલ મિક્ષર પ્લાન્ટ, સાઈલેજ બેલીંગ યુનિટ હાર્વેસ્ટર કમ ચોપર સાથે વિગેરે માટે પ્રોજેક્ટ આઉટલેટ પૈકી યોજનાની શરતો અને બોલીઓ મુજબ રાજ્ય સરકારના ૮૦% ફાળો સહાય આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | પશુપાલન નિયામકશ્રી<br>સરનામું- બીજો માળ, કૃષિભવન, સેક્ટર -૧૦ એ, ગાંધીનગર |



# પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાણ સહાય

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | ગાભણ પશુના ગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ માસ એ પશુ તથા ગર્ભમાં રહેલ બચ્ચાના વિકાસ માટે અગત્યનો હોય છે. આ સમય દરમિયાન પશુને પોતાના શરીરની જાળવણી સાથોસાથ ગર્ભમાં રહેલ બચ્ચાના પોષણ માટે વધારાના સમતોલ આહાર અને માવજતની જરૂર રહે છે.<br>યોજના હેઠળ ગાભણ પશુને દાણ પુરુ પાડવાથી પશુના વિયાણ સમયના કે વિયાણ પછી થતા રોગો અટકાવી શકાય છે તેમજ વિયાણ પછી પશુના દૂધના ઉત્પાદનમાં સારો એવો વધારો મેળવી શકાય છે.<br>આ યોજના હેઠળ પશુધન માલિકોને ખાણદાણ તરીકે સહાય પૂરી પાડવાથી, તેમના પશુઓનું દૂધ ઉત્પાદન વધે છે અને પશુધન માલિકોનું જીવનધોરણ ઊંચુ આવે છે. |
| પાત્રતાના ધોરણો | રાજ્યના તમામ પશુપાલકો આ યોજનાનો લાભ લઈ શકે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિ.ગ્રા ખાણદાણ આપવામાં આવે છે. (૧૦૦ % લેખે સહાય) |
| યોજનાનો લાભ મેળવવા રજૂ કરવાના પૂરાવા/અન્ય શરતો | (૧) લાભાર્થી (કુટુંબ) દીઠ પ્રતિ વર્ષ એક ગાભણ પશુ માટે યોજનાનો લાભ મળવાપાત્ર રહે છે.<br>(૨) લાભાર્થીએ બારકોડેડ રેશન કાર્ડની નકલ, સરકાર માન્ય ફોટોવાળા ઓળખપત્રની નકલ, કૃત્રિમ બીજદાન/ કુદરતી સંવર્ધનથી પશુ ફેળવ્યાનું પ્રમાણપત્ર, પશુનું ગર્ભપરિક્ષણ અંગેનું પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીનું દિવ્યાંગતા અંગેના પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગો માટે) તથા જાતિનો દાખલો (અનુ. જાતિ તથા અનુ. જનજાજાતિના લાભાર્થી હોય તો) જેવા પૂરાવા રજૂ કરવાના રહે છે.<br>(૩) લાભાર્થીને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ઉત્પાદિત થયેલું ખાણદાણ વિતરણ કરવામાં આવે છે. |
| અરજી કરવાની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે પશુપાલકે https://ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, બીજો માળ, કૃષિ ભવન, ગાંધીનગર. |

# દૂધ ઘર/ ગોડાઉન બાંધકામ માટે સહાય

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | દૂધ મંડળી ખાતે આધુનિક ઢબે દૂધ સંપાદન થાય અને તે માટેના સાધનો મશીનરી વિગેરે સ્થાપિત કરી શકાય તેમજ પશુઓ માટેનો આહાર સંગ્રહી શકાય તથા સવાર સાંજ દૂધ સંપાદન માટેનો પુરતો અવકાશ રહે તેવું આદર્શ દૂધઘર/ગોડાઉન ઊભું કરવું |
| પાત્રતાના ધોરણો | રાજ્યની તમામ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી |
| યોજના અંતર્ગત મળતી સહાય | એકમ કિંમત (રૂ.૧૦,૦૦,૦૦૦/- સુધી) કે ખરેખર સ્થાપના માટે થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તેના ૫૦% ની મર્યાદામાં.<br>વધુમાં વધુ રૂ. ૫,૦૦,૦૦૦/- |
| યોજનાનો લાભ મેળવવા રજૂ કરવાના પૂરાવા/અન્ય શરતો | (૧) સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડિરેકટર પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/ દાખલો<br>(૨) દૂધઘર/ગોડાઉન માટે જરૂરી જમીનનો આધાર<br>(૩) આજીવન એક જ વખત લાભ મેળવી શકાશે. |
| અરજી કરવાની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ https://ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, બીજો માળ, કૃષિ ભવન, ગાંધીનગર. |

# પશુપાલકોના પશુઓ (ગાય/ભેંસ)ના વિયાણ બાદ ખાણદાણ સહાય યોજના

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | દૂધાળા પશુના વિયાણ પછીનો એક માસ એ પશુના આરોગ્ય માટે કટોકટીનો સમયગાળો હોય છે. આ સમય દરમિયાન પશુને ચયાપચય સબંધિત રોગ થતા હોય છે. તેથી આ સમય દરમિયાન પશુને યોગ્ય સમતોલ આહાર અને માવજતની ખાસ જરૂર હોય છે.<br>આ યોજના હેઠળ પશુપાલકને પશુના વિયાણ બાદ દાણ પુરુ પાડવાથી પશુના વિયાણ પછી થતા આવા ચયાપચય સબંધિત રોગો અટકાવી શકાય છે તેમજ વિયાણ પછી પશુના દૂધના ઉત્પાદનમાં સારો એવો વધારો મેળવી શકાય છે. આથી પશુધન માલિકોનું જીવનધોરણ ઊંચુ આવે છે. |
| પાત્રતાના ધોરણો | રાજ્યના તમામ પશુપાલકો આ યોજનાનો લાભ લઈ શકે છે |
| યોજના અંતર્ગત મળતી સહાય | લાભાર્થી દીઠ કુલ ૧૫૦ કિ.ગ્રા ખાણદાણ આપવામાં આવે છે. (૧૦૦ % લેખે સહાય) |
| યોજનાનો લાભ મેળવવા રજૂ કરવાના પૂરાવા/અન્ય શરતો | (૧) લાભાર્થી (કુટુંબ) દીઠ પ્રતિ વર્ષ એક ગાભણ પશુ માટે યોજનાનો લાભ મળવાપાત્ર રહે છે.<br>(૨) લાભાર્થીએ બારકોડેડ રેશન કાર્ડની નકલ, સરકાર માન્ય ફોટોવાળા ઓળખપત્રની નકલ, પશુ વિયાણ થયા અંગેનું સંબંધિત સરકારી પશુધન નિરિક્ષક (જિલ્લા પંચાયત અથવા રાજ્યકક્ષા કચેરી)નું પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીનું દિવ્યાંગતા અંગેના પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગો માટે) તથા જાતિનો દાખલો (અનુ. જાતિ તથા અનુ. જનજાજાતિના લાભાર્થી હોય તો) જેવા પુરાવા રજૂ કરવાના રહે છે.<br>(૩) લાભાર્થીને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ઉત્પાદિત થયેલું ખાણદાણ વિતરણ કરવામાં આવશે. |
| અરજી કરવાની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે પશુપાલકે https://ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, બીજો માળ, કૃષિ ભવન, ગાંધીનગર. |

# સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે 12 દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | ગ્રામ્ય કક્ષાએ પશુપાલન વ્યવસાયને આગવું મહત્વ આપી, પશુપાલનને ગ્રામ્ય રોજગારીનો આધારસ્તંભ બનાવી ખેડૂતોની આવક બમણી કરવા માટે નાણાકીય પ્રોત્સાહન થકી પશુપાલન વ્યવસાયને ગ્રામ્યકક્ષાએ વધુ વેગ આપવો |
| પાત્રતાના ધોરણો | તમામ પશુપાલકો તથા સ્વ સહાય જૂથને પણ મળવાપાત્ર થશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ૧૨ દુધાળા પશુઓની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર ૫ (પાંચ) વર્ષ સુધી સામાન્ય કેટેગરીના લાભાર્થીઓને ૭.૫ % વ્યાજ સહાય, તથા મહિલા, અનુ.જાતિ અને અનુ.જનજાતિના લાભાર્થીઓને ૮.૫% વ્યાજ સહાય, ગીર / કાંકરેજ માટે મહત્તમ ૧૨ % વ્યાજ સહાય<br>કેટલશેડના બાંધકામ પર ૫૦ % મહત્તમ રૂ.૧.૫૦ લાખ સહાય, ગીર / કાંકરેજ માટે ૭૫% મહત્તમ રૂ. ૨.૨૫ લાખ સહાય<br>પશુઓના સળંગ ત્રણ વર્ષના વિમાના પ્રિમિયમ પર ૭૫ % મહત્તમ રૂ.૪૩,૨૦૦/- ની સહાય, ગીર / કાંકરેજ પર ૯૦ % મહત્તમ રૂ. ૫૧,૮૪૦/- સહાય<br>ઈલેક્ટ્રિક ચાફકટર, ફોગર સિસ્ટમ અને મિલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના ૭૫% લેખે અનુક્રમે મહત્તમ રૂ. ૧૮,૦૦૦/-, રૂ. ૯,૦૦૦/-, અને રૂ. ૩૩,૭૫૦/- સહાય; ગીર / કાંકરેજ માટે યુનિટ કોસ્ટના ૯૦% લેખે અનુક્રમે મહત્તમ રૂ. ૨૧,૬૦૦/-, રૂ. ૧૦,૮૦૦/- અને રૂ. ૪૦,૫૦૦/- સહાય |
| યોજનાનો લાભ મેળવવા રજૂ કરવાના પૂરાવા/અન્ય શરતો | પશુખરીદી માટે રિઝર્વ બેંક માન્ય નાણાકીય સંસ્થા / બેંક/ ખેતી વિષયક સહકારી મંડળી પાસેથી ધિરાણ મેળવેલી હોવું જોઇએ<br>પોતાની માલિકીની, ભોગવટાની, લીઝ ઉપર જમીન મેળવેલી હોવી જોઇએ.<br>નિયત થયેલી શરતો મુજબનું બાંધકામ તથા સાધનોની ખરીદી થયેલી હોવી જોઇએ તથા તમામ શરતોનું પાલન થતું હોવું જોઇએ. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, બીજો માળ કૃષિ ભવન, ગાંધીનગર. |

# આદિજાતિ વિકાસ વિભાગ

## વનબંધુઓનો સર્વાંગી વિકાસ



# દૂધ સંજીવની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | આદિવાસી તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં જતા આદિવાસી બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવી, પોષણસ્તર સમૃધ્ધ બનાવી, બાળકોના આરોગ્યમાં સુધારો લાવવા |
| પાત્રતાના ધોરણો | ૨૬ આદિજાતિ તાલુકાઓના શાળાએ જતા આદિવાસી બાળકો |
| યોજના અંતર્ગત મળતી સહાય | વિદ્યાર્થીઓને ડેરીનું ૨૦૦ ગ્રામ ચોખ્ખુ દૂધ તેમાં ૩% ફેટ ૨૪ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૭ ગ્રામ પ્રોટીન, ૫૦૦ IU વિટામીન-એ અને ૪૦ IU વિટામીન-ડી ઉમેરીને શાળામાં દરરોજ વિદ્યાર્થીઓને નિયમિત અપાય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા કક્ષાની સહકારી ડેરીઓની મદદથી<br>શાળાના સ્તરે જ આ યોજનાનો લાભ આદિજાતિ વિદ્યાર્થીઓને પહોંચાડવામાં આવે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://tribal.gujarat.gov.in/doodh-sanjeevani-yojana?lang=Gujarati** |

# વનબંધુ કલ્યાણ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | ● રાજ્યના આદિવાસી વિસ્તારો અને રાજ્યના અન્ય વિસ્તારો વચ્ચે રહેલ આર્થિક અને સામાજિક અંતર દૂર કરવાનો સેતુરૂપ કાર્યક્રમનો પ્રયાસ<br>● આદિવાસી વિસ્તારોમાં માનવવિકાસ સૂચકાંકો તેમજ સામાજિક અને નાગરિક માળખાકીય સુવિધાઓનો વિકાસ<br>● આ કાર્યક્રમ ગુજરાત સરકાર, ભારત સરકાર અને ખાનગી ક્ષેત્રની વિવિધ યોજનાઓ માટેના ભંડોળનું સંયોજન કરવાની નેમ ધરાવે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | રોજગારીની તકો, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ, આર્થિક વિકાસ, આરોગ્ય, આવાસ, પીવાનું પાણી, સિંચાઈ, સાર્વત્રિક વીજળીકરણ,રસ્તાઓનું જોડાણ અને શહેરી વિકાસ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://tribal.gujarat.gov.in/vanbandhu-kalyan-yojana?lang=Gujarati** |

# ટેલેન્ટ પૂલ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | અનુસૂચિત જનજાતિના સારી પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાં વધુ અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા. |
| આવક મર્યાદા | ● વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦ સુધી લાભ પૂરેપૂરી સબસિડી<br>● રૂા. ૨ લાખ થી ૩ લાખ ૫૦ ટકા સબસિડી<br>● ૩ લાખ થી ઉપર કોઈ સબસિડી નહીં |
| પાત્રતાના ધોરણો | ધોરણ-૫ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ જેઓ પ્રવેશ પરીક્ષા પાસ કરીને અને ૬૦% કે તેથી વધુ ગુણ મેળવીને ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવવી શકશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ટેલેન્ટ પૂલ સ્કૂલ વાઉચર યોજના અંતર્ગત જે વિદ્યાર્થી 'અતિશ્રેષ્ઠ શાળાઓ' માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રૂ. ૮૦,૦૦૦ પ્રતિ વર્ષ ચૂકવાય છે. જ્યારે 'શ્રેષ્ઠ શાળાઓ' માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રૂ. ૬૦,૦૦૦ દર વર્ષે ચૂકવાય છે. જો શાળા ફી રૂ. ૬૦,૦૦૦ કરતા ઓછી હોય, તો બાકીની રકમ વિદ્યાર્થીને છાત્રવૃત્તિ તરીકે ચૂકવવાની રહેશે. જ્યારે ફી તેના કરતા વધારે હોય ત્યારે વાલીએ ચૂકવવી પડે છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://tribal.gujarat.gov.in/talent-pool-voucher-scheme?lang=Gujarati** |



# વિદ્યા સહાય યોજના (નિઃશુલ્ક સાયકલ)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | વિદ્યાર્થિનીઓએ ધોરણ ૮ પછી પણ શાળાકીય શિક્ષણ ચાલુ રાખવા. ઉપરાંત શાળા તેમના રહેવાના સ્થળથી થોડાક કિ.મી. દૂર હોય તો પણ અભ્યાસ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવા. |
| આવક મર્યાદા | આ યોજનાનો લાભ મેળવવા માટે પરિવારની વાર્ષિક આવક ગ્રામીણ વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦ સુધી અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦ સુધીની હોવી જોઈએ. |
| પાત્રતાના ધોરણો | ધોરણ ૯ માં અભ્યાસ કરવાનો ઈરાદો ધરાવતી આદિવાસી કન્યાઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | ધો. ૯માં અભ્યાસ કરતી આદિવાસી વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ ભેટ આપવામાં આવે છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આવકનું પ્રમાણપત્ર અને આદિજાતિનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક** **https://tribal.gujarat.gov.in/vidya-sadhna-yojana-free-bicycles?lang=Gujarati** |

# સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ (IDDP)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | ડેરી દ્વારા ગુજરાતના બી.પી.એલ. આદિજાતિ પરિવારો માટે ગતિશીલ આવક ઉત્પન્ન કરનારા સાહસમાં રૂપાંતરિત કરવું. |
| પાત્રતાના ધોરણો | આદિવાસી સમુદાયો |
| યોજના અંતર્ગત મળતી સહાય | આઈડીડીપી હેઠળ લાભાર્થીદીઠ રોકાણ આશરે રૂા.૮૦,૦૦૦ થી ૮૪,૦૦૦ થાય છે. અન્ય ફાયદાઓમાં જોડાણોને મજબૂત બનાવવું, લોન અને સબસિડી દ્વારા દૂધાળા પશુઓની ખરીદીની જોગવાઈ, પશુ આરોગ્ય અને સપોર્ટ સેવાઓ અને સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે નાણાકીય સહાય સામેલ છે. |
| | **સત્તાવાર લિન્ક** **https://tribal.gujarat.gov.in/iddp?lang=Gujarati** |

# ટેકનિકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્વામી વિવેકાનંદ શિષ્યવૃતિ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે આર્થિક સહાય |
| આવક મર્યાદા | ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ.૧,૫૦,૦૦૦ |
| પાત્રતાના ધોરણો | રાજ્યની સરકારી/સરકાર માન્ય ખાનગી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/ કેન્દ્રોમાં તાલીમ મેળવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ● રાજ્યની સરકારી/સરકાર માન્ય ખાનગી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/ કેન્દ્રોમાં તાલીમ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે.<br>● આઈ.ટી.આઈ. માટે રૂ.૪૦૦ માસિક<br>● ધંધાકીય એક વર્ષના કોર્ષ માટે રૂ.૪૦૦ માસિક |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આવકનું પ્રમાણપત્ર અને આદિજાતિનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://tribal.gujarat.gov.in/swami-vivekananda-scholarship-for-technical-and-vocational-courses?lang=Gujarati** |



# બકરા ઉછેર યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | અંતરિયાળ પ્રદેશમાં વરસાદનું પાણી ઓછા પ્રમાણમાં સંગ્રહ થતું હોવાથી તથા ઘાસચારો વિપુલ પ્રમાણમાં થતો ન હોવાના કારણે આવા વિસ્તારમાં વસતા આદિજાતિ લોકોના જીવન ધોરણમાં સુધારો કરવા બકરા-બકરીના યુનિટની સહાય આપી તેઓની આવક બમણી કરવા અર્થે બકરા ઉછેર યોજના અમલમાં છે. |
| પાત્રતાના ધોરણો | આ લાભ આજીવન એક જ વખત અને ફક્ત આદિજાતિની પુખ્તવયની મહિલા લાભાર્થીઓને મળવાપાત્ર છે |
| યોજના અંતર્ગત મળતી સહાય | ૧૦ બકરી અને ૧ બકરો ખરીદ કરવા રૂ. ૪૫૦૦૦/-સહાય |
| અમલીકરણ કચેરી | આદિજાતિ જિલ્લા કક્ષાએ સંબંધિત પ્રાયોજના વહીવટદારની કચેરી |
| અરજી સાથે રજૂ કરવાનાં થતાં પુરાવા | અરજદારે અરજી કરતા સમયે નીચે જણાવેલ પુરાવા રજૂ કરવા<br>1. લાભાર્થીનો પાસપોર્ટ સાઈઝ ફોટો<br>2. જાતિનો દાખલો<br>3. બેંક પાસબુકની નકલ<br>4. આધારકાર્ડની નકલ<br>5. રેશનકાર્ડ નકલ |
| અરજીની પ્રક્રિયા | આ યોજનામાં અરજી કરવા (https://dsagsahay.gujarat.gov.in)ની વેબસાઈટમાં જઈ ઓનલાઈન પ્રક્રિયા દ્વારા કરી શકાશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://dsag.gujarat.gov.in/honey-bee-keeping-project?lang=Gujarati** |

# માનવ ગરિમા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | અનુ. જનજાતિના લોકોને સ્વરોજગારી મેળવી સ્વાવલંબી બની શકે તે માટે માનવગરિમા યોજના અમલમાં છે. |
| આવક મર્યાદા | અનુસૂચિત જનજાતિના લોકો જેમની ગ્રામીણ વિસ્તારમાં વાર્ષિક કૌટુંબિક આવક રૂપિયા ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં વાર્ષિક રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની હોય. |
| પાત્રતાના ધોરણો | સ્વરોજગારી કરવા ઈચ્છતા અનુસૂચિત જનજાતિના યુવકો. |
| યોજના અંતર્ગત મળતી સહાય | અનુસૂચિત જનજાતિના લોકોને તેમના વ્યવસાય અનુસાર રૂ. ૫,૦૦૦ સુધીની કિંમતની ઓજારો/સાધન સામગ્રીની કીટ મળે છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આવકનું પ્રમાણપત્ર અને આદિજાતિનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://comm-tribal.gujarat.gov.in/manav-garima?lang=Gujarati** |



# કુંવરબાઈનું મામેરુ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | કન્યાના પિતાને દીકરીના લગ્ન પ્રસંગે આર્થિક મદદ કરવી |
| આવક મર્યાદા | અનુસૂચિત જનજાતિની જે કન્યાના માતાપિતાની વાર્ષિક આવક ગ્રામીણ વિસ્તાર રૂ. ૧,૨૦,૦૦૦થી ઓછી અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦થી ઓછી હોય તે પરિવાર |
| પાત્રતાના ધોરણો | અનુસૂચિત જનજાતિની કન્યાઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | કુટુંબની બે દીકરીના લગ્નપ્રસંગે સરકાર તરફથી રૂા. ૧૦,૦૦૦નો ચેક આપવામાં આવે છે. લાભાર્થીને ઈ-પેમેન્ટથી રૂા.૧૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આવકનું પ્રમાણપત્ર અને આદિજાતિનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://comm-tribal.gujarat.gov.in/kuvar-bai-nu-mameru?lang=Gujarati** |

# સાતફેરા સમૂહલગ્ન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | સમૂહલગ્નોને પ્રોત્સાહિત કરી, લગ્નોમાં થતા ખર્ચા ઓછા કરવા |
| આવક મર્યાદા | કુટુંબની વાર્ષિક આવક ગ્રામીણ વિસ્તારમાં રૂા.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં રૂા.૧,૫૦,૦૦૦થી ઓછી હોવી જોઈએ. |
| પાત્રતાના ધોરણો | અનુસૂચિત જનજાતિની કન્યાઓ અને તેમના પરિવાર |
| યોજના અંતર્ગત મળતી સહાય | સમૂહલગ્નમાં ભાગ લેનાર યુગલને રૂા.૧૨,૦૦૦ના મૂલ્યના નર્મદા શ્રીનિધિ સર્ટિફીકેટ આપવામાં આવે છે. આવા સમૂહલગ્ન ગોઠવનાર સંસ્થાને પ્રત્યેક યુગલ દીઠ રૂા.૩,૦૦૦ મળવાપાત્ર છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આવકનું પ્રમાણપત્ર અને આદિજાતિનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://comm-tribal.gujarat.gov.in/saath-phera-samuha-lagna-scheme?lang=Gujarati** |

# સ્વરોજગારી હેઠળ વ્યક્તિગત ધિરાણ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | આદિજાતિના યુવાનોને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરવા. |
| આવક મર્યાદા | અરજદારની કૌટુંબિક વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર રૂ.૧.૨૦ લાખ તેમજ શહેરી વિસ્તારમાં રૂ.૧.૫૦ લાખ થી વધુ ન હોવી જોઇએ. |
| પાત્રતાના ધોરણો | ● અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી તથા ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.<br>● અરજદાર સ્વરોજગારી યોજના હેઠળ લાભ મેળવવા માટે જે-તે હેતુ માટે નિયત કરેલ અનુભવ ધરાવતો હોવો જોઇએ. |
| યોજના અંતર્ગત મળતી સહાય | આ યોજના હેઠળ ગુજરાત રાજ્યના આદિજાતિના બેરોજગાર યુવાનો આર્થિક રીતે પગભર થાય તે હેતુથી જુદા-જુદા ધંધાઓ માટે રૂ.૫૦,૦૦૦ થી રૂ.૫,૦૦,૦૦૦ સુધી વાર્ષિક ૬%ના વ્યાજના દરે ધિરાણ મેળવી શકે છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | અરજદાર આદિજાતિના હોવા અંગે દાખલો/પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરેલ હોવું જોઇએ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://adijatinigam.gujarat.gov.in/swajano-dhiran-yojana** |



# વિદેશ અભ્યાસ અર્થે લોન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | આદિજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રેરિત કરવા |
| આવક મર્યાદા | આ યોજના હેઠળ કોઈ આવક મર્યાદા નથી. |
| પાત્રતાના ધોરણો | અરજદાર અનુસૂચિત જનજાતિનો લાયક ઉમેદવાર હોવો જોઈએ. અરજદારે મેટ્રીક્યુલેશન અથવા હાયરસેકન્ડરી અથવા ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષામાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ કે જેઓએ ઉચ્ચશિક્ષણ માટે વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ હોય. |
| યોજના અંતર્ગત મળતી સહાય | રૂ.૧૫ લાખ અથવા તાલીમનો જે ખર્ચ થાય તે બે માંથી જે ઓછુ હોય તે ૪ ટકાના વ્યાજના દરે સહાય. આ યોજનામાં વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ થયા બાદ છ માસ પછી લોનની રકમ કુલ-૬૦ હપ્તામાં ભરપાઈ કરવાની રહે છે. |
| અરજીની પ્રક્રિયા | આદિજાતિ પેટા વિસ્તારના વિદ્યાર્થીઓ/અરજદારોએ જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદારની ભલામણથી દરખાસ્ત મોકલવાની હોય છે. |
| અમલીકરણ કચેરી | ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ હોય તેના પુરાવા. અરજદાર આદિજાતિના હોવા અંગે દાખલો/પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરેલ હોવું જોઈએ |
| | **સત્તાવાર લિન્ક** **https://adijatinigam.gujarat.gov.in/loan-for-higher-studies-abroad** |

# કોમર્શિયલ પાયલોટ લાઈસન્સ / ટ્રેઈની પાયલોટ લોન

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | આદિજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રેરિત કરવા |
| આવક મર્યાદા | આ યોજના હેઠળ કોઈ આવક મર્યાદા નથી |
| પાત્રતાના ધોરણો | સંબંધિત કોમર્શિયલ પાયલોટ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ |
| યોજના અંતર્ગત મળતી સહાય | રૂા.૨૫ લાખ અથવા તાલીમનો જે ખર્ચ થાય તે બે માંથી જે ઓછુ હોય તે ૪ ટકાના વ્યાજના દરે. આ યોજનામાં વિદ્યાર્થીની તાલીમ પૂર્ણ થયા બાદ છ માસ પછી લોનની રકમ કુલ-૬૦ હપ્તામાં ભરપાઈ કરવાની રહે છે. જેનો વ્યાજનો દર વાર્ષિક ૪% છે . |
| અરજીની પ્રક્રિયા | • આદિજાતિ પેટા વિસ્તારના વિદ્યાર્થીઓ/અરજદારોએ જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદારશ્રીની ભલામણથી દરખાસ્ત મોકલવાની હોય છે.<br>• આદિજાતિ પેટા વિસ્તાર સિવાયના વિદ્યાર્થીઓ/અરજદારોએ તકેદારી અધિકારીશ્રીની કચેરી મારફતે રજૂ કરવાની હોય છે. |
| અમલીકરણ કચેરી | ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | સંબંધિત કોમર્શિયલ પાયલોટ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવેલા હોવા અંગેના પુરાવા અને અરજદાર આદિજાતિના હોવા અંગે દાખલો/પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરેલ હોવું જોઈએ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://adijatinigam.gujarat.gov.in/commercial-pilot-license-traini-loan** |

# મહિલા સશક્તીકરણ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | આદિજાતિની મહિલાઓનું આર્થિક સશક્તીકરણ |
| પાત્રતાના ધોરણો | ● અરજદાર અનુસૂચિત જનજાતિનો લાયક ઉમેદવાર હોવો જોઈએ. બી.પી.એલ. લાભાર્થી હોવો જોઈએ.<br>● અરજદાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો સભાસદ હોવો જોઈએ.<br>● આ યોજના હાલ ફક્ત પંચમહાલ ડેરી, બરોડા ડેરી, બનાસ ડેરી, સાબર ડેરી અને પીટીજી ગ્રુપ હેઠળ સુમુલ ડેરી તેમજ વાંસદા વસુધારા ડેરીની મંજૂર થયેલ યોજના હેઠળ તે વિસ્તારના કલસ્ટર વિસ્તારના ગામોના લાભાર્થી જ આ યોજનામાં સાંકળવામાં આવ્યા છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | રૂા.૨૦,૦૦૦ ધિરાણ અને વ્યાજનો દર ૪%. ૨૪ સરખા ત્રિમાસિક હપ્તાથી લોન ભરપાઈ કરવાની રહેશે. |
| અરજીની પ્રક્રિયા | આદિજાતિ વિસ્તારમાં આવેલ અનુસૂચિત જનજાતિની મહિલાઓ દૂધ મંડળીની સભ્ય હોય અને જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદારશ્રીઓની સ્પષ્ટ ભલામણ હોવી જરૂરી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આદિજાતિ વિસ્તારમાં આવેલ અનુસૂચિત જનજાતિની મહિલાઓ દૂધ મંડળીની સભ્ય હોય તેનો પુરાવો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://adijatinigam.gujarat.gov.in/women-empowerment-project** |



# સમરસ છાત્રાલય

| | |
|---|---|
| **યોજનાનો ઉદેશ / હેતુ** | અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ગુજરાતના મોટા શહેરોમાં અભ્યાસ કરવા માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારે સમરસ હોસ્ટેલની શરૂઆત કરી છે. રાજ્યના ૬ મહાનગરોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે નિવાસી સેવાઓ ઉપલબ્ધ કરવા માટે મેગા સમરસ હોસ્ટેલોનું નિર્માણ કરવું |
| **આવક મર્યાદા** | વાર્ષિક રૂ. ૬ લાખ |
| **પાત્રતાના ધોરણો** | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવા અને જમવાની પાયાની સુવિધા આપવામાં આવે છે. ઉપરાંત, વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ માટે ઈન્ટરનેટ કનેક્ટીવીટી, રહેવા જમવાની અદ્યતન સુવિધા તથા વોશિંગ મશીન, કોચીંગ ક્લાસ, કોમ્પ્યુટર રૂમ, લાઈબ્રેરી, ગેસ્ટ હાઉસ, કોમન રૂમ જેવી અદ્યતન સુવિધાઓ આપવામાં આવેલ છે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | નિયામક, આદિજાતિ વિકાસની કચેરી<br>બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | જાતિનો દાખલો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://tribal.gujarat.gov.in/samras-hostel?lang=Gujarati** |

# મફત તબીબી સહાય યોજના

<table>
<tr><td>યોજનાનો ઉદ્દેશ / હેતુ</td><td>અનુ. જનજાતિના લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેમજ દવા ઈન્જેકશન તથા પૌષ્ટિક આહાર મેળવી સ્વાસ્થ્યવર્ધક આરોગ્ય જાળવી શકે</td></tr>
<tr><td>આવક મર્યાદા</td><td>વાર્ષિક રૂ.૬ લાખ</td></tr>
<tr><td>પાત્રતાના ધોરણો</td><td>અનુ. જનજાતિના લોકોને આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવે છે.</td></tr>
<tr><td>યોજના અંતર્ગત મળતી સહાય</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>રોગનું નામ</th><th>સહાયતાના દર</th></tr>
<tr><td>૧</td><td>પ્રસુતિના ગંભીર કેસમાં</td><td>રૂ.૫૦૦ કેસ દીઠ</td></tr>
<tr><td>૨</td><td>સ્ત્રીઓને થતાં પાંડુરોગ માટે</td><td>રૂ.૧૫૦ કેસ દીઠ</td></tr>
<tr><td>૩</td><td>ક્ષય</td><td>રૂ.૫૦૦ દર માસે દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>૪</td><td>કેન્સર</td><td>રૂ.૧૦૦૦ દર માસે દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>૫</td><td>રક્તપિત્ત</td><td>રૂ.૮૦૦ કેસ દીઠ દર માસે દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>૬</td><td>H.I.V. / એઈડ્સ</td><td>રૂ.૧૦૦૦ દર માસે દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>૭</td><td>સિકલસેલ એનિમીયા</td><td>રૂ.૫૦૦ દર્દી દીઠ દર માસે દર્દ મટે ત્યાં સુધી</td></tr>
<tr><td>૮</td><td>થેલેસેમિયા</td><td>રૂ.૫૦૦ દર્દી દીઠ દર માસે દર્દ મટે ત્યાં સુધી</td></tr>
</table>
</td></tr>
<tr><td>અરજીની પ્રક્રિયા</td><td>સંબંધિત જિલ્લા કચેરી એ અરજી કરવાની રહે છે.</td></tr>
<tr><td>અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી</td><td>નિયામક આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર<br>સંબંધિત જિલ્લાના મદદનીશ કમિશનર<br>આદિજાતિ વિકાસ અધિકારી (ડાંગ / કચ્છ)</td></tr>
<tr><td>અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા</td><td>જાતિનો દાખલો, કુટુંબની આવકનો દાખલો, ડૉક્ટરનું સારવાર અને સમયગાળો દર્શાવતુ પ્રમાણપત્ર, રહેઠાણ અંગેનો પુરાવો</td></tr>
<tr><td></td><td>સત્તાવાર લિન્ક<br>https://tribal.gujarat.gov.in/assets/downloads/gr1_tribal_01092022.pdf</td></tr>
</table>

# સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

## વંચિતો વિકાસની વાટે



# સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુસૂચિત જાતિના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે કુટુંબમાં સભ્યનાં મૃત્યુ પ્રસંગે મૃતકના પાર્થિવદેહની મરણોત્તર ક્રિયા માટે કફન-કાઠીના ખર્ચને પહોંચી વળવા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. |
| આવક મર્યાદા | શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૬,૦૦,૦૦૦ |
| પાત્રતાના ધોરણો | ● મૃત્યુ પામનાર વ્યક્તિ તેમજ અરજી કરનાર અરજદાર ફક્ત અનુસૂચિત જાતિના હોવા જોઈએ.<br>● મૃત્યુના છ માસની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.<br>● અવસાન પામેલ વ્યક્તિનું મૃત્યુ નોંધણી પ્રમાણપત્ર ફરજિયાત રજૂ કરવાનું રહેશે.<br>● મરણ પામનાર વ્યક્તિના ઘરની કોઇ એક જ વ્યક્તિ તે સમયે લાભ લઈ શકશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | કુટુંબમાં સભ્યનાં મૃત્યુ પ્રસંગે મરણોત્તર ક્રિયા માટે રૂ.૫,૦૦૦ની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. |
| અરજીની પ્રક્રિયા | https://esamajkalyan.gujarat.gov.in એટલે કે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/ લાઈસન્સ/ ભાડાકરાર/ ચૂંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈ પણ એક)<br>● મરણનું પ્રમાણ પત્ર<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (અરજદારના નામનું)<br>● આધાર કાર્ડ<br>● વાર્ષિક આવકનો દાખલો<br>● સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ/પેટા જાતિનો દાખલો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=9cyj24SO56OQRQqKNJcUEg==** |

# કુંવરબાઈનું મામેરુ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુસૂચિત જાતિની કન્યાઓને તેમના લગ્નપ્રસંગે આર્થિક મદદ કરવાનો |
| આવક મર્યાદા | શહેરી અને ગ્રામ્ય માટે રૂા.૬,૦૦,૦૦૦ |
| પાત્રતાના ધોરણો | ● આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિઓને (ગુજરાત રાજ્યના મૂળ વતનીઓને) જ મળવાપાત્ર<br>● કુંટુંબની બે(૨) પુખ્તવયની કન્યાના લગ્ન પ્રસંગ સુધી આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર<br>● કન્યાની વયમર્યાદા લગ્ન સમયે ૧૮ વર્ષ અને યુવકની વય ૨૧ વર્ષ હોવી જોઈએ.<br>● લગ્નના બે વર્ષની અંદર સહાય માટે અરજી કરવાની રહેશે.<br>● સાત ફેરા સમૂહલગ્ન આયોજિત જિલ્લામાંથી કુંવરબાઇનું મામેરૂ યોજનાની સહાય મળવાપાત્ર થશે.<br>● સમૂહલગ્નમાં ભાગ લેનાર લાભાર્થી કન્યા સાત ફેરા સમૂહલગ્ન યોજના તેમજ કુંવરબાઇનું મામેરુ યોજનાની તમામ શરતો પરિપૂર્ણ કરતી હોય તો આ બંન્ને યોજનાઓ હેઠળ લાભ મેળવવા પાત્ર રહેશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | અનુસૂચિત જાતિની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ (તા. ૧/૪/૨૦૨૧ પછી લગ્ન કરનાર કન્યાને) સુધારેલા દર મુજબ રૂ.૧૨,૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે જયારે આ તારીખ પહેલા લગ્ન કરનાર કન્યાને જૂના દર મુજબ રૂ.૧૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. |
| અરજીની પ્રક્રિયા | https://esamajkalyan.gujarat.gov.in એટલે કે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● કન્યાનું આધાર કાર્ડ<br>● કન્યાના પિતા/વાલીનું આધાર કાર્ડ<br>● સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતિનો દાખલો<br>● સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ યુવકની જાતિનો દાખલો (જો હોય તો) |

| | |
|---|---|
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ● રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/ લાઈસન્સ/ ભાડાકરાર/ ચૂંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈ પણ એક)<br>● કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો<br>● લગ્ન નોંધણી પ્રમાણપત્ર<br>● લગ્ન નોંધણી સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ(લગ્ન વિજ્ઞપ્તિનું ફોર્મ)<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (કન્યાના નામ પાછળ પિતા/વાલીનું નામ હોય તે)<br>● સ્વ-ઘોષણા (Self-Declaration)<br>● જો પિતા હયાત ન હોય તો પિતાના મરણનો દાખલો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=duJMDyg6dmO007n6aojWGQ==** |



# માઈ રમાબાઈ સાત ફેરા સમૂહલગ્ન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ લોકો દ્વારા બિનજરૂરી ખર્ચ કરવામાં આવતો હોય છે. આવા પ્રસંગે તેઓ દેવું કરીને પણ ખર્ચ કરે છે અને પછી આર્થિક મુશ્કેલીઓ વેઠે છે. લોકો જો સમૂહલગ્નની પ્રથા અપનાવે તો લગ્નપ્રસંગે થતો બિનજરૂરી ખર્ચ નિવારી શકાય. |
| આવક મર્યાદા | શહેરી અને ગ્રામ્ય માટે રૂા.૬,૦૦,૦૦૦ |
| પાત્રતાના ધોરણો | ● આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિઓને (ગુજરાત રાજ્યના મૂળ વતનીઓને) જ મળવાપાત્ર છે.<br>● પુનઃ લગ્નના કિસ્સામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે નહી.<br>● કન્યાની વયમર્યાદા લગ્ન સમયે ૧૮ વર્ષ અને યુવકની વય ૨૧ વર્ષ હોવી જોઈએ.<br>● લગ્નના બે વર્ષની અંદર સહાય માટે અરજી કરવાની રહેશે.<br>● સાત ફેરા સમૂહલગ્ન આયોજિત જિલ્લામાંથી કુંવરબાઈનું મામેરૂ યોજનાની સહાય મળવાપાત્ર થશે.<br>● સમૂહલગ્નમાં ભાગ લેનાર લાભાર્થી કન્યા સાત ફેરા સમૂહલગ્ન યોજના તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજનાની તમામ શરતો પરિપૂર્ણ કરતી હોય તો આ બંન્ને યોજનાઓ હેઠળ લાભ મેળવવા પાત્ર રહેશે |
| યોજના અંતર્ગત મળતી સહાય | આર્થિક રીતે વિકાસ કરી શકે તે માટે સમૂહ લગ્નોમાં ભાગ લેનાર યુગલોને યુગલદીઠ રૂ.૧૨,૦૦૦ કન્યાના નામે અને આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ.૩,૦૦૦ લેખે વધુમાં વધુ રૂ. ૭૫,૦૦૦ની મર્યાદામાં પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે. |
| અરજીની પ્રક્રિયા | https://esamajkalyan.gujarat.gov.in એટલે કે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | **રજૂ કરવાના ડોક્યુમેન્ટ(સંસ્થાના)**<br>● જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સ.અ (અનુસૂચિત જાતિ) ને અગાઉથી લેખિત જાણ કરેલ હોય તે પત્ર<br>● સંસ્થાનું નોંધણી અંગેનું પ્રમાણપત્ર<br>● આમંત્રણ પત્રિકા / કંકોત્રી<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક |

| | |
|---|---|
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | **રજૂ કરવાના ડોક્યુમેન્ટ(યુગલના)**<br>● લગ્નની કંકોત્રી<br>● સમૂહ લગ્નના આયોજકોએ આપવાનું થતું પ્રમાણપત્ર<br>● કન્યાના પિતાનો આવકનો દાખલો. (સક્ષમ અધિકારીનો)<br>● યુવક /યુવતીના શાળા છોડયાના પ્રમાણપત્રો/ જન્મ નોંધણીનો દાખલો/ ઉંમરના પુરાવા/ સરકારી તબીબી પ્રમાણપત્ર. (કોઈપણ એક પુરાવો)<br>● જાતિનો દાખલો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=RDt/ArPgH6IJuoIfBWWT6g==** |



# કોમર્શિયલ પાયલોટ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુસૂચિત જાતિના લોકોની નબળી આર્થિક અને સામાજિક પરિસ્થિતિના કારણે તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ કોમર્શિયલ પાયલોટ બની આકાશની ઊંચી ઊડાનના સપનાઓ પૂરા કરવા. |
| આવક મર્યાદા | આવક મર્યાદા નથી. |
| પાત્રતાના ધોરણો | કોમર્શિયલ પાયલોટ માટે લાઈસન્સની ટ્રેનીંગ માટે તાલીમ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | કોમર્શિયલ પાયલોટ લાઈસન્સની ટ્રેનીંગ માટે તાલીમ મેળવવા ઈચ્છતા લાભાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવા રૂ.૨૫ લાખની લોન ૪%ના વ્યાજના દરે આપવામાં આવે છે. |
| અરજીની પ્રક્રિયા | જિલ્લા કક્ષાએથી અરજી ભલામણ સહ e-samajkalyan.gujarat.gov.in ઉપર મળ્યેથી નિયમોનુસાર નિયામક, અનુ. જાતિ કલ્યાણ મંજૂર કરે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | નિયામક, અનુ. જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| અરજી સમયે રજૂ કરવાના પુરાવા | ● અરજદારનું આધાર કાર્ડ<br>● અરજદારની જાતિ / પેટા જાતિનો દાખલો<br>● શાળા છોડ્યાનો દાખલો<br>● કુટુંબની કુલ વાર્ષિક આવકનો દાખલો<br>● રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/ લાઈસન્સ/ ભાડાકરાર/ ચૂંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈ પણ એક)<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (અરજદારના નામનું)<br>● જામીનદારના મિલકતના આધાર (૭/૧૨ ના ઉતારા - ઈન્ડેક્ષ)<br>● જામીનદારના મિલકતના વેલ્યુએશન સર્ટીફીકેટ<br>● સ્વીકૃતિ પત્ર (નિયત રૂ. 50 ના સ્ટેમ પર)<br>● એસ.એસ.સી. અથવા એથી આગળ કરેલ અભ્યાસની માર્કશીટ/ પ્રમાણપત્રો<br>● પરિશિષ્ટ -ખ વિદ્યાર્થીનું જાત - જામીનખત<br>● પરિશિષ્ટ-ડ વિદ્યાર્થીનું સોગંદનામુ |

| | |
|---|---|
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | • પરિશિષ્ટ - ઘ લોન ભરપાઇ કરવા માટે પાત્રતાનો દાખલો<br>• પાસપોર્ટ ( જો વિદેશમાં તાલીમ લેવાની હોય તો)<br>• વિઝા (જો વિદેશમાં તાલીમ લેવાની હોય તો)<br>• વિદેશમાં તાલીમ પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછા પાંચ વર્ષ ભારતમાં સેવા આપશે. તે અંગેની લેખિત બાંહેધરી રજૂ કરવી.(રૂ.૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર)<br>• પરિશિષ્ટ - ગ જામીનદારના જામીનખતનો નમૂનો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=AUMlFbT+dZA8gk4ZREqzzg==** |



# અનુસૂચિત જાતિ આદર્શ નિવાસી શાળા

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુ. જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવો |
| પાત્રતાના ધોરણો | ● આદર્શ નિવાસી શાળાઓમાં ધો. ૯ તથા ન્યુ એસ.એસ.સી. પછાતવર્ગના તેમજ અન્ય પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે નિયત કરેલ ટકાવારી પ્રમાણે પ્રવેશ મેળવી શકાશે.<br>● સમાજકલ્યાણ વિભાગની નિવાસી શાળામાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ, વિચરતી અને વિમુકત જાતિ તથા આર્થિક રીતે પછાત એવા સમાજના નબળા વર્ગોના વિદ્યાર્થીઓને સરકાર વખતોવખત નક્કી કરે તે ધોરણે દાખલ કરવામાં આવશે.<br>● જૂના વિદ્યાર્થી પૈકી બીજા વર્ષમાં નિવાસી શાળામાં ચાલુ રહેવા માંગતો હોય તો વિદ્યાર્થીએ છેલ્લા વર્ષની વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા બીજા વર્ગમાં પાસ થયેલ હોય તો જ પ્રવેશ માટે વિચારવામાં આવશે. આ પ્રવેશના નિયમો નિયમ-૪ ને આધીન રહેશે.<br>● ૫૦% કરતા ઓછા ગુણ મેળવ્યા હોત તે વિદ્યાર્થીઓને સરકારશ્રીએ છૂટછાટ આપી હોય તે સિવાય પ્રવેશ માટે પાત્ર ગણવામાં આવશે નહીં. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ આદર્શ નિવાસી શાળામાં રહેવા, જમવાની વ્યવસ્થા સાથે અભ્યાસ સુવિધા નિ:શુલ્ક મેળવે છે. |
| અરજીની પ્રક્રિયા | https://esamajkalyan.gujarat.gov.in એટલે કે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>સંબંધિત આચાર્ય, આદર્શ નિવાસી શાળા |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | જાતિનો દાખલો, ગત વાર્ષિક પરીક્ષાની માર્કશીટ, કુટુંબની વાર્ષિક આવકનો દાખલો, રહેઠાણનો પુરાવો, વિદ્યાર્થીનું આધારકાર્ડ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=s00jCrjkpZ9Or+e0KpGy7g==** |

# પંડિત દીનદયાળ આવાસ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | નબળી આર્થિક સ્થિતિને કારણે ઘરવિહોણા અનુ. જાતિ સમુદાયના લોકોને આવાસ માટે આર્થિક સહાય કરવાનો |
| આવક મર્યાદા | રૂા.૬,૦૦,૦૦૦ |
| પાત્રતાના ધોરણો | ● પોતાનું ઘર બનાવવા માંગતા અનુ. જાતિના ઘરવિહોણા લાભાર્થી<br>● લાભાર્થી પાસે પોતાની માલિકીનો ખુલ્લો અથવા કાચું ગાર માટીનું રહેવાલાયક મકાન ન હોય.<br>● અનુ. જાતિના લાભાર્થીમાં જે વ્યક્તિના નામે ભોંયતળિયે મકાન હોય તો તેના પ્રથમ માળે તેમના પુખ્ત પુત્ર કે ભાઈને જમીન કે મકાન માલિકની સંમતિથી આ યોજનાનો લાભ મળી શકે છે.<br>● લાભાર્થી કે તેના પરિવાર દ્વારા સરકારની અન્ય આવાસ યોજના હેઠળ લાભ લીધેલો ના હોય.<br>● ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલી સહાયની મકાનનું સંપૂર્ણ બાંધકામ પૂર્ણ ન થાય તો બાકીની રકમ લાભાર્થીએ પોતે ઉમેરી મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ● મકાન બાંધવા માટે રૂ.૧,૨૦,૦૦૦ ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવે છે.<br>● પ્રથમ હપ્તામાં રૂ.૪૦,૦૦૦<br>● બીજામાં - રૂ.૬૦,૦૦૦<br>● ત્રીજામાં- રૂ.૨૦,૦૦૦<br>● મકાન બાંધકામમાં ખર્ચ માટે રાજ્ય સરકારે ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૫,૦૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં માટે રૂ.૭,૦૦,૦૦૦ નિર્ધારીત કરેલી છે. |
| અરજીની પ્રક્રિયા | https://esamajkalyan.guj/-arat.gov.in એટલે કે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |

| | |
|---|---|
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ● અરજદારની જાતિ/પેટા જાતિનો દાખલો (આર્થિક પછાતવર્ગના અરજદારે જાતિનો દાખલો જોડવાની જરૂર નથી.), અરજદારનું લીવીંગ સર્ટીફીકેટ (શિક્ષિત હોય તો)<br>● આવકનો દાખલો<br>● અરજદારનો રહેઠાણનો પુરાવો (આધાર કાર્ડ/ વીજળી બિલ/ લાઇસન્સ/ ભાડાકરાર/ ચૂંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈપણ એક)<br>● કોઈ ગરીબી આવાસ યોજના હેઠળ જમીન/તૈયાર મકાન મળેલ હોય તે ફાળવણીના હુકમની, એલોટમેન્ટ લેટરની પ્રમાણિત નકલ.<br>● જમીન માલિકીનું આધાર/દસ્તાવેજ/અકારની પત્રક/હક પત્રક/સનદ પત્રક ( જે લાગુ પડતુ હોય તે )<br>● અરજદારને મકાન સહાય મંજૂર કરવા માટે ગ્રામપંચાયતના તલાટી ક્મ મંત્રી / સિટી તલાટી ક્મ મંત્રી / સર્કલ ઇન્સ્પેક્ટરે આપવાનું પ્રમાણપત્ર<br>● મકાન બાંધકામ કરવાની રજા ચિઠ્ઠી<br>● BPLનો દાખલો<br>● પતિના મરણનો દાખલો (જો વિધવા હોય તો)<br>● જે જમીન ઉપર મકાન બાંધવાનું છે, તે જમીનના ક્ષેત્રફળ જણાવતા ચતુર્દિશા દર્શાવતા નકશાની નકલ (તલાટી-કમ-મંત્રિશ્રી)ની સહીવાળી.<br>● પાસબુક / કેન્સલ ચેક<br>● અરજદારના ફોટો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=jtu7dLdS684MeWssTKGnpg==** |



# પાલક માતા પિતા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનાથ બાળકોને સારસંભાળ પરિવાર મળી રહે |
| આવક મર્યાદા | ગ્રામીણ વિસ્તાર માટે રૂા.૨૭,૦૦૦ થી વધુ અને શહેરી વિસ્તાર માટે રૂા.૩૬,૦૦૦થી વધુ આવક હોવી જોઈએ. |
| પાત્રતાના ધોરણો | ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ અનાથ બાળકો કે જેના માતા-પિતા હયાત નથી અથવા તો પિતાનું અવસાન થવાથી માતાએ પુન:લગ્ન કર્યા હોઈ તેવા નિરાધાર અનાથ બાળકોની સાર-સંભાળ લેતા નજીકના સગાને. |
| યોજના અંતર્ગત મળતી સહાય | બાળકોની સંભાળ રાખતા નજીકના સગાને માસિક રૂ.૩,૦૦૦ સહાય પેટે DBTથી ચૂકવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● બાળકનો જન્મનો દાખલો / શાળા છોડયાનું પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક<br>● બાળકના માતા-પિતાની મરણના દાખલાની પ્રમાણિત નકલ બિડવાનું રહશે.<br>● જે કિસ્સામાં બાળકના પિતા મરણ પામેલા હોય અને માતાએ પુન: લગ્ન કરેલ હોય તે કિસ્સામાં માતાનું પુન:લગ્ન કરેલ તે અંગેનું સોગંદનામું / લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર / તલાટી કમ મંત્રીનો દાખલો પૈકી કોઈ પણ એક.<br>● પુન:લગ્ન કરેલાનો પુરાવો<br>● બાળક અને પાલક માતાપિતાના સંયુક્ત બેંક ખાતાની પ્રમાણિત નકલ<br>● બાળકના આધારકાર્ડની નકલ<br>● પાલક માતાપિતાના રેશનકાર્ડની પ્રમાણિત નકલ<br>● બાળક હાલમાં જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તેના પ્રમાણપત્રની નકલ<br>● પાલક પિતા/માતાના આધારકાર્ડની નકલ પૈકી કોઈ પણ એક |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=wvyHwQpkjgLs9JIh2NydUQ==** |

# સંત સુરદાસ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને આર્થિક સહાય આપવા માટેની યોજના |
| પાત્રતાના ધોરણો | ● ૦ થી ૧૭ વર્ષની ઉંમરની વ્યક્તિ<br>● ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ<br>● ગ્રામ્ય વિસ્તારમાં બી.પી.એલ યાદીમાં ૦ થી ૨૦ નો સ્કોર ધરાવનાર તેમજ શહેરી વિસ્તારમાં ગરીબીરેખા હેઠળ જીવતી દિવ્યાંગ વ્યક્તિને મળવાપાત્ર છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | રૂ.૧૦૦૦ માસિક પેન્શન રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજકલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ/વીજળી બીલ/ડ્રાઈવિંગ લાઈસન્સ/આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ પૈકી કોઈપણ એક)<br>● ઉંમરનો પુરાવો (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મનો દાખલો(તલાટી/નગર પંચાયત રેકર્ડ ઉપરનો) પૈકી કોઈ પણ એક)<br>● દિવ્યાંગ ઓળખ કાર્ડ / સિવિલ સર્જનશ્રીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક<br>● બી.પી.એલ. સ્કોર અંગેનો દાખલો/ સુવર્ણ જયંતી કાર્ડ પૈકી કોઈપણ એક<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક પૈકી કોઈપણ એક |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=SpEAgVT9TM80xPDa//mXfw==** |

# દિવ્યાંગ લગ્ન સહાય યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | સમાજમાં દિવ્યાંગજનોને લગ્ન કરી અંગત પારિવારિક વિકાસની ભાવનાના વિકાસ માટે |
| **પાત્રતાના ધોરણો** | ● કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.<br>● આ યોજનાનો લાભ ફક્ત એક જ વખત (એક યુગલદીઠ) મળવાપાત્ર રહેશે.<br>● આ યોજના હેઠળની દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ આપવામાં આવે છે.<br>● આ યોજના હેઠળ લગ્ન થયાના બે વર્ષની અંદર સહાય મેળવવા અરજી કરવાની હોય છે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | આ યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યકિત લગ્ન કરે ત્યારે રૂ.૫૦,૦૦૦ + રૂ.૫૦,૦૦૦ મળીને કુલ રૂ.૧,૦૦,૦૦૦ તેમજ સામાન્ય/ વ્યકિતથી દિવ્યાંગ વ્યકિત લગ્ન કરે ત્યારે રૂ. રૂ.૫૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવે છે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ● કન્યા/કુમારનો સિવિલ સર્જનશ્રીનો દિવ્યાંગતાના દાખલાની પ્રમાણિત નકલ<br>● રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ/વીજળી બીલ/ડ્રાઈવિંગ લાઈસન્સ/આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ પૈકી કોઈપણ એક)<br>● અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર<br>● કન્યા/કુમારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર<br>● અરજદારનો સિવિલ સર્જનશ્રીનો દિવ્યાંગતાના દાખલાની પ્રમાણિત નકલ<br>● બંનેના સંયુકત લગ્ન વખતના ફોટા<br>● લગ્ન કંકોત્રી<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ અથવા રદ કરેલ ચેક<br>● લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=e+CNv1+6oej68yP1H8sZBw==** |

# ડૉ. આંબેડકર આવાસ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા ઘરવિહોણા લોકોને સમયબદ્ધ કાર્યક્રમ રૂપે તબક્કાવાર આવાસો પૂરા પાડવાનો છે. |
| આવક મર્યાદા | ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂ. ૬,૦૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક રૂ. ૬,૦૦,૦૦૦થી વધુ ન હોવી જોઈએ. |
| પાત્રતાના ધોરણો | ● લાભાર્થી દ્વારા અથવા લાભાર્થીના અન્ય કુટુંબના સભ્યો દ્વારા સરકારશ્રી દ્વારા અમલિત અન્ય કોઈપણ આવાસ યોજના હેઠળ લાભ લીધેલ ન હોવો જોઈએ.<br>● મકાનની સહાયની રકમ રૂ. ૧,૨૦,૦૦૦ રહેશે. વધુમાં શૌચાલય માટે જેમને રૂ. ૧૨,૦૦૦ની સહાય મળવાપાત્ર હોય તેમને અલગથી તે યોજનાના નિયમો પ્રમાણે મળવાપાત્ર થશે. પરંતુ, જો લાભાર્થીને શૌચાલય માટે સહાય ન મળવાપાત્ર હોય તો તેમણે ફરજિયાત રૂ.૧,૨૦,૦૦૦ ની સહાયમાંથી શૌચાલય બનાવવાનું રહેશે.<br>● મકાન બાંધકામની ટોચ મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ. ૧૦,૦૦,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૭,૦૦,૦૦૦ ની રહેશે. શહેરી વિસ્તારમાં Affordable Housing Scheme હેઠળ આપવામાં આવતી સહાયમાં ઉપરની ટોચ મર્યાદા લાગુ પડશે નહી<br>● મકાન સહાયના પ્રથમ હપ્તાની ચૂકવણી કર્યેથી ૨ વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.<br>● લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ રહેશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | જે વ્યક્તિઓ ખુલ્લો પ્લોટ ધરાવતા હોય, તદ્દન કાચું ગાર માટીનું, ઘાસપૂળાનું, કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર તથા મકાનની માલિકની સંમતિથી પ્રથમ માળ ઉપર મકાન બાંધવા માટે રૂ. ૧,૨૦,૦૦૦ ત્રણ હપ્તામાં સહાય ચૂકવવામાં આવે છે. તે પૈકી પ્રથમ હપ્તો - રૂ. ૪૦,૦૦૦ (વહીવટી મંજૂરીના હુકમ સાથે), બીજો હપ્તો-રૂ. ૬૦,૦૦૦ (લીન્ટલ લેવલે પહોંચ્યા બાદ) અને ત્રીજો હપ્તો - રૂ. ૨૦,૦૦૦ (શૌચાલય સહિતનું બાંધકામ પૂર્ણ થયેથી) આપવામાં આવે છે |
| અરજીની પ્રક્રિયા | https://esamajkalyan.guj/-arat.gov.in એટલે કે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. |

| | |
|---|---|
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,<br>સમાજ કલ્યાણ શાખા,<br>જિલ્લા પંચાયતની કચેરી. |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ● અરજદારનું આધાર કાર્ડ<br>● અરજદારનું રેશનકાર્ડ<br>● અરજદારની જાતિ/પેટા જાતિનો દાખલો<br>● અરજદારની કુલ વાર્ષિક આવકનો દાખલો<br>● રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/ લાયસન્સ/ ભાડાકરાર/ ચૂંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈ પણ એક)<br>● જમીન માલિકીનું આધાર/દસ્તાવેજ/અકારણી પત્રક/હક પત્રક/સનદ પત્રક ( જે લાગુ પડતુ હોય તે )<br>● બેંક પાસબૂકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (અરજદારના નામનું)<br>● પતિના મરણનો દાખલો (જો વિધવા હોય તો)<br>● જે જમીન ઉપર મકાન બાંધવાનું છે, તે જમીનના ક્ષેત્રફળ જણાવતા ચતુર્દિશા દર્શાવતા નકશાની નકલ (તલાટી-કમ-મંત્રીશ્રી)ની સહીવાળી<br>● ચૂંટણી ઓળખપત્ર<br>● મકાન બાંધકામ ચિઠ્ઠી<br>● સ્વ-ઘોષણા પત્ર (Self-Declaration)<br>● જે જગ્યાએ મકાન બાંધકામ કરવાનું હોય તે ખુલ્લો પ્લોટ/જર્જરિત મકાનનો ફોટો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=wq9yJJOft1lYsNrpPOIhhQ==** |

# ડૉ. સવિતાબહેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિની વ્યક્તિ અને હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યક્તિઓ વચ્ચેનાં લગ્ન દ્વારા અસ્પૃશ્યતા દૂર કરી સામાજિક સમરસતા લાવવાનાં ભાગરૂપે ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં  છે. |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા નથી. |
| પાત્રતાના ધોરણો | ● આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક વ્યકિત ગુજરાતના મૂળ વતની હોવા જોઈએ.<br>● આવા લગ્નની નોંધણી કરાવવાની રહેશે અને લગ્ન કર્યા બાદ બે વર્ષની અંદર આ યોજના માટે સહાય મેળવવા અરજી કરવાની રહેશે.<br>● આંતરજ્ઞાતિય લગ્ન કરનાર પરપ્રાંતની વ્યકિતના મા-બાપ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા હોવા જોઈએ.<br>● અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય તો તેણે જે તે પ્રાંત કે રાજ્યમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિન્દુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.<br>● વિધુર કે વિધવા જેને બાળકો ન હોય તેવી વ્યક્તિ જો પુનઃલગ્ન કરે તો આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર રહેશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | જેમાં રૂ.૧,૦૦,૦૦૦ ની સહાય પતિ-પત્નીના સંયુક્ત નામે નાની બચતમાં પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે તથા રૂ.૧,૫૦,૦૦૦ રકમ ઘરવપરાશના સાધનો ખરીદવા માટે એમ કુલ રૂ. ૨,૫૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે |
| અરજીની પ્રક્રિયા | ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની હોય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણની કચેરી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● અરજદારે છૂટાછેડા ક્યારે લીધા તે અંગેના દસ્તાવેજ (લગ્ન સમયે અરજદાર પરિણીત હોય તો)<br>● મરણનો દાખલો (લગ્ન સમયે અરજદાર વિધુર/વિધવા હોય તો)<br>● યુવક/યુવતીએ છૂટાછેડા ક્યારે લીધા તે અંગેના દસ્તાવેજ (લગ્ન સમયે યુવક/યુવતી પરિણીત હોય તો)<br>● મરણનો દાખલો (લગ્ન સમયે યુવક/યુવતી વિધુર/વિધવા હોય તો)<br>● અરજદારનું આધારકાર્ડ<br>● અરજદારની જાતિનું પ્રમાણ પત્ર |

| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● અરજદારનો શાળા છોડયાનો દાખલો<br>● યુવક/યુવતીનું જાતિનું પ્રમાણપત્ર<br>● યુવક/યુવતીનો શાળા છોડયાનો દાખલો<br>● રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/ લાઈસન્સ/ ભાડાકરાર/ ચૂંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈ પણ એક)<br>● લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (અરજદારના નામનું)<br>● એકરારનામુ<br>● લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ રજૂ કરવામાં આવતું ફોર્મ(લગ્ન વિજ્ઞપ્તિનું ફોર્મ) |
|---|---|
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=F346tpHtKWIL27Mpkoh97w==** |



# વિદેશ અભ્યાસ લોન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુ. જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ સ્નાતક પછીના અભ્યાસક્રમ માટે વિદેશ અભ્યાસ કરી પોતાની ઉચ્ચ કારકિર્દી બનાવવા આર્થિક સહાય આપવામાં આવે છે. |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા નથી. |
| પાત્રતાના ધોરણો | ● મૂળ ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.<br>● રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦% કે વધુ માર્કસ ધરાવતા હોવા જોઈશે. તેમજ તેઓ ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા, પી.એચ.ડી. તેમજ તમામ ક્ષેત્રના અન્ય એકથી વધુ વર્ષના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે |
| યોજના અંતર્ગત મળતી સહાય | અનુસૂચિત જાતિના લોકોની નબળી આર્થિક અને સામાજિક પરિસ્થિતિના કારણે અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જઈ શકતા નથી તેમને માટે આર્થિક મદદરૂપ થવા રૂ.૧૫ લાખની લોન ૪%ના વ્યાજના દરે આપવામાં આવે છે. |
| અરજીની પ્રક્રિયા | જિલ્લા કક્ષાએથી અરજી ભલામણ સહ ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કર્યા બાદ નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણ મંજૂર કરે છે. |





| | |
|---|---|
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,<br>બ્લોક નં.૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત. |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ● રહેઠાણના પુરાવા :(રેશનકાર્ડ/વીજળી બિલ /લાઈસન્સ/ભાડાકરાર/ચૂંટણી કાર્ડ)<br>● અરજદારની જાતિ/પેટા જાતિનો દાખલો ● શાળા છોડયાનો દાખલો<br>● શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો ● વિદ્યાર્થીનું સોગંધનામુ (અસલમાં)<br>● પાસપોર્ટ ● વિઝા ● એર ટીકીટ<br>● લોન ભારપાઇ કરવા અંગે પાત્રતાનો દાખલો<br>● રૂા.100/-ના સ્ટેમ્પ પર જામીનદારનું જામીનખતનો નમુનો પરિશિષ્ટ - ગ<br>● મિલકતના વેલ્યુએશન રીપોર્ટ<br>● મિલકતના આધાર(તાજેતરના 7-12 ના ઉતારા/ઈન્ડેક્ષ રજુ કરવી.)<br>● બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (અરજદારના નામનું) |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=e9WPBCeZRfxthgNWrYxGJA==** |

# માનવ ગરિમા યોજના

| | |
|---|---|
| **યોજનાનું નામ** | માનવ ગરિમા યોજના |
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | અનુસૂચિત જાતિના નાગરિકોને વિવિધ ૨૮ જેટલા નિશ્રિત વ્યવસાય કરવા માટે જરૂરી સાધન સહાય કીટના સ્વરૂપે આપવામાં આવે છે. જેથી તેઓ આર્થિક વિકાસ સાધી શકે. |
| **આવક મર્યાદા** | અનુસૂચિત જાતિના લોકો કે જેઓની વાર્ષિક મર્યાદા રૂ.૬,૦૦,૦૦૦ ધરાવતા હોય.<br>અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ માટે કોઇ આવક મર્યાદા નથી. |
| **પાત્રતાના ધોરણો** | ● અરજદારની વય મર્યાદા ૧૮ થી ૬૦ વર્ષ હોવી જોઇએ.<br>● અનુસૂચિત જાતિના લોકો કે જેઓની વાર્ષિક મર્યાદા રૂ.૬,૦૦,૦૦૦ ધરાવતા હોય.<br>● અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ માટે કોઇ આવક મર્યાદા નથી.<br>● લાભાર્થી દ્વારા અથવા લાભાર્થીના અન્ય કુટુંબના સભ્યો દ્વારા આ યોજના હેઠળ અગાઉ લાભ લીધેલ હશે તો પુન: આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર નથી. |

| | |
|---|---|
| **યોજના અંતર્ગત મળતી સહાય** | ● નાનો ધંધો-રોજગાર કરવા ઈચ્છુક હોય તેવી વ્યક્તિઓને સ્વરોજગારીના ધંધા- રોજગાર અનુરૂપ કિટ્સ આપવામાં આવે છે.<br>● કુલ -૨૮ પ્રકારના વ્યવસાય માટે ટૂલ કિટ્સ આપવામાં આવે છે.<br>● (કડીયાકામ, સેન્ટીંગ કામ, વાહન સર્વિસીંગ અને રીપેરીંગ, મોચીકામ, દરજીકામ, ભરતકામ, કુંભારીકામ, વિવિધ પ્રકારની ફેરી, પ્લમ્બર, બ્યુટી પાર્લર, ઈલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ, ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ, સુથારીકામ, ધોબીકામ, સાવરણી સુપડા બનાવનાર, દૂધ-દહી વેચનાર, માછલી વેચનાર, પાપડ બનાવટ, અથાણા બનાવટ, ગરમ, ઠંડા પીણા, અલ્પાહાર વેચાણ, પંચર કીટ, ફ્લોર મીલ, મસાલા મીલ, મોબાઈલ રીપેરીંગ, હેર કટીંગ / વાળંદ કામ) |
| **અરજીની પ્રક્રિયા** | https://esamajkalyan.gujarat.gov.in એટલે કે ઈ-સમાજ કલ્યાણ વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી.<br>જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ શાખા - જિલ્લા પંચાયતની કચેરી. |



| | |
|---|---|
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● આધાર કાર્ડ<br>● રેશન કાર્ડ<br>● રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/લાઈસન્સ/ભાડાકરાર/ચુંટણી કાર્ડ/પ્રોપર્ટી કાર્ડ, જમીનના દસ્તાવેજો પૈકી કોઈ એક)<br>● અરજદારની જાતિનો દાખલો<br>● વાર્ષિક આવકનો દાખલો<br>● અભ્યાસનો પુરાવો<br>● વ્યવસાયલક્ષી તાલીમ લીધેલી હોય તો તેનો પુરાવો<br>● બાંહેધરીપત્રક (નોટરાઈઝ સોગદનામું)<br>● એકરારનામું |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?ServiceID=pxyNbekz027Y9InS1N0d5w==** |

# દિવ્યાંગ સાધન સહાય યોજના

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | દિવ્યાંગોને શૈક્ષણિક , ધંધાકીય તથા દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો પૂરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુનઃ સ્થાપન થાય તે હેતુથી સાધન સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. |
| પાત્રતાના ધોરણો | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેવા વ્યક્તિને |
| યોજના અંતર્ગત મળતી સહાય | સાધન સહાય |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નિયામક સમાજ સુરક્ષા |

# દિવ્યાંગ વીમા સહાય યોજના

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | દિવ્યાંગ વ્યકિતઓ કે તેમના કુટુંબીજનને વીમા સહાય |
| આવક મર્યાદા | ૬,૦૦, ૦૦૦/- |
| પાત્રતાના ધોરણો | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ.<br><br>સમાજ સુરક્ષા ખાતાનું દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવનાર વ્યક્તિ. |
| યોજના અંતર્ગત મળતી સહાય | આ યોજના હેઠળ આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈ પણ રીતે લાભાર્થીનું મૃત્યુ થાય કે કાયમ દિવ્યાંગ બને તો આ યોજનાનો લાભ વિમા પોલિસીની શરતોને આધીન રહીને મળવા પાત્ર છે, જેમાં લાભાર્થીને રૂ.૧ લાખ સુધીનું વિમા કવચ નીચે મુજબ મળવાપાત્ર છે.<br><table><tr><td>ક્રમ નં</td><td>સહાયની વિગત</td></tr><tr><td>૧</td><td>અકસ્માતના કારણે મૃત્યુ /કાયમી,સંપૂર્ણ દિવ્યાંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા</td></tr><tr><td>૨</td><td>અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/ પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા(આંખના કિસ્સામાં આંખની સંપૂર્ણ ૧૦૦ ટકા દ્રષ્ટિ જવી, હાથના કિસ્સામાં કાંડાથી ઉપરનો ભાગ તથા પગના કિસ્સામાં ઘુંટણ ઉપરથી તદ્દન કપાયેલ હોવો જરૂરી છે)</td></tr><tr><td>૩</td><td>અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા</td></tr><tr><td>૪</td><td>અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા</td></tr></table> |
| અરજીની પ્રક્રિયા | અરજદાર તરફથી અકસ્માત મુત્યુ/ દિવ્યાંગતાની તારીખથી ૯૦ દિવસની અંદર નિયત નમૂનામાં આધાર પુરાવા સાથેની વળતરની અરજી નોડલ ઓફિસરને મળે તે તારીખથી દિન-૩૦ માં જરૂરી ચકાસણી કરી તેમનાં પ્રમાણપત્ર તથા જરૂરી તમામ દસ્તાવેજો સાથે વીમા નિયામકશ્રીની કચેરી/વીમા કંપનીને મોકલી આપવાની રહેશે. પરંતુ જો પ્રાથમિક તબક્કે આ યોજનાના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લેતા અરજી ગ્રાહ્ય રહી શકે તેમ હોય નહી તો યોજનાના સંબંધિત નોડલ અધિકારીએ તેની કક્ષાએથી જ ફરજીયાત નકારવાની રહેશે તથા તેની જાણ અરજદારને બારોબાર કરવાની રહેશે. આ રીતે નોડલ અધિકારીને દાવો નકારવાની સત્તા છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નિયામક સમાજ સુરક્ષા |

# ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | "એક છત હેઠળ તમામ જાતિના વિદ્યાર્થીઓ એકસાથે રહે" એ મુખ્ય ઉદ્દેશ છે. |
| આવક મર્યાદા | વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અનવ્યે નક્કી કરેલ વાર્ષિક રૂ. ૬ લાખ તેમજ વિદ્યાર્થીનીઓ માટે આવક મર્યાદા લાગુ પડશે નહી. |
| પાત્રતાના ધોરણો | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે પછાત સમુદાય તેમજ દિવ્યાંગ, વિધાવાના સંતાનો, અનાથ તથા અતિ પછાત એવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ |
| યોજના અંતર્ગત મળતી સહાય | વિના મૂલ્યે રહેવા તેમજ જમવાની વ્યવસ્થા |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી |



# પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

## ગામડાઓનો વિકાસ એજ ગુજરાતનો વિકાસ



# સરદાર આવાસ યોજના 1

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | ગુજરાત ગ્રામ્ય વિસ્તારમાં ગરીબીરેખા નીચે જીવન જીવતાં જમીન વિહોણા ખેત-મજૂરો તથા ગ્રામ્ય કારીગરો માટે રાજ્ય સરકારની ઘરથાળના નિ:શુલ્ક પ્લોટની યોજના સને ૧૯૭૨ થી અમલમાં છે. |
| પાત્રતાના ધોરણો | BPL યાદીનાં ૦ થી ૧૬ કેટેગરીના ઘર વિહોણા કુટુંબો<br>BLP યાદીનાં ૧૭ થી ૨૦ના પણ લાભાર્થીઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | સરકારી સહાય રૂ.૪૫,૦૦૦<br>પ્રથમ હપ્તો રૂ. ૨૧,૦૦૦ (એડવાન્સ)<br>બીજો હપ્તો રૂ. ૧૫,૦૦૦<br>ત્રીજો હપ્તો રૂ. ૯,૦૦૦ |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | કમિશનરશ્રી ગ્રામ વિકાસ<br>બ્લોક નં: 16/3 ડૉ. જીવરાજ મહેતા ભવન,<br>ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://panchayat.gujarat.gov.in/gu/sardar-aavas-yojna** |



# સરદાર આવાસ યોજના 2

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | બી.પી.એલ સિવાયના કાચા આવાસ ધરાવતા કુટુંબોને સહાય પૂરી પાડવી |
| પાત્રતાના ધોરણો | BPL યાદીનાં ૨૧ થી ૨૮ ગુણાંક ધરાવતા કુટુંબોને પાકુ આવાસ મળે તે માટે મકાનની યુનિટ કોસ્ટ રૂ.૧,૦૦,૦૦૦ સામે રૂ.૪૦,૦૦૦ સહાય |
| યોજના અંતર્ગત મળતી સહાય | સરકારી સહાય રૂ.૪૦,૦૦૦<br>પ્રથમ હપ્તો રૂ.૧૦,૦૦૦ (એડવાન્સ)<br>બીજો હપ્તો રૂ.૨૦,૦૦૦ (ટોઈલેટ સાથે)<br>ત્રીજો હપ્તો રૂ.૧૦,૦૦૦ |
| અમલીકરણ કચેરી | કમિશનરશ્રી ગ્રામ વિકાસ<br>બ્લોક નં: 16/3 ડો. જીવરાજ મહેતા ભવન,<br>ગાંધીનગર - 382 010 |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://panchayat.gujarat.gov.in/gu/sardar-aavas-yojna** |



# પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ** | રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ઘર વિહોણા લાભાર્થીઓને તથા કાચા અને જર્જરિત મકાનમાં રહેતા પરિવારોને પાયાની સુવિધાઓ સાથેનું પાકુ આવાસ પૂરું પાડવાનો પ્રધાનમંત્રી આવાસ યોજનાનો ઉદ્દેશ છે, પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) તા.૨૦-૧૧-૨૦૧૬થી અમલમાં મૂકવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને “પોતાના સ્વપ્નનું ઘર” મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | ● વર્ષ ૨૦૧૧માં વસ્તીગણતરીમાં નોંધાયેલા ઘરવિહોણા અથવા કાચું ઘર ધરાવતા કુટુંબોને પાકું ઘર આપવા માટે આ યોજના અંતર્ગત રૂ.૧,૨૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે.<br>● આ ઉપરાંત મનરેગા અંતર્ગત લાભાર્થીઓને પોતાનું મકાન બાંધવા માટે મનરેગા અંતર્ગત રૂ.૧૭,૯૧૦ અને શૌચાલય બાંધકામ માટે રૂ.૧૨,૦૦૦ની વધારાની સહાય<br>લાભાર્થીના ખાતામાં ફંડ ટ્રાન્સફર દ્વારા કુલ ૧,૨૦,૦૦૦ની સહાય પ્રથમ હપ્તો રૂ.૩૦,૦૦૦, બીજો હપ્તો રૂ. ૮૦,૦૦૦, ત્રીજો હપ્તો રૂ.૧૦,૦૦૦ આ સહાય આવાસ પૂર્ણ થતાં આપવામાં આવે છે. |
| **અમલીકરણ કચેરી** | કમિશનરશ્રી ગ્રામ વિકાસ<br>બ્લોક નં: 16/3 ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| | **સત્તાવાર લિન્ક**<br>**http://ruraldev.gujarat.gov.in/indira-awas-yojana-guj.htm** |



# મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (MG-NREGA)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ | બેરોજગારીના કારણે ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં આર્થિક સદ્ધરતાની ખોજમાં થતા સ્થળાંતરને રોકવા તેમજ સ્થાનિક ધોરણે જ આધારભૂત આર્થિક ટેકો પૂરો પાડવો. |
| પાત્રતાના ધોરણો | ગ્રામીણ કુટુંબનાં પુખ્ત વયનાં સદસ્યો કે જેઓ બિનકુશળ કામ કરવા ઈચ્છુક હોય તેવા દરેક કુટુંબને કુટુંબદીઠ દરેક નાણાકીય વર્ષમાં વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારી આપવામાં આવે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | રાજ્યના ગ્રામીણ વિસ્તારના પ્રત્યેક કુટુંબના પુખ્તવયના સભ્યો જે બિનકુશળ શારીરિક શ્રમ કરવા ઈચ્છુક હોય તેવા કુટુંબોને જીવનનિર્વાહની તકો વધે તે માટે MG-NREGA અંતર્ગત નાણાકીય વર્ષના ઓછામાં ઓછા ૧૦૦ દિવસના પ્રતિદિનના રૂપિયા રૂ.૨૫૬ લેખે ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર દ્વારા લાભાર્થીના બેંક ખાતામાં સીધી ચૂકવણી કરવામાં આવે છે. |
| અમલીકરણ કચેરી | કમિશનરશ્રી ગ્રામ વિકાસ<br>બ્લોક નં: ૧૬/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://ruraldev.gujarat.gov.in/mgnrega-guj.htm** |



# 15મુ નાણાપંચ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ● ૧૫મા નાણાપંચ અંતર્ગત રાજ્યની ગ્રામીણ પંચાયતીરાજ સંસ્થાઓને પાયાની માળખાગત સુવિધા પૂરી પાડવા માટે નાણાંકીય રીતે સક્ષમ બનાવવા ગ્રાંટની ફાળવણી કરવામાં આવે છે.<br>● પંચાયતો પોતાની સ્થાનિક જરૂરિયાત મુજબ માળખાગત સુવિધા પૂરી પાડવાના કામો હાથ ધરી શકે છે તેમજપીવાનું પાણી,પુરવઠો અને સ્વચ્છતાને લગતા કામો હાથ ધરી શકે છે. |
| પાત્રતાના ધોરણો | બંધારણીય જોગવાઈ હોઈ પંચ જે નક્કી કરે તે |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ |

# ઇ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી શહેરી વિસ્તારમાં મળતી ઈ-સેવાઓ જેવી ઈ-સેવાઓ ગ્રામકક્ષાએ મળી રહે |
| પાત્રતાના ધોરણો | તમામ ગ્રામજનો |
| યોજના અંતર્ગત મળતી સહાય | ઈ-સેવાઓ |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી,<br>વિકાસ કમિશનર કચેરી, પંચાયત વિભાગ |

# તિર્થગ્રામ પાવનગામ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદભાવના વધે, કોમી એખલાસની ભાવના વધુ પ્રબળ બને, ગામમાં એકતા જળવાય, ગામમાં ટંટા-ફરિયાદ ન રહે અને ગામનો સર્વાંગી વિકાસ થાય તેવા ગામના લોકોના પ્રયાસોને ઉત્તેજન આપવાનો હેતુ |
| પાત્રતાના ધોરણો | તમામ ગ્રામજનો |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર |

# નિર્મળ ગુજરાત 2.0

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | રાજ્યની નગરપાલીકા અને મહાનગરપાલીકા વિસ્તારના આજુ બાજુના મહત્તમ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના ઘન કચરાના નિકાલ અંગેની યોજના |
| આવક મર્યાદા | વ્યક્તિગત યોજના નથી |
| યોજના અંતર્ગત મળતી સહાય | નગરપાલીકા અને મહાનગરપાલીકા વિસ્તારના આજુ બાજુના મહત્તમ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના ઘન કચરાના નિકાલ કરી સ્વચ્છતા જળવવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | વિકાસ કમિશનર કચેરી,<br>બ્લોક નં. ૧૬, બીજોમાળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર |

# પંચવટી યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ગ્રામ્ય વિસ્તારમાં બાગ બગીચાનુ નિર્માણ કરી ગ્રામ્યજીવનમાં સુખાકારી વધારવાનો |
| યોજના અંતર્ગત મળતી સહાય | ગ્રામ્ય વિસ્તારમાં બાગ બગીચાનુ નિર્માણ કરી ગ્રામ્યજીવનમાં સુખાકારી વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે |
| પાત્રતાના ધોરણો | તમામ ગ્રામજનો |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | તાલુકા વિકાસ અધિકારીશ્રી |

# સમરસ ગ્રામ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મોટી હરીફાઈ ન થાય, ખર્ચાઓ ઓછા થાય, ગ્રામ્ય જીવનમાં અંદરોઅંદર મતભેદનું વાતાવરણ ન સર્જાય તે માટે ગ્રામ પંચાયતોમાં વ્યાપક સમજૂતીથી સર્વાનુમતે સરપંચ સહિત તમામ વોર્ડોની બેઠકોના સભ્યો બિનહરીફ થાય તેવો સુંદર ઉદ્દેશથી સમરસ ગ્રામ પંચાયત યોજના અમલમાં છે. |
| આવક મર્યાદા | લાગુ પડતું નથી |

| પાત્રતાના ધોરણો | બિનહરીફ થયેલ ગ્રામ પંચાયત |
|---|---|
| યોજના અંતર્ગત મળતી સહાય | પંચાયત વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૧ના ઠરાવ નીચે મુજબ પ્રોત્સાહક અનુદાનની રકમની ફાળવણી કરવા ઠરાવેલ છે. |

**સામાન્ય સમરસ**

| ક્રમ | વસ્તી | પ્રથમ વખત સામાન્ય સમરસ | સતત બીજી વખત સામાન્ય સમરસ બને તો | સતત ત્રીજી વખત સામાન્ય સમરસ બને તો | સતત ચોથી વખત સામાન્ય સમરસ બને તો | સતત પાંચમી વખત સામાન્ય સમરસ બને તો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) | ૩,૭૫,૦૦૦ (સી. સી.રોડ માટે રૂ. ૨ લાખ) કુલ રૂ. ૫,૭૫,૦૦૦ | ૪,૭૫,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રૂ. ૭,૭૫,૦૦૦ | ૫,૨૫,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રૂ. ૮,૨૫,૦૦૦ | ૫,૫૦,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રૂ. ૮,૫૦,૦૦૦ |
| ૨ | ૫૦૦૧ થી ૨૫૦૦૦ સુધી | ૪,૫૦,૦૦૦ (ચાર લાખ પચાસ હજાર) | ૫,૭૫,૦૦૦ (સી.સી.રોડ માટે રૂ. ૨ લાખ) કુલ રૂ.૭,૭૫,૦૦૦ | ૭,૦૦,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રા.૧૦,૦૦,૦૦૦ | ૭,૫૦,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રા.૧૦,૫૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ (વિકાસના કામો માટે રૂ.૩ લાખ) કુલ રા.૧૧,૦૦,૦૦૦ |

**મહિલા સમરસ**

| ક્રમ | વસ્તી | પ્રથમ વખત મહિલા સમરસ બને તો | સતત બીજી વખત મહિલા સમરસ બને તો | સતત ત્રીજી વખત મહિલા સમરસ બને તો | સતત ચોથી વખત મહિલા સમરસ બને તો | સતત પાંચમી વખત મહિલા સમરસ બને તો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૦૦૦ સુધી | ૪,૫૦,૦૦૦ (ચાર લાખ પચાસ હજાર) | ૫,૭૫,૦૦૦ (સી.સી.રોડ માટે રૂ. ૨ લાખ) કુલ રૂ. ૭,૭૫,૦૦૦ | ૭,૦૦,૦૦૦ વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રૂ.૧૦,૦૦,૦૦૦ | ૭,૫૦,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રા.૧૦,૫૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ (વિકાસના કામો માટે રા. ૩ લાખ) કુલ રૂ.૧૧,૦૦,૦૦૦ |
| ૨ | ૫૦૦૧ થી ૨૫૦૦૦ સુધી | ૭,૫૦,૦૦૦ (સાત લાખ પચાસ હજાર) | ૯,૫૦,૦૦૦ (સી. સી. રોડ માટે રૂ. ૨ લાખ) કુલ રૂ.૧૧,૫૦,૦૦૦ | ૧૧,૭૫,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રૂ.૧૪,૭૫,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રૂ.૧૫,૦૦,૦૦૦ | ૧૩,૦૦,૦૦૦ (વિકાસના કામો માટે રૂ. ૩ લાખ) કુલ રૂ.૧૬,૦૦,૦૦૦ |

| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | વિકાસ કમિશનર કચેરી, ગાંધીનગર |
|---|---|

# મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | મહિલાઓને જોઈન્ટ લાયેબીલીટી અર્નિંગ એન્ડ સેવિંગ જૂથ (JLESG ) માં જોડી, સરકારી બેંકો, ખાનગી બેંકો, સહકારી બેંકો અને ધિરાણ સંસ્થાઓ મારફત જૂથોને રૂ. ૧.૦૦ લાખ ધિરાણ આપી સ્વ રોજગારી અને આજીવિકા પૂરી પાડવી |
| આવક મર્યાદા | 0 |
| પાત્રતાના ધોરણો | મહિલા |
| યોજના અંતર્ગત મળતી સહાય | જૂથ દીઠ રૂ. ૧ લાખની વ્યાજ મુક્ત લોન |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગ્રામ્ય વિસ્તાર માટે - ગ્રામિણ વિકાસ વિભાગ<br>શહેરે વિસ્તાર માટે શહેરી વિકાસ વિભાગ |

# દીનદયાલ ઉપાધ્યાય - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | સામાજિક સંગઠનો દ્વારા મહિલાઓનું આર્થિક સશક્તિકરણ |
| પાત્રતાના ધોરણો | ગ્રામિણ મહિલાઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | રીવોલ્વવીગ ફંડ, કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ, કેશ ક્રેડિટ |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગુજરાત લાઈલીહુડ પ્રમોશન કંપની |

# સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય)

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તાર શૌચમુક્ત બને તેમના ઘન અને પ્રવાહી કચરાના નિકાલ વ્યવસ્થાપન કરી ગ્રામ્ય વિસ્તારની સુખાકારીમાં વધારો થાય. |
| **પાત્રતાના ધોરણો** | ગરીબી રેખા હેઠળ જીવન જીવતા કુટુંબો.<br>ગરીબી રેખા ઉપર જીવન જીવતા કુટુંબો.<br>અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ.<br>વિકલાંગ વ્યક્તિઓ. (દિવ્યાંજનોને માટે સલામત સુવિધાયુક્ત શૌચાલય નિશ્ચિત કરવા)<br>ઘરવાડીમાં આવેલા ઘરો સાથે જમીન વિહોણા શ્રમિકો.<br>નાના ખેડૂતો.<br>સીમાન્ત ખેડૂતો.<br>ઘરના વડા તરીકે સ્ત્રીઓ હોય તેવા કુટુંબો. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | રૂ.૧૨૦૦૦ |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | કમિશનર ગ્રામ વિકાસની કચેરી |





# ઉદ્યોગ અને ખાણ વિભાગ

# દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના

<table>
<tr><td>યોજનાનો ઉદ્દેશ / હેતુ</td><td>ગુજરાત સરકારશ્રીના કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકના ઈન્ડેક્ષ-સીમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આર્ટીઝન તરીકે નોંધાયેલા કારીગરોને કાર્યકારી મૂડી માટે સરળતાથી ઓછા વ્યાજે જરૂરિયાત મુજબનાં નાણા મળે તે માટે આ યોજના અમલમાં લાવવામાં આવી છે.</td></tr>
<tr><td>આવક મર્યાદા</td><td>આવક મર્યાદા નથી</td></tr>
<tr><td>પાત્રતાના ધોરણો</td><td>1. ૧૮ વર્ષથી વધુ.<br>2. કારીગર વિકાસ કમિશનર હેન્ડલુમ/ વિકાસ કમિશનર હેન્ડીક્રાફ્ટ / ઈન્ડેક્સ-સી દ્વારા અપાયેલ આર્ટીઝન તરીકેનું ઓળખપત્ર ધરાવતો હોવો જોઈએ.<br>3. કારીગર હાથશાળ કે હસ્તકલાની કારીગરીનો જાણકાર હોવો જોઈએ.<br>4. ખોડખાંપણ ધરાવતા વિકલાંગ / અંધ કારીગરો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.</td></tr>
<tr><td>યોજના અંતર્ગત મળતી સહાય</td><td>આ યોજનામાં લાભાર્થીને વાર્ષિક રૂ. ૧ લાખની મહત્તમ મર્યાદામાં મશીનરી અથવા વર્કિંગ કેપીટલ (કાચો માલ ખરીદવા માટે) અથવા બન્ને માટે ધિરાણ મળી શકશે.<br>આ યોજના હેઠળ બેંક દ્વારા મંજૂર થયેલ લોન ધિરાણ થયા બાદ નીચે મુજબ માર્જીન મની સહાય ચૂકવવાની રહેશે.
<table>
<tr><td colspan="2">માર્જીન મની સહાય</td></tr>
<tr><td>જનરલ કેટેગરી (પુરુષ)</td><td>અનામત કેટેગરી (અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ)/મહિલા/૪૦% કે તેથી વધુ અંધ કે અપંગ</td></tr>
<tr><td>૨૦%</td><td>૨૫%</td></tr>
</table></td></tr>
<tr><td>અરજીની પ્રક્રિયા</td><td>જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે (૧) રાષ્ટ્રીયકૃત બેંકો (૨) તમામ પ્રાદેશિક ગ્રામીણ બેંકો (૩) સહકારી બેંકો (૪) પબ્લિક સેક્ટર બેંકો (૫) ખાનગી બેંકોને લોન માટે અરજી</td></tr>
<tr><td>અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી</td><td>જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર</td></tr>
<tr><td>અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા</td><td>કારીગર વિકાસ કમિશનર હેન્ડલુમ/ વિકાસ કમિશનર હેન્ડીક્રાફ્ટ / ઈન્ડેક્સ-સી દ્વારા અપાયેલ આર્ટીઝન તરીકેનું ઓળખપત્ર આધારકાર્ડ</td></tr>
<tr><td></td><td>સત્તાવાર લિન્ક<br>http://cottage.gujarat.gov.in/eng/HomeGuj-28247221713D-282472242566-282472242566-282472</td></tr>
</table>

# શ્રવણ તીર્થ દર્શન  યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ગુજરાતમાં વસવાટ કરતા વરિષ્ઠ નાગરિકોને રાજ્યમાં આવેલા તીર્થસ્થાનોની યાત્રા માટે સરકારી સહાય પૂરી પાડવાનો છે. |
| પાત્રતાના ધોરણો | ૬૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા ગુજરાતમાં વસવાટ કરતા વડીલ નાગરિકો ઓછામાં ઓછા ૨૭ ના ગ્રુપમાં અરજી કરી શકશે |
| યોજના અંતર્ગત મળતી સહાય | ● ગુજરાતના યાત્રાધામોના ત્રણ રાત્રિ અને ત્રણ દિવસ (૭૨ કલાક) સુધીના પ્રવાસની મર્યાદામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર.<br>● એસટીની સુપર બસ (નોન એસી) ઉપરાંત એસટીની મિનિ બસ (નોન એસી), એસી કોચ, સ્લીપર કોચનું ભાડું અથવા ખાનગી બસનું ભાડું બંનેમાંથી જે ઓછું હોય તેની ૭૫% કે તેથી વધુ રકમની સહાય અપાશે.<br>● દરેક યાત્રીને ઉચ્ચક સહાય તરીકે વધુમાં વધુ રૂ.૩૦૦ની સહાય |
| અરજીની પ્રક્રિયા | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની વિભાગીય કચેરીઓ ખાતે લેખિતમાં અરજી કરી શકાય છે. પવિત્ર યાત્રધામ વિકાસ બોર્ડને ઓનલાઇન અરજી પણ કરી શકાય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની ૧૬ વિભાગીય કચેરીઓ.<br>પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ખાસ એક્ઝિક્યુટીવ |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આધારકાર્ડની નકલ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://yatradham.gujarat.gov.in/Documents/Scheme_2022-8-23_752.pdf** |

# શ્રી વાજપાઈ બેંકેબલ યોજના

**યોજનાનો ઉદ્દેશ / હેતુ**

આ યોજના હેઠળ ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બેરોજગાર વ્યક્તિઓને સ્વરોજગારી પૂરી પાડવાનો આશય રહેલો છે. અપંગ કે અંધ વ્યક્તિ પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

**આવક મર્યાદા**

આવક મર્યાદા નથી

**પાત્રતાના ધોરણો**

1. ઉંમર:૧૮ થી ૬૫ વર્ષ
2. શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછું ધોરણ-૪ (ચાર) પાસ અથવા તાલીમ/ અનુભવ: વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લીધેલી હોવી જરૂરી છે અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ હોવો જોઈએ અથવા વારસાગત કારીગર હોવા જોઈએ.

**યોજના અંતર્ગત મળતી સહાય**

બેંક મારફત લોન ધિરાણની મહત્તમ મર્યાદા:

1. ઉદ્યોગ ક્ષેત્ર માટે મહત્તમ રૂા.૮ લાખ.
2. સેવા ક્ષેત્ર માટે મહત્તમ રૂા.૮ લાખ.
3. વેપાર ક્ષેત્ર માટે મહત્તમ રૂા.૮ લાખ.
4. ધિરાણની રકમ ઉપર સહાયના દર: આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્ર માટે સહાયના દર નીચે મુજબ રહેશે.

| વિસ્તાર | જનરલ કેટેગરી | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/ માજી સૈનિક/મહિલા/૪૦% કે તેથી વધુ અંધ કે અપંગ |
|---|---|---|
| ગ્રામ્ય | ૨૫% | ૪૦% |
| શહેરી | ૨૦% | ૩૦% |

5. સહાયની મહત્તમ મર્યાદા:

| ક્રમ | ક્ષેત્ર | સહાયની રકમની મર્યાદા (રકમ રૂપિયામાં) | | |
|---|---|---|---|---|
| ૧ | ઉદ્યોગ | રૂા.૧,૨૫,૦૦૦ | | |
| ૨ | સેવા | રૂા.૧,૦૦,૦૦૦ | | |
| ૩ | વેપાર | જનરલ કેટેગરી | શહેરી | રૂા.૬૦,૦૦૦ |
| | | | ગ્રામ્ય | રૂા.૭૫,૦૦૦ |
| | | રીઝર્વ કેટેગરી | શહેરી/ ગ્રામ્ય | રૂા.૮૦,૦૦૦ |

નોંધ: અંધ કે અપંગ લાભાર્થીના કિસ્સામાં કોઈ પણ ક્ષેત્ર માટે મહત્તમ સહાય રૂા.૧,૨૫,૦૦૦ રહેશે.

**અરજીની પ્રક્રિયા**

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર  મારફતે ધિરાણ માટે અરજી

| | |
|---|---|
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | તાલીમનું પ્રમાણપત્ર/અનુભવનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**http://cottage.gujarat.gov.in/eng/HomeGuj-5E25726C3B65-282472242566-282472242566-5E2572#** |



# જ્યોતિ ગ્રામોધોગ વિકાસ યોજના

<table>
<tr><td>યોજનાનો ઉદ્દેશ / હેતુ</td><td>જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના (માર્જીન મની યોજના)માં ગ્રામીણ વસ્તીમાં આવક અને ઉદ્યોગ સાહસિકતાનું સ્તર ઊંચુ આવે અને ગ્રામીણ બેરોજગાર યુવાનો માટે રોજગારના વધુને વધુ નવા માર્ગો નિર્માણ પામે તે માટે વ્યકિતગત કારીગરો / ઉદ્યોગ સાહસિકો/ સ્વસહાય જૂથોને ગ્રામ્ય કક્ષાએ કે ૨૦૦૦૦ કે તેથી ઓછી વસ્તીવાળા નગરમાં રૂા.૧ લાખથી વધુ અને રૂા.૨૫ લાખ સુધીના નવા પ્રોજેકટ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લોન અરજી બેંક ભલામણ કરી બેંક મારફત ધિરાણ આપવામાં આવે છે</td></tr>
<tr><td>આવક મર્યાદા</td><td>કોઇ મર્યાદા નથી.</td></tr>
<tr><td>પાત્રતાના ધોરણો</td><td><table><tr><td>ઉમરઃ</td><td>લાભાર્થીની ઉમર ૨૫ થી ૫૦ વર્ષની હોવી જોઇએ.</td></tr><tr><td>શૈક્ષણિક લાયકાતઃ</td><td>ધોરણ ૧૦ પાસ અને નિયત ધંધાનો એક વર્ષનો અનુભવ.</td></tr></table></td></tr>
<tr><td>યોજના અંતર્ગત મળતી સહાય</td><td>
<ul>
<li>રૂા.૧ લાખથી વધુ અને રૂા.૨૫ લાખ સુધીના ઉત્પાદનલક્ષી નવા પ્રોજેકટને બેંક તરફથી ધિરાણ મંજૂર કરવામાં આવશે.</li>
<li>આ યોજનાના હેતુ માટે પરિયોજના ખર્ચમાં પ્લાન્ટ ખર્ચ, યંત્ર સામગ્રી ખર્ચ અને આ બન્ને ખર્ચના વધુમાં વધુ ૧૦ ટકા જેટલી કાર્યકારી મૂડીનો સમાવેશ થાય છે. પરિયોજના ખર્ચમાં જમીનની તથા મકાન બાંધકામની કિંમતનો સમાવેશ થશે નહીં.</li>
<li>પ્રોજેકટ પ્રવૃત્તિ માટે પ્લાન અને મશીનરીનું રોકાણ ઓછામાં ઓછું રૂા. ૫ લાખ હોવું જોઇશે.</li>
</ul>
નાણાકીય સહાયઃ
<table>
<tr><td>અ.નં.</td><td>લોનની રકમ</td><td>અનુ.જાતિ/અનુ. જનજાતિ/મહિલા/ શા.વિકલાંગ/મા. સૈનિક</td><td>અન્ય</td></tr>
<tr><td>૧</td><td>રૂ.૧૦ લાખ સુધી</td><td>૩૦ ટકા</td><td>૨૫ ટકા</td></tr>
<tr><td>૨</td><td>રૂ.૧૦ લાખ થી રૂ.૨૫ લાખ</td><td>રૂ.૧૦ લાખના ૩૦ ટકા + બાકીની રકમના ૧૦ ટકા</td><td>રૂ.૧૦ લાખના ૨૫ ટકા + બાકીની રકમના ૧૦ ટકા</td></tr>
</table>
</td></tr>
<tr><td>અરજીની પ્રક્રિયા</td><td>જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે ધિરાણ માટે અરજી</td></tr>
</table>

| | |
|---|---|
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | તાલીમનું પ્રમાણપત્ર/અનુભવનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**http://cottage.gujarat.gov.in/eng/HomeGuj-5E25723F**<br>**2E72-282472242566-282472242566-242566** |



# માનવ કલ્યાણ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ગરીબી રેખાની નીચે જીવતી વ્યકિતઓ/કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવી |
| આવક મર્યાદા | ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦ સુધી |
| પાત્રતાના ધોરણો | ૧. ઉમર: ૧૬ વર્ષથી ૬૦ વર્ષ<br>ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ વિભાગની ગરીબી રેખાની યાદીમાં સમાવેશ થયેલો હોવો ફરજીયાત છે. આ લાભાર્થીએ આવકનો દાખલો રજૂ કરવાનો રહેતો નથી. |
| યોજના અંતર્ગત મળતી સહાય | આ યોજનામાં આર્થિક રીતે પછાત વર્ગોના સમૂહને પૂરતી આવક અને સ્વરોજગાર ઊભા કરવા માટે ૨૮ ટ્રેડ માટે વધારાના ઓજારો/સાધનો આપવામાં આવે છે. |
| અરજીની પ્રક્રિયા | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે અરજી |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ વિભાગની ગરીબી રેખાની યાદીમાં સમાવેશ થયેલો હોવો ફરજીયાત છે. આ લાભાર્થીએ આવકનો દાખલો રજૂ કરવાનો રહેતો નથી. |
| | **સત્તાવાર લિન્ક**<br>**http://cottage.gujarat.gov.in/eng/HomeGuj-24256621713D-282472242566-282472242566-214079** |

# કૈલાસ માનસરોવર યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | કૈલાસ માન સરોવરની યાત્રા ખૂબજ કઠિન યાત્રા છે. સમગ્ર જીવનકાળ દરમિયાન એકવાર ગુજરાતના યાત્રાળુઓ લાભ લઈ શકે તે હેતુથી સહાય આપવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | તમામ જનરલ/એસ.સી/એસ.ટી/મહિલા/સિનિયર સિટિઝન/દિવ્યાંગ/અન્ય લાભાર્થી |
| યોજના અંતર્ગત મળતી સહાય | રૂા. ૫૦,૦૦૦/- |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર. |

# સિંધુ દર્શન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | સિંધુ દર્શન યાત્રા કરવા પ્રોત્સાહન મળે અને જીવનમાં ઓછામાં ઓછા એક વખત આ યાત્રાનો લાભ મેળવી કૃતાર્થ થઈ શકે તે આશ્રયથી ગુજરાતના યાત્રિકોને આર્થિક સહાય આપવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | તમામ જનરલ/એસ.સી/એસ.ટી/મહિલા/સિનિયર સિટિઝન/દિવ્યાંગ/અન્ય લાભાર્થી |
| યોજના અંતર્ગત મળતી સહાય | રૂ.૧૫૦૦૦ની સહાય |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર |

# મહિલા અને બાળ કલ્યાણ વિભાગ

## સુપોષિત મહિલા અને સ્વસ્થ બાળ



# ગંગા સ્વરૂપા બહેનોના પુનઃવસવાટ માટે આર્થિક સહાય

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ગંગા સ્વરૂપા બહેનોના પુનઃવસવાટ માટે આર્થિક સહાય |
| **આવક મર્યાદા** | ગ્રામીણ વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦ |
| **લાભાર્થીનો પ્રકાર** | ૧૮ થી ૫૦ વર્ષની વય જૂથ ધરાવતી વિધવા મહિલા |
| **પાત્રતાના ધોરણો** | વિધવા બહેનો આર્થિક રીતે  સ્વાવલંબી બને તે માટે ૧૮ થી ૫૦ વર્ષની વય જૂથ ધરાવતી વિધવાઓને સહાય સાથે વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. |
| **યોજના હેઠળ મળતી સહાયઃ** | લાભાર્થીને નજીકના કૌશલ્યવર્ધન કેન્દ્રમાં જે ટ્રેડની તાલીમ લેવા માગતા હોય તેની તાલીમ આપવામાં આવે છે અને તેને લગતા સાધનો કિટ સ્વરૂપે આપવામાં આવે છે. |
| **મંજૂરીની પ્રક્રિયા** | સહાય મેળવતા લાભાર્થીઓ પૈકી ૧૮ થી ૫૦ વય જૂથની મહિલાઓને મહિલા બાળ અધિકારીશ્રી દ્વારા નજીકના કૌશલ્યવર્ધન કેન્દ્રમાં વર્ગનું આયોજન કરી લાભાર્થી જે કોર્સની તાલીમ લેવા માગતા હોય તેની તાલીમ આપવામાં આવે છે. |
| **અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી** | • નિયામકશ્રી, મહિલા કલ્યાણ , કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.<br>• જિલ્લા સ્તરે : મહિલા બાળ અધિકારીની કચેરી |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર** | ઉંમરનો દાખલો, વિધવા હોવાનો દાખલો, આધાર કાર્ડ અથવા ચૂંટણી કાર્ડ અને વિધવા સહાય મેળવતા હોય તે પાસબુકની નકલ |
| | **સત્તાવાર લિન્ક**<br>https://wcd.gujarat.gov.in/initiativedetails?id=238 |

# ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક સહાય યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | વિધવાઓનું આર્થિક સ્વાવલંબન |
| **આવક મર્યાદા** | ગ્રામીણ વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦ અને<br>શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦ |
| **લાભાર્થીનો પ્રકાર** | વિધવા મહિલા |
| **પાત્રતાના ધોરણો** | આ યોજના હેઠળ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરની વિધવા મહિલા |
| **યોજના હેઠળ મળતી સહાય** | માસિક રૂ. ૧૨૫૦ લાભાર્થીના પોસ્ટ ખાતામાં સીધા જમા થાય છે. |
| **મંજૂરીની પ્રક્રિયા:** | ફોર્મમાં જણાવેલ પુરાવા અને વિગત સાથેનું ફોર્મ ભરી તાલુકા મામલતદારને રજૂ કરવાનું હોય છે. મામલતદારશ્રી દ્વારા ચકાસણી કરી સહાય મંજૂર કરવામાં આવે છે. |
| **અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી** | નિયામકશ્રી, મહિલા કલ્યાણ , કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.<br>જિલ્લા સ્તરે : મામલતદારશ્રી, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીની કચેરી |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર** | વિધવા બહેનનો ફોટો, રેશન કાર્ડની નકલ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, પતિના મૃત્યુનો દાખલો, ચૂંટણી કાર્ડ/આધાર કાર્ડ, લાઈટ બીલ, જન્મ પ્રમાણપત્ર, વિધવા હોવા અંગેનો દાખલો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=231** |

# ટેક હોમ રાશન

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ૬ માસ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ અને આરોગ્ય સ્તરમાં સુધારો લાવવો. |
| **પાત્રતાના ધોરણો** | આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા ૬ માસથી ૬ વર્ષના બાળકો અને સગર્ભા, ધાત્રી માતાઓ. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | • ૬ માસથી ૩ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને દર માસે THR તરીકે બાલશક્તિના ૫૦૦ ગ્રામના ૭ પેકેટ<br>• ૬ થી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને દર માસે THR તરીકે બાલશક્તિના ૫૦૦ ગ્રામના ૧૦ પેકેટ<br>• ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને અઠવાડિયાના છ દિવસ આંગણવાડી કેન્દ્રમાં સવારનો ગરમ નાસ્તો, બપોરનો ગરમ નાસ્તો તેમજ અઠવાડિયામાં ૨ દિવસ ફળ<br>• ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને દર માસે THR તરીકે બાલશક્તિના ૫૦૦ ગ્રામના ૪ પેકેટ<br>• સગર્ભા, ધાત્રી માતાઓને દર માસે THR તરીકે માતૃશક્તિના ૧ કિલોગ્રામના ૪ પેકેટ |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | આંગણવાડી કેન્દ્ર / બાળ વિકાસ યોજના અધિકારી |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=240** |

# મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | સગર્ભા બહેનો અને બાળકોના પોષણ અને આરોગ્ય સ્તરમાં સુધારો લાવવો |
| પાત્રતાના ધોરણો | પ્રથમ સગર્ભા અને જન્મથી ૨ વર્ષના બાળકની માતા.<br>• આધારકાર્ડ<br>• ટેકો આઈડી<br>• આંગણવાડીમાં નોંધણી ફરજીયાત |
| યોજના અંતર્ગત મળતી સહાય | પાત્રતા ધરાવતા લાભાર્થીઓને દર માસે મળતી સહાય:<br>ચણા - ૨ કિલો<br>તુવર દાળ - ૧ કિલો<br>સિંગતેલ - ૧ લીટર |
| અરજીની પ્રક્રિયા | પાત્રતા ધરાવતા લાભાર્થીની નોંધણી આંગણવાડી કેન્દ્રો પરથી થાય છે તેમજ લાભાર્થી જાતે પણ ઓનલાઇન એપ્લીકેશન કરી રજિસ્ટ્રેશન કરાવી શકે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આંગણવાડી કેન્દ્ર / બાળ વિકાસ યોજના અધિકારી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આધાર કાર્ડ અને મમતા કાર્ડ (ટેકો આઇ.ડી) |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=292** |

# પોષણ સુધા યોજના (સ્પોટ ફિડિંગ પ્રોગ્રામ )

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | રાજ્યના પસંદ કરેલા ગામો / બ્લોક / જિલ્લાના તમામ સગર્ભા અને ધાત્રી માતાઓમાં પાંડુરોગમાં ઘટાડો તેમજ તેઓની પોષણ સ્થિતિ અને પ્રસૂતિના પરિણામોમાં સુધારો લાવવાનો છે. |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા નથી |
| લાભાર્થીનો પ્રકાર | સગર્ભા અને ધાત્રી માતા (૬ માસ સુધીના બાળકની માતા) |
| પાત્રતાના ધોરણો | સગર્ભા અને ધાત્રી માતાઓ (૬ માસ સુધીના બાળકની માતા) |
| યોજના હેઠળ મળતી સહાય | રોજ એક વખત સંપૂર્ણ ભોજન + IFA & CA Tablet  આપવામાં આવે છે |
| મંજૂરીની પ્રક્રિયા | રાજ્યના ૫ જિલ્લાઓ (દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા) ૬ આદિજાતિ તાલુકાઓ (ગરબાડા, ધાનપુર, કપરાડા, કવાંટ, કડાણા, ડેડીયાપાડા) અંતર્ગતની આંગણવાડીમાં નોંધાયેલી સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | • નિયામકશ્રી, સંકલિત બાળ વિકાસ યોજના<br>• આંગણવાડી કાર્યકર, નજીકનું આંગણવાડી કેન્દ્ર |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | આંગણવાડી કાર્યક્રમ દ્વારા પ્રક્રિયા કરવામાં આવતી હોવાથી કોઈ આધાર પુરાવાની જરૂર નથી |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=294** |

# પૂર્ણા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | સ્વવિકાસ અને સક્ષમીકરણ માટે કિશોરીઓને સમર્થ બનાવવી, કિશોરીઓની પોષણ અને આરોગ્યની સ્થિતિ સુધારવી, આરોગ્ય સ્વચ્છતા અને પોષણને લગતી જાગૃતિને ઉત્તેજન આપવું, શાળાએ ના જનાર કિશોરીઓને પરંપરાગત શાળા અને વચગાળાનાં શીખવાનાં કૌશલ્ય તાલીમ કાર્યમાં સફળતાથી જોડવી, કિશોરીનાં ઘરેલું અને જીવન કૌશલ્ય સુધારવા, વર્તમાન જાહેરસેવાઓ વિષે માહિતી આપવી. |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા લાગુ પડતી નથી. |
| લાભાર્થીનો પ્રકાર | આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલી કિશોરીઓ |
| પાત્રતાના ધોરણો | • ૧૫-૧૮ વર્ષની શાળા એ ન જતી<br>• ૧૫-૧૮ વર્ષની શાળા એ જતી |
| યોજના હેઠળ મળતી સહાય | • પૂર્ણાશક્તિના (૧ક્લિોનાં) ૪ પેકેટ દર માસનાં ૪ મંગળવારે<br>• પૂરક આર્યન અને ફોલીક એસિડ (આઈ.એફ.એ.)<br>• આરોગ્ય તપાસ અને રેફરલ સેવા<br>• પરંપરાગત શાળામાં વચગાળાના/કોર્ષ કૌશલ્યવર્ધક તાલીમમાં જોડીને શાળાએ ના જનાર<br>• જીવન કૌશલ્યનું શિક્ષણ, ઘરવ્યવસ્થાપન<br>• જાહેર સેવા માટે માર્ગદર્શન |
| મંજૂરીની પ્રક્રિયા | કેન્દ્રો આંગણવાડી કેન્દ્રોઓમાં નોંધાયેલી હોવી જોઈએ |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | ● નિયામકશ્રી, સંકલિત બાળ વિકાસ યોજના<br>● કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર<br>● ઝોન કક્ષા : વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી જિલ્લા કક્ષા : પ્રોગ્રામ ઓફિસર જિલ્લા પંચાયત<br>● તાલુકા : બાળ વિકાસ યોજના અધિકારી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | કોઈ પણ પુરાવાની જરૂર નથી |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=275** |

# વ્હાલી દીકરી યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | દીકરીઓના જન્મદરમાં વધારો કરવા, શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા તેમજ બાળલગ્ન પ્રથા અટકાવવાના ઉદ્દેશ્યથી આ યોજના અમલી બનાવવામાં આવેલ છે |
| આવક મર્યાદા | દંપતીની (પતિ-પત્નિની સંયુક્ત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે રૂ.૨ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ |
| પાત્રતાના ધોરણો | ● તા.૦૨/૦૮/૨૦૧૯ (તા.૦૧/૦૮/૨૦૧૯ મધ્યરાત્રી ૧૨:૦૦ કલાક પછી) કે ત્યારબાદ જન્મેલ દીકરીને લાભ મળવાપાત્ર રહેશે.<br>● દીકરીના જન્મ સમયે માતાની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.<br>● દંપતીની પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે |
| યોજના અંતર્ગત મળતી સહાય | ● પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦ની સહાય<br>● નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬૦૦૦ની સહાય.<br>● ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે રૂ.૧ લાખની સહાય. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | નિયામકશ્રી, મહિલા કલ્યાણ, કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | વિભાગ દ્વારા નિયત કરેલા ધારા ધોરણ પ્રમાણેના |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=232** |

# મહિલા સ્વાવલંબન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા આર્થિક સહાય પૂરી પાડવી |
| આવક મર્યાદા | ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની ગ્રામ્ય અને શહેરી મહિલાઓના આર્થિક વિકાસ માટે સહાય કરવામાં આવે છે |
| લાભાર્થીનો પ્રકાર | ગ્રામ તેમજ શહેરી વિસ્તારની મહિલાઓ |
| પાત્રતાના ધોરણો | ● ગ્રામ્ય કક્ષાએ રૂ.૧.૨૦ લાખ તથા શહેરી વિસ્તારમાં રૂ.૧.૫૦ લાખની વાર્ષિક આવક<br>● મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ માટે રૂ.૨ લાખની મર્યાદામાં લોન આપવા માટે બેંકોને ભલામણ કરવામાં આવે છે. |
| યોજના હેઠળ મળતી સહાય | આ યોજના અંતર્ગત લાભાર્થી મહિલાને સબસિડી આપવામાં આવે છે, જેમાં ધંધાક્ષેત્ર માટે ૧૫ ટકા અથવા ૩૦,૦૦૦ બેમાંથી જે ઓછું હશે તેની ચૂકવણી. |
| મંજૂરીની પ્રક્રિયા | ● લાભાર્થીએ સંપૂર્ણ વિગતો અને પુરાવા સાથે નિયત ફોર્મ ભરી મહિલા આર્થિક વિકાસ નિગમને રજૂ કરવાનું રહેશે.<br>● મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા અરજીની ચકાસણી કરી બેન્કેબલ લોન મંજૂર કરવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | જનરલ મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ બ્લોક નં.૮, ૯મો માળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | ઉંમરનો પુરાવો, આધાર કાર્ડ, અનુભવનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, રેશનકાર્ડની નકલ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=233** |

# ગંગા સ્વરૂપા
# પુન:લગ્ન આર્થિક સહાય યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ગંગા સ્વરૂપા મહિલાઓ અંગેની સામાજિક માનસિકતામાં બદલાવ લાવવા તેમજ લગ્ન કરવા ઇચ્છુક ગંગા સ્વરૂપા મહિલાઓને સમાજના સાંપ્રત પ્રવાહમાં પુન:સ્થાપિત કરવા માટે ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના |
| **પાત્રતાના ધોરણો** | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરની પુન:લગ્ન કરનાર મહિલા |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | કુલ રૂ.૫૦,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે, જેમાંથી રૂ.૨૫,૦૦૦ લાભાર્થી મહિલાના બચત ખાતામાં DBT મારફતે જમા થશે અને બાકીની રકમ રૂ.૨૫,૦૦૦ રાષ્ટ્રીય બચતપત્રો (NSC) સ્વરૂપે મહિલાને આપવામાં આવશે |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | નિયામકશ્રી, મહિલા કલ્યાણ, કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | વિભાગ દ્વારા નિયત કરેલા ધારા ધોરણ પ્રમાણેના |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=234** |

# મહિલા વિકાસ એવોર્ડ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | મહિલાઓના વિકાસ ક્ષેત્રે કાર્યરત સંસ્થા કે મહિલા કાર્યકરને સન્માનિત કરવા |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા લાગુ પડતી નથી |
| લાભાર્થીનો પ્રકાર | • મહિલા વિકાસ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થા<br>• મહિલા કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ મહિલા કાર્યકર |
| પાત્રતાના ધોરણો | મહિલા વિકાસ અને કલ્યાણ ક્ષેત્રે રાજ્યમાં કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થા કે મહિલા કાર્યકર<br>• ઓછામાં ઓછા ૫ વર્ષથી ગુજરાત રાજ્યમાં મહિલા કલ્યાણ ક્ષેત્રે, મહિલા સશક્તિકરણ / આર્થિક સશક્તિકરણને લગતી પ્રવૃતિ કરતા હોવા જોઈએ<br>• કોઈપણ સરકારી અથવા તો અર્ધસરકારી અને ૧૦૦ ટકા સરકારી અનુદાનથી ચાલતી સંસ્થા આ પુરસ્કાર માટે અરજી કરી શકશે નહી.<br>• આ પુરસ્કાર સ્વૈચ્છિક સંસ્થા અને મહિલા કાર્યકરને એક જ વખત મળવાપાત્ર છે. |
| યોજના હેઠળ મળતી સહાય | દર વર્ષે કોઈપણ એક વ્યક્તિને વ્યક્તિગત તથા કોઈપણ એક સ્વૈચ્છિક સંસ્થાને રૂ.૧ લાખનો પુરસ્કાર ચેક અને એવોર્ડ |
| મંજૂરીની પ્રક્રિયા | નોમિનેશન દ્વારા |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નિયામકશ્રી, મહિલા કલ્યાણ, કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | વિભાગ દ્વારા નિયત કરેલા ધારા ધોરણ પ્રમાણેના |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=235** |

# પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર

(મહિલા સહાયતા કેન્દ્ર)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | વિવિધ પ્રકારની હિંસાથી પીડિત મહિલાને ટૂંકા અને લાંબા ગાળાનું માર્ગદર્શન આપવામાં આવે છે. |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા લાગુ પડતી નથી. |
| લાભાર્થીનો પ્રકાર | હિંસાથી પીડિત કોઈપણ મહિલા |
| પાત્રતાના ધોરણો | કોઈપણ હિંસાથી પીડિત યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ સમસ્યા સંદર્ભે |
| યોજના હેઠળ મળતી સહાય | સલાહ-સૂચન કરી શકે છે<br>ટૂંકા ગાળા અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ (સલાહ) |
| મંજૂરીની પ્રક્રિયા | હિંસાથી પીડિત કોઈપણ મહિલા લેખિતમાં અરજી કરી આ સેવાનો લાભ લઈ શકે છે |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | • નિયામકશ્રી, મહિલા કલ્યાણ, કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી<br>• બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.<br>• કાઉન્સેલર, જિલ્લાઓમાં નિયત કરેલ પોલીસ સ્ટેશન |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | કેસ સબંધિત જરૂરી દસ્તાવેજો રજૂ કરવા.<br>રાજ્યમાં હાલ ૬૫ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર) કાર્યરત છે |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=295** |

# બેટી બચાવો બેટી પઢાવો

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ઘટતા જતા કન્યા જન્મદરને અટકાવવો અને કન્યા શિક્ષણ પૂરું પાડવું |
| લાભાર્થીનો પ્રકાર | સમગ્ર સમુદાય |
| પાત્રતાના ધોરણો | સમગ્ર સમુદાય |
| યોજના હેઠળ મળતી સહાય | બાળ જાતિદરમાં સુધારો, દીકરી જન્મને પ્રોત્સાહન, દીકરીઓને પૂરતું શિક્ષણ અને સુરક્ષા અંગેના જાગૃતિ કાર્યક્રમો |
| મંજૂરીની પ્રક્રિયા | વિભાગ દ્વારા નિયત કરેલ ધારા ધોરણ મુજબ |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નિયામકશ્રી, મહિલા કલ્યાણ , કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી<br>● બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.<br>● જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી, સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | આ સેવાનો લાભ લેવા માટે કોઈ પુરાવા રજૂ કરવાની જરૂર નથી હાલમાં ૨૨ જિલ્લાઓમાં કાર્યરત છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=315** |

# દૂધ સંજીવની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાળકો અને સગર્ભા, ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના ૨૦ જિલ્લાઓના ૧૩૮ આદિજાતિ અને વિકાસશીલ ઘટકોમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત લાભ આપવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા ૬ માસથી ૬ વર્ષના બાળકો અને સગર્ભા, ધાત્રી માતાઓ. |
| યોજના અંતર્ગત મળતી સહાય | આંગણવાડી કેન્દ્રના ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ ૧૦૦ મિ.લી. અને સગર્ભા, ધાત્રી માતાઓને અઠવાડિયામાં ૨ દિવસ ૨૦૦ મીલી ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આંગણવાડી કેન્દ્ર / બાળ વિકાસ યોજના અધિકારી |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=237** |

# નારી ગૌરવ નીતિ – 2024

<table>
<tr><td>યોજનાનો ઉદ્દેશ / હેતુ</td><td>
● પંચાયતી રાજ સંસ્થાનોમાં વહીવટ અને નિર્ણય-પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી વધારવી.<br>
● કામકાજના સ્થળે મહિલાઓ માટે જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવી.<br>
● મહિલાલક્ષી માળખાઓનું સામાજિક ઑડિટ સુનિશ્ચિત કરવું.<br>
● મહિલાઓ માટે જાહેર સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ કરવી.<br>
● દીકરીઓ માટે ઓછામાં ઓછું ધોરણ - ૧૨ સુધીનું શિક્ષણ સુનિશ્ચિત કરવું.<br>
● વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના વિષયોમાં કન્યા પ્રવેશને પ્રોત્સાહન<br>
● પર્યાવરણલક્ષી કામગીરીમાં સ્ત્રી-પુરુષની સમાન ભાગીદારી નિર્ધારિત કરવી.<br>
● મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવું.
</td></tr>
<tr><td>યોજના અંતર્ગત મળતી સહાય</td><td>
નારી ગૌરવ નીતિ - ૨૦૨૪ ને નીચે મુજબના આઠ (૮) કાર્ય જૂથોમાં વિભાજિત કરવામાં આવી છે.
<table>
<tr><td>અનુ.</td><td>ક્ષેત્ર</td></tr>
<tr><td>૧</td><td>આર્થિક પર્યાવરણ</td></tr>
<tr><td>૨</td><td>વહીવટ અને નિર્ણય-શક્તિ</td></tr>
<tr><td>૩</td><td>આરોગ્ય, પોષણ અને જીવનની ગુણવત્તા</td></tr>
<tr><td>૪</td><td>હિંસા અને સુરક્ષા</td></tr>
<tr><td>૫</td><td>પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ</td></tr>
<tr><td>૬</td><td>શિક્ષણ અને રમતગમત</td></tr>
<tr><td>૭</td><td>સામાજિક સુરક્ષા અને કલ્યાણ</td></tr>
<tr><td>૮</td><td>વિજ્ઞાન અને ટેકનોલોજી</td></tr>
</table>
● પંચાયતી રાજ સંસ્થાનોમાં વહીવટ અને નિર્ણય-પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી વધારવી.<br>
● કામકાજના સ્થળે મહિલાઓ માટે જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવી.<br>
● મહિલાલક્ષી માળખાઓનું સામાજિક ઑડિટ સુનિશ્ચિત કરવું.<br>
● મહિલાઓ માટે જાહેર સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ કરવી.<br>
● દીકરીઓ માટે ઓછામાં ઓછું ધોરણ - ૧૨ સુધીનું શિક્ષણ સુનિશ્ચિત કરવું.<br>
● વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના વિષયોમાં કન્યા પ્રવેશને પ્રોત્સાહન<br>
● પર્યાવરણલક્ષી કામગીરીમાં સ્ત્રી-પુરુષની સમાન ભાગીદારી નિર્ધારિત કરવી.<br>
● મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવું
</td></tr>
<tr><td>અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી</td><td>મહિલા અને બાળ કલ્યાણ વિભાગ</td></tr>
</table>

# રિવાઈઝ સ્કીમ ફોર અડોલેસન્ટ ગર્લ્સ (RSAG) યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | દાહોદ અને નર્મદા જિલ્લાની ૧૪ થી ૧૮ વર્ષની કિશોરીઓને પોષણ સેવાઓ આપવાનો અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો લાવવાનો |
| પાત્રતાના ધોરણો | ૧૪ થી ૧૮ વર્ષની કિશોરીઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | પૂર્ણાશક્તિના ૧ કિલોના એક એવા દર માસે ૪ પેકેટસ THR તરીકે આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસ |

# પૂરક પોષણ યોજના (THR & HCM)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ૬ માસથી ૩ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ, કિશોરીના(THR) ૩ વર્ષથી ૬ વર્ષના બાળકો (HCM) પોષણ સ્તરમાં વધારા માટે |
| પાત્રતાના ધોરણો | ૬ માસથી ૩ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ, કિશોરીના(THR) ૩ વર્ષથી ૬ વર્ષના બાળકો (HCM) પોષણ સ્તરમાં વધારા માટે |
| યોજના અંતર્ગત મળતી સહાય | બાલ શક્તિ, માતૃશક્તિ, પૂર્ણા શકિત અને ગરમ નાસ્તો |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | મહિલા અને બાળ વિકાસ વિભાગ |

# શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

## પ્રત્યેક હાથને કામ



# પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાંધકામ શ્રમિકોના સામાન્ય મૃત્યુના કિસ્સામાં જીવન વીમા કવચનો લાભ આપવા. |
| યોજના અંતર્ગત મળતી સહાય | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) હેઠળ ૧૮ થી ૫૫ વર્ષ સુધીની વય મર્યાદામાં આવતા નોંધાયેલા બાંધકામ શ્રમિકો જે યોજનામાં જોડાયેલા હોય તેમને સામાન્ય મૃત્યુના કિસ્સામાં રૂપિયા ૨(બે) લાખ જીવન વીમા કવચનો લાભ આપવા. પ્રીમિયમના ૧૦૦% રકમ શ્રમિકના બેંક ખાતામાં રીએમ્બર્સ કરી આપવાના |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | જિલ્લા કચેરી દ્વારા અરજીની જિલ્લા પ્રોજેક્ટ મેનેજર તથા જિલ્લા નિરીક્ષકશ્રી દ્વારા અસલ અરજી તેમજ આધાર પુરાવાની ખરાઈ કરીને મંજૂર/ નામંજૂરની કાર્યવાહી કરવાની રહેશે. મંજૂર અરજીઓ જિલ્લા પ્રોજેક્ટ મેનેજર તથા નિરીક્ષક દ્વારા મંજૂરીની ભલામણ સાથે યોજનાકીય પ્રમાણપત્ર, લાભાર્થીની વિગત સાથે મંજૂરી અર્થે વડી કચેરીમાં મોકલવામાં આવે છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | નિયત નમૂનામાં અરજી ફોર્મ ભરવાનું રહેશે.<br>બાંધકામ શ્રમિક ઓળખકાર્ડ કે જે રિન્યુઅલ થયેલ તે અદ્યતન નકલ રૂપિયા ૪૩૬નું પ્રિમીયમ ભરેલ હોય તેની રસીદ અથવા પ્રિમીયમ ભરેલ તારીખનું બેંક સ્ટેટમેન્ટ, PMJJBY યોજના ચાલુ કરેલ હોય તે બેંક એકાઉન્ટની વિગતો, લાભાર્થીના આધાર કાર્ડની પ્રમાણિત કરેલ નકલ અને લાભાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# અંત્યેષ્ઠી સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ બાંધકામ શ્રમયોગીનું ચાલુ મેમ્બરશિપ દરમિયાન મૃત્યુ થાય તો બાંધકામ શ્રમયોગીના કાયદેસરના ઉત્તરાધિકારીને આર્થિક સહાય પૂરી પાડવાના હેતુથી આ યોજના અમલમા મૂકવામાં આવી છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ અને નોંધાયેલ લાભાર્થી શ્રમયોગીનું ચાલુ મેમ્બરશિપ દરમિયાન મૃત્યુ થાય તો મૃત્યુ પામનારના ઉતરાધિકારીને આ યોજના હેઠળ રૂ.૧૦,૦૦૦ નાણાકીય સહાય આપવાની જોગવાઈ આ યોજનામાં કરવામાં આવી છે. |
| | **સત્તાવાર લિન્ક** **https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# Go-Green શ્રમિક યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ભારત સરકારના “GREEN INDIA MISSION” ને સાર્થક કરવા બાંધકામ શ્રમયોગી પણ ભાગીદાર બને અને તેમનામાં પણ પર્યાવરણ પ્રત્યે જાગૃતતા લાવવા તેમજ કાર્ય સ્થળ નજીક ઝૂંપડપટ્ટી વિસ્તાર છોડી સ્વચ્છ રહેઠાણ વિસ્તાર આપવા |
| પાત્રતાના ધોરણો | 1. નોંધાયેલા બાંધકામ શ્રમિક<br>2. નોંધણી કર્યે ૧ વર્ષ પૂર્ણ થયેલ હોવું જોઈએ. |
| યોજના અંતર્ગત મળતી સહાય | દ્વિ-ચક્રી વાહનની કિંમતના ૫૦% અથવા રૂ.૩૦,૦૦૦ પૈકી જે ઓછું હોય તેની મર્યાદામાં One Time Subsidy મળવાપાત્ર થશે. વાહન ડીલરને દ્વિ-ચક્રી વાહનની Ex showroom Price કિંમતમાંથી મળવાપાત્ર સબસિડીની રકમ બાદ કર્યા બાદ બાકી રહેતી રકમ બાંધકામ શ્રમયોગીએ ચૂકવવાની રહેશે. |
| અરજીની પ્રક્રિયા | ઓનલાઈન અરજી કરવાની રહેશે |
| | **સત્તાવાર લિન્ક** **https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# અકસ્માત મૃત્યુ સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાંધકામ વ્યવસાયમાં રોકાયેલા શ્રમયોગીઓનું બાંધકામ સાઈટ પર ચાલુ કામના સ્થળે અકસ્માત થવાથી મૃત્યુ થાય અથવા કાયમી અશકતતા આવે તેવા કિસ્સામાં શ્રમિક તથા તેમના વારસદારને આર્થિક સહાય પૂરી પાડવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. |
| પાત્રતાના ધોરણો | અકસ્માત લાભાર્થીના ૧૮ થી ૬૦ વર્ષ દરમિયાન થયેલ હોય તો જ અરજદાર બાંધકામ શ્રમિકની અરજી યોગ્ય ગણશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | નોંધાયેલ બાંધકામ સાઇટ કે ખાનગી / વ્યક્તિગત ધોરણેની ન નોંધાયેલ સાઈટ પર ચાલુ કામે નોંધાયેલ કે ન નોંધાયેલ બાંધકામ શ્રમિકનું અકસ્માતે મૃત્યુ અથવા કાયમી અશક્ત બને તો આવા કાયમી અશક્તતાના કિસ્સામાં બાંધકામ શ્રમિકને રૂ. ૩ લાખની સહાય આપવામાં આવે છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | 1. અસલ અરજી ફોર્મ<br>2. અરજદારનો ઓળખનો પુરાવો<br>3. મૃત્યુ પામનાર શ્રમિકનો ઓળખનો પુરાવો<br>4. મૃત્યુ પ્રમાણપત્ર<br>5. પોલીસ પંચનામા / એફ.આઈ.આર.ની નકલ<br>6. પી.એમ.રીપોર્ટની નકલ<br>7. DISH કચેરીનો અહેવાલ (પ્રોજેક્ટ મેનેજરશ્રી કક્ષાએ રજૂ કરવાનો રહેશે)<br>8. સોગંદનામું/ તલાટીશ્રીનું પેઢીનામું<br>9. સંમતિપત્રક<br>10. અરજદારની બેંકની વિગત |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# દિવ્યાંગ શ્રમિકોને બેટરી સંચાલિત ત્રિ-ચક્રી (ઈ-રિક્ષા) વાહનની ખરીદી માટે સબસિડી આપવાની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | નોંધાયેલા બાંધકામ શ્રમિકો બાંધકામના સ્થળે કામ કરતા અકસ્માત થવાને કારણે જો અપંગ થાય અથવા અશકતતા આવે તેવા સાંજોગોમાં શ્રમિક-ની આવક બંધ ના થાય અને શ્રમિક કાયમી રીતે કુટુંબનું ભરણપોષણ પૂરું કરવા આર્થિક રીતે સશક્ત થાય તે હેતુ થી ત્રિ-ચક્રી વાહન ખરીદવા સહાય |
| પાત્રતાના ધોરણો | બાંધકામના સ્થળે કામ કરતા અકસ્માત થવાને કારણે અપંગ અથવા અશકતતા થાય તેવા નોંધાયેલ બાંધકામ શ્રમિકો. |
| યોજના અંતર્ગત મળતી સહાય | આ યોજના હેઠળ ત્રિચક્રી વાહનની કિંમત (Ex-showroom Price) ના ૫૦% અથવા રૂ.૪૮,૦૦૦ પૈકી જે ઓછી હોય તેની મર્યાદામાં One Time Subsidy મળવાપાત્ર થશે. આ ઉપરાંત નવા ત્રિચક્રી વાહનના, રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ અને દિવ્યાંગ વ્યક્તિઓને લાગુ પડતા પ્રવર્તમાન દરે, મોટર વાહન વેરાની રકમનો ખર્ચ નોંધાયેલા દિવ્યાંગ બાંધકામ શ્રમયોગી વતી ભોગવવામાં આવશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# ધન્વંતરી આરોગ્ય રથ

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | બાંધકામ સાઈટ/કડિયાનાકા/બાંધકામ શ્રમિક વસાહતો પર પ્રાથમિક સારવાર થઈ શકે તે હેતુથી |
| **પાત્રતાના ધોરણો** | ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા પ્રાથમિક  તબીબી તપાસ/ સારવાર પૂરી પાડી બાંધકામ શ્રમયોગીઓમાં ગંભીર રોગો તેમજ ગંભીર વ્યવસાયિક રોગો પ્રાથમિક તબક્કે જ થતા  અટકાવવાનો હેતુ છે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | અદ્યતન ટેક્નૉલૉજી જેવી કે ઓનલાઈન ડેટા ટ્રાન્સફર, જી.પી.એસ. થી સુસજ્જ અને સંપૂર્ણ તાલીમબદ્ધ કર્મચારીગણ ધરાવતા કુલ ૧૫૪ ધનવંતરી આરોગ્ય રથો દ્વારા રાજ્યનાં તમામ જિલ્લાઓમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકને ૬૦ વર્ષની ઉમર પછી નાણાકીય સુરક્ષા, વૃધ્ધાવસ્થા દરમિયાન આર્થિક સહાય આપવા અને બાંધકામ શ્રમિકોને સામાજિક સ્થિરતા પ્રદાન કરવાનો હેતુ. |
| **પાત્રતાના ધોરણો** | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં ૦૫ વર્ષથી નોંધાયેલા બાંધકામ શ્રમયોગીઓમાંથી ૩૦ થી ૪૦ વર્ષની વય મર્યાદામાં આવતા શ્રમિકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર  રહેશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટેની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ બાંધકામ શ્રમિકના વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે. |
| પાત્રતાના ધોરણો | ● એક જ લાભાર્થીના બે બાળકોની સહાય હોય, તો બંન્ને બાળકોના અલગ-અલગ ફોર્મ ભરવાના રહેશે. (ઓનલાઈન/ઓફલાઈન)<br>● બાંધકામ શ્રમયોગીના બાળકોને શિષ્યવૃત્તિ મેળવવા માટે ઉમરની મર્યાદા વધુમાં વધુ 30 વર્ષની હોવી જોઈએ. જો પુત્ર કે પુત્રી મૂકબધિર કે અપંગ હશે તો વય મર્યાદાનો બાધ રહેશે નહી.<br>● જે-તે શૈક્ષણિક વર્ષમાં પ્રથમ Trial પૂરતી મર્યાદિત રહેશે. તે-જ ધોરણ /વર્ગમાં નાપાસ થનારને તે જ ધોરણ/વર્ગ માટે બીજીવાર સહાય મળવાપાત્ર રહેશે નહીં.<br>● ઓપન યુનિવર્સિટીમાં સહાય મળવા પાત્ર નથી. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● શાળા/કોલેજ/સંસ્થાનું લાભાર્થીના ચાલુ અભ્યાસક્રમનું ઓરીજનલ બોનાફાઈડ સર્ટિફિકેટ.<br>● લાભાર્થીના તથા બાળકના પાસપોર્ટ સાઈઝના ફોટા.<br>● બાળકના આધારકાર્ડની નકલ.<br>● બાળકની ગત વર્ષના પરિણામની નકલ અને ફી ભર્યાની પહોંચ.<br>● જો, લાભાર્થી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા હોય તો રજિસ્ટર હોસ્ટેલ/શાળા/કોલેજ/સંસ્થાનું સહી/સિક્કાવાળું પ્રમાણપત્ર મેળવવું.<br>● હોસ્ટેલ ફી ભર્યાની પહોંચ.<br>● પુસ્તક સાધન સહાય માટે લાભાર્થી પાસેથી પુસ્તક ખરીદીનું ઓરીજનલ બીલ.<br>● જો, લાભાર્થીની અટક તેમજ નામ અલગ-અલગ પડતા હોય તો તેઓની પાસેથી ગેઝેટ/એફીડેવીટ.<br>● બેંકની પાસબુકના પહેલા પાનાની વિગત.<br>● એફિડેવીટ (રૂ. 5000 કે તેથી વધુની સહાય માટે) અથવા સંમતિપત્ર (સરકારશ્રીના જાહેરનામા મુજબ) |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# પ્રસૂતિ સહાય યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિક અને બાંધકામ શ્રમિકની પત્નીને સગર્ભાવસ્થા દરમિયાન નાણાકીય સહાય આપવા અને બાંધકામ શ્રમિકોને સામાજિક સ્થિરતા પ્રદાન કરવાનો છે. |
| **પાત્રતાના ધોરણો** | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.<br>આ યોજનાનો લાભ કસુવાવડના કિસ્સામાં પણ મળવાપાત્ર થાય છે. જેથી મૃત બાળકના જન્મ તથા કસુવાવડના કિસ્સામાં માન્ય PHC ડોક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (ગર્ભ રહયા પછી ૨૬ મા અઠવાડિયા પહેલા અથવા એટલી મુદત દરમિયાન મહિલા અરજદાર કે બાંધકામ શ્રમિકની પત્નીને કસૂવાવડ થયેલ હોય તેવા જ કિસ્સામાં) |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકને કુલ રૂ.૩૭,૫૦૦ની સહાય.<br>નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકની પત્નિને પ્રથમ બે પ્રસૂતિ માટે રૂ. ૬૦૦૦ની સહાય. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ સહાય યોજના "દીકરી વધાવો દીકરી ભણાવો"ના ઉદ્દેશ સાથે સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા તથા બાંધકામ શ્રમિકોની દીકરીને શિક્ષણ તથા લગ્નના ખર્ચાને પહોંચી વળવા માટેનો હેતુ |
| પાત્રતાના ધોરણો | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | બાંધકામ વ્યવસાયમાં જોડાયેલ તથા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે હાલમાં રૂ.૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરા) ની રકમના બોન્ડ ૧૮ વર્ષની મુદત માટે આપવામાં આવતા હતા. જે રકમ દીકરી દ્વારા ૧૮ વર્ષની વય પૂરી થતા ઉપાડી શકાય છે, અત્રેથી તેમાં રૂ.૧૫,૦૦૦નો વધારો કરીને હવે રૂ.૨૫,૦૦૦નો મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. |
| અરજીની પ્રક્રિયા | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજનામાં અરજી કરવાની સમયમર્યાદા પ્રસૂતિ થયાના ૧૨ (બાર) માસમાં અરજી ઓનલાઈન/ઓફલાઈન બોર્ડની કચેરીમાં કરવાની રહેશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |



# વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટે આર્થિક સહાય આપવાની યોજના

| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાંધકામ શ્રમિકના બાળકને વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટે આર્થિક સહાય આપવી |
|---|---|
| યોજના અંતર્ગત મળતી સહાય | ● બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકના બાળક ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી યુનિવર્સિટીમાં GPSC/UPSC/ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ તેમજ સરકારશ્રીના અન્ય ભરતી મંડળ દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટેના કોચિંગ માટે પ્રવેશ મેળવશે તો સંબંધિત યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ રજિસ્ટ્રેશન /ટ્યુશન ફી બાંધકામ શ્રમિકને બોર્ડ દ્વારા રીએમ્બર્સ કરવામાં આવશે.<br>● વધુમાં બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકના બાળકો CA માટે ICAI સંસ્થામાં તાલીમ મેળવવા માટે પ્રવેશ મેળવશે તો નિયત કરેલ રજિસ્ટ્રેશન /ટ્યુશન ફીની બાંધકાન શ્રમિકને બોર્ડ દ્વારા રીએમ્બર્સ કરવામાં આવશે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# વ્યવસાયિક રોગોમાં સહાય યોજના

| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાંધકામ શ્રમયોગીને થતા ૧૫ પ્રકારના વ્યવસાયિક રોગો તથા ૨૩ પ્રકારની ગંભીર ઈજાઓમાં આર્થિક સહાયનો હેતુ |
|---|---|
| યોજના અંતર્ગત મળતી સહાય | **૨૩ પ્રકારની ગંભીર ઈજાઓમાં મહત્તમ રૂ.૩ લાખની મર્યાદામાં આર્થિક સહાય.**<br>1. ૯૦ ટકાથી ઓછી અશક્તતાના કિસ્સામાં સામાન્ય સંજોગોમાં નિઃશુલ્ક તબીબી સારવાર તથા માસિક રૂ.૧૫૦૦ની સહાય<br>2. ૯૦ થી ૧૦૦ ટકા સુધીની અશક્તતાના કિસ્સામાં વિના મૂલ્યે તબીબી સારવાર તથા માસિક રૂ.૩૦૦૦ની સહાય |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● હોસ્પિટલનું ડિસ્ચાર્જ સર્ટિફિકેટ ● બેંક ખાતની પાસબુકની નકલ<br>● સર્ટિફાયિંગ સર્જનના સહી સિક્કા સાથેનું અશક્તતાની ટકાવારી સાથેનું પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# શ્રમિક પરિવહન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | નોંધાયેલ બાંધકામ શ્રમિકને કડિયાનાકા પરથી કામના સ્થળે આવવા-જવા માટે રાહત દરે મ્યુનિસિપલ કોર્પોરેશન મારફત બસનો પાસ મળવાપાત્ર રહેશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | પાસના ૨૦ ટકા લાભાર્થીએ આપવાના રહેશે તથા ૮૦ ટકા બોર્ડ દ્વારા ચૂકવવાના રહેશે.<br>● રાજ્યની ૪ મહાનગરપાલિકા - અમદાવાદ, વડોદરા, સુરત તથા રાજકોટનો સમાવેશ આ યોજનામાં કરવામાં આવેલ છે.<br>● નોંધાયેલ બાંધકામ શ્રમિકની માંગણી મુજબ માસિક અથવા ત્રિમાસિક અથવા વાર્ષિક રાહત દરે પાસ કાઢી આપવામાં આવે છે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | બાંધકામ શ્રમિક તરીકેનું પૂરી વિગતો સાથેનું ઓળખકાર્ડ હોવું જોઈએ. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |



# શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાંધકામ શ્રમિક પરિવારની સલામતી અને સામાજિક સુરક્ષા વધે , તેમનું સ્થળાંતર અટકે, કાર્યક્ષમતા વધે અને સેનિટેશન સાથેના પાકા મકાનની સુવિધા પૂરી પાડવાનો હેતુ . |
| પાત્રતાના ધોરણો | ઉક્ત યોજના ફક્ત શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થા/શહેરી વિકાસ સત્તા મંડળ તથા ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે EWS/LIG મકાન ફાળવવામાં આવેલ હોય તેવા અત્રે બોર્ડમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકને કુટુંબદીઠ એકવાર આ યોજનાનો લાભ આપવામાં આવે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | બાંધકામ શ્રમિક તરીકેની નોંધણી થયાની તારીખથી બે વર્ષ બાદ જેઓને ઘરનું ઘર ન હોય તેવા નોંધાયેલ બાંધકામ શ્રમિકના કુટુંબને શહેરી વિસ્તારોની સ્વરાજની સંસ્થા /શહેરી વિકાસ મંડળ થતા ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા  મુખ્યમંત્રી આવસ યોજના/પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે EWS/LIG/MIG આવાસો પૈકી કોઈ એક કેટેગરીમાં ડ્રો દ્વારા આવાસ ફાળવણી થાય તો યોજના હેઠળ રૂ.૧,૬૦,૦૦૦ની સહાય લાભાર્થી વતી બાંધકામ બોર્ડ દ્વારા  આવાસ ફાળવણી કરનાર જે તે સંસ્થાને હવાલે મૂકવામાં આવશે. EWS/LIG/MIG આવાસોમાં રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારની મળવાપાત્ર  સહાય/ફાળા ઉપરાંત શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના હેઠળ રૂ.૧,૬૦,૦૦૦ની બાંધકામ બોર્ડની વધારાની સહાય નોંધાયેલ બાંધકામ શ્રમિક વતી મકાન ફાળવણી કરનાર જે તે સત્તામંડળને હવાલે મૂકવામાં આવશે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં બાંધકામ શ્રમિક તરીકે નોંધાયેલ હોવો જોઈએ તથા તેઓ પાસે બાંધકામ બોર્ડ દ્વારા આપવામાં આવેલું બાંધકામ શ્રમિક  તરીકેનું પૂરી વિગતો સાથેનું ઓળખકાર્ડ હોવું જોઈએ. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# હાઉસિંગ સબસિડી યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ શ્રમિકોને પોતાના મકાન ખરીદી માટે વાર્ષિક રૂ.૩૦,૦૦૦ લેખે પાંચ વર્ષમાં કુલ રૂ.૧,૫૦,૦૦૦ની આર્થિક સહાય પૂરી પાડવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ. |
| પાત્રતાના ધોરણો | બોર્ડમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | “ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી દીઠ કુલ રૂ.૧,૫૦,૦૦૦ની સહાય શરતોને આધીન પૂરી પાડવામાં આવશે. જે બાંધકામ શ્રમિકોએ પોતાનાં મકાન ખરીદી માટે મહત્તમ રૂ.૧૫ લાખ સુધીની લોન લીધેલ હોય તેઓને પાંચ વર્ષ સુધી રૂ.૩૦,૦૦૦ની સહાય પૂરી પાડવામાં આવશે. આ સહાય લાભાર્થીના બેંકના હાઉસિંગ લોન અંગેના ખાતામાં DBT મારફત જમા કરવામાં આવશે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | અરજદારને નિયત નમૂનામાં અરજી ગજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની જે તે જિલ્લા કચરીએ કરવાની રહેશે. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ૧. બોર્ડમાં નોંધણી થયા અંગેના ઓળખકાર્ડની નકલ(લાલ ચોપડી)<br>૨. આધારકાર્ડની નકલ.<br>૩. મકાન દસ્તાવેજની નકલ.<br>૪. લોન લીધા અંગેના પુરાવા(લોન મંજૂરીનો પત્ર)<br>૫. વાર્ષિક લોન સ્ટેટમેન્ટ/વાર્ષિક વ્યાજ પ્રમાણપત્ર.<br>૬. હાઉસિંગ લોન સ્ટેટમેન્ટ /પાસબુકની નકલ<br>૭. નિયત નમૂના મુજબનું સોગંદનામું (એફિડેવિટ) |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://bocwwb.gujarat.gov.in/schemes-guj.htm** |

# શ્રમિક અન્નપૂર્ણા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | નોંધાયેલા બાંધકામ શ્રમિકોને કડીયાનાકા/બાંધકામ સાઈટ ઉપર રાહતદરે રૂ.૫/- માં સાત્વિક ભોજન પૂરું પાડવું |
| પાત્રતાના ધોરણો | બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા બાંધકામ શ્રમિક અને તેના પરિવારના સભ્યો |
| યોજના અંતર્ગત મળતી સહાય | રાહત દરે રૂ.૫ માં પ્રતિ ભોજન |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ -અમદાવાદ |

# સ્માર્ટ કાર્ડ / ઓળખકાર્ડ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | બાંધકામ શ્રમિકોની નોંધણી |
| પાત્રતાના ધોરણો | બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોધાયેલા  બાંધકામ શ્રમિકો |
| યોજના અંતર્ગત મળતી સહાય | બોર્ડની કલ્યાણકારી યોજનાઓમાં સહાય |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ |

# શિક્ષણ વિભાગ

## શિક્ષણના સથવારે સર્વાંગી વિકાસ



# નમો લક્ષ્મી યોજના

| | |
|---|---|
| યોજના ઉદ્દેશ/ હેતુ | ● નમો લક્ષ્મી યોજનાથી ધોરણ ૯ થી ૧૨માં કન્યાઓનો પ્રવેશ વધશે, તેઓ અભ્યાસ પૂરો કરશે અને તેથી કન્યા કેળવણી સાથોસાથ વિદ્યાર્થીનીઓના પોષણને ઉત્તેજન મળશે.<br>● આ યોજનાના અમલીકરણથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રની જેમ માધ્યમિક શિક્ષણમાં પણ સાર્વત્રિક નામાંકન હાંસલ કરી શકાશે. |
| આવક મર્યાદા | કુટુંબની વાર્ષિક આવક રૂ.૬ લાખ કે તેથી ઓછી હોય |
| પાત્રતાના ધોરણો | **લાભાર્થી વિદ્યાર્થિનીઓની હાજરી સરેરાશ ૮૦% નહી જળવાય તો તેઓની સહાય બંધ કરવામાં આવશે.**<br>a) રાજ્ય સરકારની અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ ૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિની<br>b) રાજ્યના માન્ય ખાનગી શાળામાં RTE અંતર્ગત પ્રવેશ મેળવી ધોરણ ૧ થી ૮નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ ૯માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિની<br>c) ઉપરોક્ત a) અને b) સિવાયની જે વિદ્યાર્થિનીઓએ ધોરણ ૮ પૂર્ણ કર્યા બાદ ધોરણ ૯માં પ્રવેશ મેળવ્યો હોય અને જેમના કુટુંબની વાર્ષિક આવક રૂ.૬ લાખ કે તેથી ઓછી હોય |



| | |
|---|---|
| યોજના અંતર્ગત મળતી સહાય | ● શૈક્ષણિક સત્ર શરૂ થયાથી જૂન માસ સુધીમાં અને મોડામાં મોડા જુલાઈ માસમાં સહાયની રકમ જમા થશે.<br>● વિદ્યાર્થીનીઓને ધોરણ-૯ અને ૧૦ માટે વાર્ષિક રૂ.૧૦ હજારની સહાય<br>● ધોરણ-૧૧ અને ૧૨ માટે વાર્ષિક રૂ.૧૫ હજારની સહાય<br>● ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યેથી કુલ રૂ.૫૦ હજારની સહાય મળવાપાત્ર થશે.<br>● વિદ્યાર્થીનીઓને જો કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર છે. |
| અરજીની પ્રક્રિયા | ● નિયામકશ્રી, શાળાઓ દ્વારા DBTના માધ્યમથી વિદ્યાર્થિનીના માતાના બેન્ક ખાતામાં આર્થિક સહાય જમા થશે.<br>● જે વિદ્યાર્થીની માતા ન હોય તેવા કિસ્સામાં સહાય વિદ્યાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આ યોજનાના અમલીકરણ માટે નિયામકશ્રી, શાળાને જવાબદારી આપવામાં આવી છે. (શિક્ષણ વિભાગ) |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | અગાઉના ધોરણની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ |



# નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના

| | |
|---|---|
| યોજના ઉદ્દેશ/હેતુ | ● ઉચ્ચ કક્ષાની નવી રોજગારીની તકો માટે વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ જરૂરી છે.<br>● વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા, આ યોજનાથી આગામી પાંચ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨ લાખથી વધી ૫ લાખ થવાની ધારણા છે. |
| આવક મર્યાદા | જે વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬ લાખ કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ |
| પાત્રતાના ધોરણો | ● ધો. ૧૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવી વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ<br>● રાજ્ય સરકારની અથવા અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધો.૯ અને ૧૦માં અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ<br>● માન્ય સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ધો.૯ અને ૧૦ બંને કે કોઈ એક ધોરણનો અભ્યાસ કર્યો હોય તેવા તમામ વિદ્યાર્થી |
| યોજના અંતર્ગત મળતી સહાય | ● ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને,<br>● ધોરણ-૧૧ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૧૦ હજાર અને ધોરણ-૧૨ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૧૫ હજાર<br>● ધો.૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષોના ૧૦ માસ માટે માસિક રૂ.૧૦૦૦ મુજબ વાર્ષિક રૂ.૧૦,૦૦૦ પ્રમાણે બંને વર્ષના કુલ મળી રૂ.૨૦,૦૦૦<br>● બાકીના રૂ.૫૦૦૦ ધો.૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે.<br>● કુલ રૂ.૨૫ હજારની સહાય આપવામાં આવશે.<br>● નિયામકશ્રી, શાળાઓ દ્વારા DBTના માધ્યમથી વિદ્યાર્થીનીના માતાના બેન્ક ખાતામાં આર્થિક સહાય જમા થશે.<br>● જે વિદ્યાર્થીની માતા ન હોય તેવા કિસ્સામાં સહાય વિદ્યાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. |
| અરજીની પ્રક્રિયા | ● નિયામકશ્રી, શાળાઓ ‘નમો સરસ્વતી’ પોર્ટલ બનાવવામાં આવશે<br>● લાભાર્થી વિદ્યાર્થીઓની નોંધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ પોર્ટલ પર કરવાની રહેશે. |
| અમલીકરણ કરતી કચેરી/સંપર્ક અધિકારી | નિયામકશ્રી શાળા, શિક્ષણ વિભાગ |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | અગાઉના ધોરણની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ |

# વિદ્યાદીપ વીમા યોજના

| | |
|---|---|
| **યોજના ઉદ્દેશ/ હેતુ** | રાજ્યની તમામ સરકારી, અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તથા આશ્રમશાળાઓ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વીમા રક્ષણ પૂરું પાડવાનો મુખ્ય આશય આ યોજનામાં રાખવામાં આવેલ છે. આ યોજના હેઠળ રાજ્યની તમામ સરકારી, અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તથા આશ્રમશાળાઓ અભ્યાસ કરતા વિદ્યાર્થીના અકસ્માતે અવસાન કે કાયમી અપંગતાના કિસ્સામાં વાલીને સહાય ચૂકવવામાં આવે છે. |
| **આવક મર્યાદા** | લાગુ પડતી નથી |
| **પાત્રતાના ધોરણો** | અણધારેલ, એકાએક અને બિનઈરાદાપૂર્વકનો બનાવ હોય તેવા બાહ્ય હિંસક નિશાનો જણાય તેવા અકસ્માતના કિસ્સામાં અવસાન/કાયમી અપંગતા થયેલ હોય તો આ સહાય મળવાપાત્ર થાય છે. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | રૂ.૫૦,૦૦૦ |
| **અરજીની પ્રક્રિયા** | અકસ્માતે અવસાન/ઈજાની તારીખથી ૧૫૦ દિવસમાં દાવો નોડલ અધિકારી તરીકે સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને રજૂ કરવાનો રહે છે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | નોડલ અધિકારી તરીકે સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી તથા અમલીકરણ કચેરી તરીકે વીમા નિયામકશ્રીની કચેરી |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | નાણાં વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક: જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન, ની જોગવાઈ ૯(B)માં દર્શાવ્યા અનુસાર. |
| | **સત્તાવાર લિન્ક** **http://gujarat-education.gov.in/primary/yojana/vidyadip-yojana.htm** |

# RTE હેઠળ ધોરણ-1 માં પ્રવેશ

| | |
|---|---|
| યોજના ઉદ્દેશ/હેતુ | બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ -૨૦૦૯ની કલમ ૧૨.૧.સી હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને ધોરણ-૧માં રાજ્યમાં આવેલ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% જગ્યાઓ પર વિનામૂલ્યે પ્રવેશ આપવાની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪થી હાથ ધરવામાં આવે છે. જે અન્વયે રાજ્યમાં આવેલ નબળા અને વંચિત જૂથના બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં વિનામૂલ્યે ધોરણ-૧માં પ્રવેશની તક આપી ધોરણ-૮ સુધી ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ આપવાનો હેતુ રહેલો છે. |
| આવક મર્યાદા | ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૧,૨૦,૦૦૦<br>શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૧,૫૦,૦૦૦ |
| યોજના અંતર્ગત મળતી સહાય | વિદ્યાર્થી સહાય રૂપે વાર્ષિક રૂ.૩૦૦૦ |
| અરજીની પ્રક્રિયા | ઓનલાઈન વેબપોર્ટલ https://rte.orpgujarat.com/ |
| અમલીકરણ કરતી કચેરી/સંપર્ક અધિકારી | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | https://rte.orpgujarat.com/ |
| | **સત્તાવાર લિન્ક**<br>**http://gujarat-education.gov.in/primary/yojana/rte_yojna_19052022.htm** |

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, સાધન-પુસ્તકોની ખરીદી ઉપરાંત અન્ય ખર્ચને પહોંચી વળવા વાલીઓને આર્થિક સહાય |
| આવક મર્યાદા | રૂા. ૬,૦૦,૦૦૦ |
| લાભાર્થીનો પ્રકાર | પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને |
| પાત્રતાના ધોરણો | પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ |
| યોજના હેઠળ મળતી સહાય | સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવતા લાભની માફક જ બિનઅનામત વર્ગના તમામ વિદ્યાર્થીઓને પણ નિ:શુલ્ક ગણવેશ, પાઠયપુસ્તકો અને શિષ્યવૃત્તિના લાભ આપવામાં આવશે. હવેથી આ લાભ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા-પિતાની આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય એકસમાન ધોરણે મળવાપાત્ર થશે.<br><br>**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ:**<br>સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા-પિતાની વાર્ષિક આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો મળવાપાત્ર થશે.<br><br>**ઉચ્ચ શિક્ષણ**<br>આ યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય મેળવવાની પાત્રતા માટે નીચે મુજબના ધોરણો રહેશે.<br>● ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.<br>● સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.<br>● રૂ. ૪,૫૦,૦૦૦ (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પૂરા) સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાશે. વાર્ષિક આવકનું પ્રમાણપત્ર મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવવાનું રહેશે |

| | |
|---|---|
| યોજના હેઠળ મળતી સહાય | ● ડિપ્લોમા અને સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી સહાય મળવાપાત્ર થશે.<br>● સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં એન.આર.આઇ. બેઠકો પર પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહી.<br><br>**ઉચ્ચ શિક્ષણ માટે સહાયની રકમ :**<br>આ યોજના હેઠળ નીચે મુજબ સહાય મળવાપાત્ર રહેશે.<br>ટ્યુશન ફી સહાય<br>● પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨,૦૦,૦૦૦ તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.<br>● પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ જેવા કે ઇજનેરી ટેક્નોલૉજી, ફાર્મસી, આર્કિટેકચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ, ફિઝીયોથેરાપી, પેરા-મેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦ તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.<br>● પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના કોર્સીસ જેવા કે બી.એસ.સી., બી.કોમ, બી.એ., બી.બી.એ., બી.સી.એ. જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૧૦,૦૦૦ તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.<br>● પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ પછીના સરકાર માન્ય સંસ્થાના ડિપ્લોમા સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨૫,૦૦૦ તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.<br>● સરકારી મેડીકલ, ડેન્ટલ, ઇજનેરી કોલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના જે સંખ્યામાં વિદ્યાર્થીઓને સ્થળાંતર કરવું પડે અને છેલ્લે જો કોઇ પણ સરકારી કોલેજમાં તેઓને પ્રવેશ ન મળે અને ફરજિયાતપણે તેઓને સ્વનિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આ યોજના હેઠળ આવા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવેલ સ્વનિર્ભર કોલેજ અને સરકારી કોલેજ વચ્ચેની ટ્યુશન ફીના તફાવતની રકમ સહાય પેટે મળવાપાત્ર થશે. |

| | |
|---|---|
| યોજના હેઠળ મળતી સહાય | **રહેવા-જમવા પેટે સહાય**<br>આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા અને સ્નાતક અથવા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રહેવા-જમવાની સહાય પેટે રૂ.૧,૨૦૦ મળવાપાત્ર રહેશે. આવા વિદ્યાર્થીઓએ પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાથી બહાર તેઓ અભ્યાસ કરતા હોવાનું તથા સરકારી/ અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યા બાબતનું એકરારનામું આપવાનું રહેશે.<br>**સાધન-પુસ્તક સહાય**<br>આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેવા મેડીકલ/ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે રૂ.૧૦,૦૦૦, ઈજનેરી/ ટેકનૉલૉજી, ફાર્મસી, આર્કિટેક્ટરના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે રૂ.૫,૦૦૦ તથા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે રૂ. ૩,૦૦૦ મળવાપાત્ર રહેશે. અભ્યાસક્રમની અવધિ દરમિયાન સાધન-પુસ્તક - સહાય માત્ર એક જ વખત મળવાપાત્ર રહેશે. |
| મંજૂરીની પ્રક્રિયા | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કચેરીને અરજી કરવાની રહેશે |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કચેરી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | આવકનું પ્રમાણપત્ર અને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશના પુરાવા |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://imd.gujarat.gov.in/Document/2015-12-2_568.pdf** |

# મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN)

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | MBBS અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી કન્યાઓને આર્થિક સહાય પૂરી પાડવી. |
| આવક મર્યાદા | રૂ. ૬ લાખ સુધી |
| પાત્રતાના ધોરણો | તમામ કેટેગરીના (જનરલ/એસ.સી/એસ.ટી/મહિલા/સિનિયર સિટિઝન/દિવ્યાંગ/અન્ય) વિદ્યાર્થીઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | ટ્યુશન ફી સહાય |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) |





# સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ (શોધ યોજના)

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે આર્થિક સહાય પૂરી પાડવી. |
| પાત્રતાના ધોરણો | ૧. અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% મેળવેલ હોવા જોઈએ. જેમાં અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને ૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય)ની છૂટછાટ મળવાપાત્ર રહેશે.<br>૨. ગુજરાતની માન્ય યુનિવર્સિટીમાં પીએચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફૂલ ટાઈમ મોડમાં પ્રવેશ મેળવેલ હોવા જોઈએ. રાષ્ટ્રીયકક્ષાની સંસ્થાઓના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.<br>૩. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈ પણ રીતે કામગીરી બજાવતો/આવક અને અન્ય સ્કોલરશીપ મેળવતો ન હોવો જોઈએ.<br>(જનરલ/એસ.સી/એસ.ટી/ઓબીસી/મહિલા/દિવ્યાંગ) |
| યોજના અંતર્ગત મળતી સહાય | આ યોજના અંતર્ગત મંજૂર થયેલ વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂ. ૧૫,૦૦૦ સ્ટાઈપેન્ડ અને વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ કન્ટીજન્સી સહાય એમ બે વર્ષમાં કુલ રૂ. ૪,૦૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત |



# સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન થકી રાજ્યના યુવાધનનું તેમની સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા માટે સશક્તિકરણ કરવું જેથી કરીને તેઓ આત્મનિર્ભર ગુજરાતની અનુભૂતિ તરફ સાતત્યપૂર્ણ અને સર્વસમાવેશક વિકાસ માટે યોગદાન આપી શકે.<br>● રાજ્યની ઓછામાં ઓછી ૧,૦૦૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIS) અને ૧૦,૦૦૦ શાળાઓને આવરી લેતા ૫૦ લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે આગળ વધારવા અને જાગૃત બનાવવા.<br>● વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તાવિત ૧૦,૦૦૦ પ્રૂફ ઓફ કન્સેપ્ટ પ્રોટોટાઈપને સહાય.<br>● ૫,૦૦૦ IP ફાઈલિંગ માટે સહાય<br>● રાજ્યમાં ઓછામાં ઓછી ૫૦૦ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની ક્ષમતા વધારવી, જેથી લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ-ઈન્ક્યુબેશન સપોર્ટ સિસ્ટમ ઊભી થાય.<br>● શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તાવિત ૧,૦૦૦ ઈનોવેશનને સહાય.<br>● ૧૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ્સની માવજત સાથે હાલના સ્ટાર્ટ-અપ્સને અપસ્કેલ કરવા.<br>● સ્ટાર્ટ-અપ સૃજન સીડ સપોર્ટ (રૂ. ૧૦ લાખ સુધી) હેઠળ ૫૦૦ સ્ટાર્ટ-અપને સહાય. |
| આવક મર્યાદા | લાગુ પડતું નથી |
| પાત્રતાના ધોરણો | ૩૫ વર્ષ સુધીની કોઈપણ વ્યક્તિ |

**યોજના અંતર્ગત મળતી સહાય**

નાણાકીય સહાય માળખું

સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (**SSIP** ૨.૦) અંતર્ગત પોલીસીના સમયગાળા દરમિયાન સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ (**SIF**) અને ગ્રાન્ટી મેચિંગ ફંડ (**GMF**) બનાવવા માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

શૈક્ષણિક સંસ્થાઓને સહાય પોલિસી સમયગાળા માટે મહત્તમ નાણાકીય સહાય

| **ગ્રાન્ટીનો પ્રકાર** | **સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ (SIF)** | **ગ્રાન્ટી મેચિંગ ફંડ GMF)** |
|---|---|---|
| સરકારી યુનિવર્સીટી | રૂ. ૫ કરોડ | રૂ. ૨.૫ કરોડ |
| સરકારી સંસ્થા | રૂ. ૨ કરોડ | |
| ખાનગી યુનિવર્સીટી | રૂ. ૧ કરોડ | રૂ. ૧ કરોડ |
| ખાનગી સંસ્થા | રૂ. ૧ કરોડ | રૂ. ૧ કરોડ |

સરકારી યુનિવર્સીટીઓ માટે, નીચે આપેલા કોષ્ટક મુજબ નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે પોલિસી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવશે:

| **સરકારી યુનિવર્સિટી સાથે વિદ્યાર્થી નોંધણીની સંખ્યા** | **પોલિસી સમયગાળા માટે મહત્તમ SIF ગ્રાન્ટ (કરોડમાં)** |
|---|---|
| ૩ લાખ અને તેની વધુ | ૫.૦ |
| ૧ લાખ થી ૩ લાખ | ૪.૦ |
| ૫૦ હાજર થી ૧ લાખ | ૩.૦ |
| ૫૦ હાજર સુધી | ૨.૦ |

પોલિસીની અંદાજપત્રીય જોગવાઈઓ દ્વારા ફાળવવામાં આવેલા ભંડોળના ૭૦% નો ઉપયોગ PoCs/પ્રોટીટાઈપ્સ અને IP સહાય માટે કરવાનો રહેશે. બાકીના ૩૦% ભંડોળનો ઉપયોગ કાર્યક્રમો, શિક્ષણશાસ્ત્રીય સુધારાઓ, પ્રી-ઈન્ક્યુબેશન/ઈન્ક્યુબેશન કેન્દ્રો, મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ટર અને અન્ય પ્રવૃત્તિઓ માટે કરી શકાય છે.

**વ્યક્તિગત લાભાર્થીઓને સહાય:**

પાત્રતાના માપદંડોને સંતોષતા વ્યક્તિગત લાભાર્થીઓ માટે આધાર અને નાણાકીય જોગવાઈઓ લાભાર્થી સહાય

- ટિકરિંગ લેબ, ઈનોવેશન લેબ, ઈન્ક્યુબેશન સેન્ટર્સનો સંપર્ક
- વૈજ્ઞાનિક માનસિકતા વિકસાવવા માટે મોટા પાયે જાગૃકતા કાર્યક્રમો સામૂહિક/સામુદાયિક સ્તરની સપોર્ટ સિસ્ટમ અને પ્રવૃત્તિઓ, ક્ષમતા નિર્માણ

| | |
|---|---|
| ધોરણ ૯ થી ૧૨ | PoC/પ્રોટોટાઈપ/ઈનોવેશન દીઠ મહત્તમ રૂ. ૨૦,૦૦૦ |
| ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ | PoC/પ્રોટોટાઈપ/ઈનોવેશન દીઠ મહત્તમ રૂ. ૨,૫૦,૦૦૦<br>IP ખર્ચના ૧૦૦% સુધી સહાય |

**બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) સહાય**

રાજ્ય-સ્તરનું IP સુવિધા કેન્દ્ર (IPFC) I-Hub ખાતે કાર્યરત છે, જે IP સંબંધિત પ્રવૃત્તિઓમાં ગ્રાન્ટી અને લાભાર્થીઓને મદદ કરવા માટે જવાબદાર રહેશે. I-Hub ઇનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સ માટે મજબૂત IP સપોર્ટ સિસ્ટમ જાળવી રહ્યું. રાજ્યના શિક્ષણ વિભાગની આઈપી માર્ગદર્શિકા આ પોલિસી હેઠળ સમગ્ર શૈક્ષણિક સંસ્થાઓમાં અસરકારક રીતે લાગુ કરવામાં આવી છે.


તમામ લાભાર્થીઓ માટે પોલિસી હેઠળ જોગવાઈ કરાયેલી IPR સહાય:

| IPR નો પ્રકાર | સહાયની જોગવાઈ (મહત્તમ) |
|---|---|
| પેટન્ટ્સ | રૂ. ૭૫,૦૦૦ ડોમેસ્ટિક માટે રૂ. ૧,૫૦,૦૦૦ અન્ય દેશો માટે |
| કોપીરાઇટ્સ | રૂ. ૮,૦૦૦ |
| ટ્રેડમાર્કસ | રૂ. ૧૨,૫૦૦ |
| ઇન્ટરનેશનલ રજિસ્ટ્રેશન ઑફ માર્કસ | રૂ. ૫૦,૦૦૦ |
| ઇન્ડસ્ટ્રીયલ ડિઝાઇન | રૂ. ૯,૦૦૦ |
| પ્લાન્ટ વેરાયટી રજિસ્ટ્રી | રૂ. ૩૩,૦૦૦ |
| સેમીકંડક્ટર ઇન્ટિગ્રેટેડ સર્કિટસ લેઆઉટ ડિઝાઇન રજિસ્ટ્રી (SICLDR) | રૂ. ૧૫,૦૦૦ |

| | |
|---|---|
| **અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી** | ગુજરાત નોલેજ સોસાયટી |

# વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના

| | |
|---|---|
| **ઉદ્દેશ્ય** | રાજ્યમાં કન્યા કેળવણીના પ્રમાણમાં વધારો કરવા માટે અને કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે તેમજ કન્યાઓનું શાળામાં ૧૦૦ ટકા નામાંકન થાય અને ૧૦૦ ટકા સ્થાયીકરણ જળવાય તે માટે |
| **પાત્રતાના ધોરણો** | ધોરણ-૧માં પ્રવેશપાત્ર કન્યાઓ પૈકી જે ગામનો સ્ત્રી સાક્ષરતા દર ૫૦% થી ઓછો હોય તેવા વિસ્તારની કન્યાઓને તથા શહેરી વિસ્તારની બી.પી.એલ. કુટુંબની કન્યાઓને |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | રૂ. ૨૦૦૦ ના બોન્ડ ધો-૧ માં પ્રવેશ સમયે જે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યેથી પાકતી મુદતે વ્યાજ સહિતની રકમ ચૂકવવામાં આવે છે |
| **અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી** | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી |



# રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

## યુવાઓને વિકાસનો અવકાશ

# ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના

**યોજનાનો ઉદ્દેશ / હેતુ**

- ખેલકૂદ માટેનું ઉત્સાહસભર વાતાવરણ ઊભું કરીને ખુશહાલ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું.
- ઓલિમ્પિક રમતો ઉપર ભાર આપી ખેલકૂદમાં શ્રેષ્ઠતા હાંસલ કરવી.
- વ્યક્તિઓની અને ખાસ કરીને મહિલાઓનો સર્વાંગી વિકાસ કરવો

**પાત્રતાના ધોરણો**

મૂળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીઓ માટે

**યોજના અંતર્ગત મળતી સહાય**

વ્યક્તિગત રમત માટે ખેલાડીને નીચે મુજબ રોકડ પુરસ્કાર અપાશે

| પદકનું નામ | ઓલિમ્પિક ગેમ્સ | એશિયન ગેમ્સ | કોમનવેલ્થ ગેમ્સ | કોમનવેલ્થ/ એશિયન ચેમ્પિયનશીપ (સિનિયર્સ) | કોમનવેલ્થ/ એશિયન ચેમ્પિયનશીપ (જુનિયર્સ) |
|---|---|---|---|---|---|
| સુવર્ણ | ૫ કરોડ | ૨ કરોડ | ૧ કરોડ | ૫૦ લાખ | ૨૫ લાખ |
| રજત | ૩ કરોડ | ૧ કરોડ | ૫૦ લાખ | ૩૦ લાખ | ૧૫ લાખ |
| કાંસ્ય | ૨ કરોડ | ૫૦ લાખ | ૨૫ લાખ | ૨૦ લાખ | ૧૦ લાખ |

**અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર
સ્પોર્ટ્સ ઓથોરીટી ઑફ ગુજરાત, ગાંધીનગર

**સત્તાવાર લિન્ક**

**https://sportsauthority.gujarat.gov.in/khel-pratibha-puraskar-schemes**

# શક્તિદૂત યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિઓ હાંસલ કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે હેતુ |
| પાત્રતાના ધોરણો | સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા માન્ય રમતો, કોમનવેલ્થ ગેઈમ્સ, એશિયન ગેઈમ્સ તથા આફ્રો એશિયન ગેઈમ્સ અને ઓલિમ્પિકમાં સમાવિષ્ટ રમતોને માન્ય ગણવામાં આવશે અને તેની સિદ્ધિની યોગ્યતાના ધોરણો અંગે સરકારીશ્રી દ્વારા નિયુક્ત થયેલ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ઓલિમ્પિક વર્ષ ૨૦૨૪ના સંભવિત ખેલાડીઓને વાર્ષિક રૂ.૨૫ લાખની મહત્તમ મર્યાદામાં તથા અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓને વાર્ષિક રૂ.૫ લાખ અને યંગ ટેલેન્ટેડ ખેલાડીઓને રૂ.૨.૫૦ લાખની મહત્તમ મર્યાદામાં જરૂરિયાત સહાય આપવામાં આવે છે. જેમાં ખેલાડીને વિદેશમાં સ્પર્ધા, ટ્રેનિંગમાં મોકલવાની જોગવાઈ પણ છે.તદ્ઉપરાંત દરેક ખેલાડીઓને રૂ.૫ લાખના મેડીક્લેમ અને રૂ.૫ લાખના અક્સ્માત મૃત્યુ વીમાથી સુરક્ષિત કરવામાં આવે છે |
| અરજીની પ્રક્રિયા | આ યોજનાનો લાભ લેવા માટે ઉપરોકત યોગ્યતા ધરાવતા ખેલાડીઓએ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દૈનિક વર્તમાન પત્રમાં જાહેર નિવિદા પ્રસિધ્ધ થયે અરજી કરી શકશે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર<br>સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | વિવિધ ખેલ સ્પર્ધાઓના પ્રમાણપત્રો |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://sportsauthority.gujarat.gov.in/sdoot-scheme** |

# જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ (DLSS)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ખેલાડીઓ તૈયાર કરવા |
| પાત્રતાના ધોરણો | અન્ય : પ્રતિભાશાળી અંડર-૯, અંડર -૧૧ અને અંડર -૧૪ ખેલાડીઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | રૂ. ૧.૬૮ લાખ પ્રતિ ખેલાડીદીઠ પ્રતિ વર્ષે |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત (SAG) |







# રાજ્યની મહિલા ખેલાડીઓને રોકડ પુરસ્કાર (જનરલ)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | મહિલા ખેલાડીઓને પ્રોત્સાહન |
| પાત્રતાના ધોરણો | અન્ય : પ્રતિભાશાળી અંડર-૯, અંડર -૧૧ અને અંડર -૧૪ ખેલાડીઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | “મહિલા ખેલાડીઓને મહિલા પુરસ્કાર આપવાની યોજના” અંતર્ગત રમતગમત, અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા મળેલ મંજૂરી અન્વયે વિવિધ રમતોની રાજયકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ અં-૧૪, અં-૧૭, અં-૧૯ માં મેળવેલ સિધ્ધિઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરે છે.<br>તેવી મહિલા ખેલાડીઓને અનુક્રમે રૂ.૪૮૦૦, રૂ.૩૬૦૦ અને રૂ.૨૪૦૦ તથા એસ.જી.એફ.આઈ. દ્વારા આયોજિત રાષ્ટ્રકક્ષાની શાળાકીય સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજ્યનું પ્રતિનિધિત્વ કરેલ સિદ્ધિ માટે મહિલા ખેલાડીઓને રૂ.૪૮૦૦ કોઈપણ એક જ રમતમાં તેમજ એક જ સિદ્ધિ માટે મહિલા ખેલાડીઓને જરૂરી પાત્રતા ધરાવનાર મહિલા ખેલાડીઓને મહિલા પુરસ્કાર આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત (SAG) |



# રાજ્યની મહિલાઓને કોચીંગ / ટ્રેનીંગ આપવા માટે સહાયની યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | રમત-ગમતમાં ટ્રેનર અને કોચિઝ તરીકે મહિલાઓની વિશેષ જરૂરીયાત હોય છે. હાલમાં, કરાર આધારિત કોચિઝમાં મહિલાઓની સંખ્યા ખૂબજ ઓછી છે. રમત ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષમાં મહિલાઓએ પણ ખૂબ સારી નામના મેળવેલ છે. પરંતુ હજુ પણ કોચિઝ અને ટ્રેનર તરીકે નોકરી માટે મહિલાઓ સામાજિક કારણોસર મોટા પ્રમાણમાં આગળ આવી શકેલ નથી. અંતરિયાળ વિસ્તારમાંથી વિવિધ કોર્ષ માટે વર્ષ દરમિયાન યુનિવર્સીટીમાં રહેવા તથા જમવા વગેરેનો ખર્ચ તેઓને પોસાતો નથી. જેથી આવી મહિલાઓને ખર્ચને પહોંચી વળવા માટે સહાય આપવાની જોગવાઇ આ યોજના અંતર્ગત કરવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | લાભાર્થી મહિલાઓ દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી, ડેસર, નેતાજી સુભાષ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટ્સ પતિયાલા અને તેની તમામ શાખાઓ, લક્ષ્મીબાઈ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન, ગ્વાલિયર તથા તેની તમામ શાખાઓ જેવી માન્ય સંસ્થાઓમાંથી ડીપ્લોમા કોર્ષ કરેલો હોય તેવી ગુજરાત રાજ્યનું ડોમીસાઈલ ધરાવતી મહિલાઓને લાભ મળવાપાત્ર છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | અંતરિયાળ વિસ્તારમાંથી વિવિધ કોર્ષ માટે વર્ષ દરમ્યાન યુનિવર્સીટીમાં રહેવા તથા જમવા વગેરેનો ખર્ચ |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત (SAG) |



# ગૃહ વિભાગ

## સર્વને સુરક્ષા



# વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | રાષ્ટ્રહિત માટે જાનનું બલિદાન આપનાર વ્યક્તિના પરિવારને સહાય અને પ્રોત્સાહન |
| પાત્રતાના ધોરણો | ગુજરાત રાજ્યના વતની |
| યોજના અંતર્ગત મળતી સહાય | પુરસ્કારમાં એક લાખ રૂપિયા, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિ ચિહ્ન આપવામાં આવે છે. |
| અરજીની પ્રક્રિયા | મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રચાયેલ રાજ્ય કક્ષાની પસંદગી સમિતિને જિલ્લા કક્ષાની પસંદગી સમિતિઓ તરફથી મળેલ દરખાસ્તો વિચારણામાં લઈને 'વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર'માટે ભલામણ કરવાની રહે છે. આ રાજ્યકક્ષાની પસંદગી સમિતિની ભલામણ અંગે સરકારશ્રીના આદેશો મેળવીને આ પુરસ્કાર સ્વાતંત્ર્ય દિને મુખ્યમંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ગૃહ વિભાગ |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રચાયેલ રાજ્ય કક્ષાની પસંદગી સમિતિને જિલ્લા કક્ષાની પસંદગી સમિતિઓ તરફથી મળેલ દરખાસ્તો વિચારણામાં લઈને "વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર'માટે ભલામણ કરવાની રહે છે. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://home.gujarat.gov.in/homedepartment/CMS.aspx?content_id=9** |

# અભયમ્ 181 મહિલા હેલ્પલાઈન

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | જરૂરિયાતમંદ કિશોરી, યુવતી કે મહિલાને જરૂરી માહિતી, માર્ગદર્શન અને સહાય પૂરી પાડવી |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા લાગુ પડતી નથી. |
| લાભાર્થીનો પ્રકાર | કિશોરી, યુવતી, મહિલા |
| પાત્રતાના ધોરણો | કોઈ પણ ઉંમરની કન્યા, યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ કરી શકે છે. મહિલાને મદદરૂપ બનનાર કોઈપણ પુરુષ આ સેવાનો ઉપયોગ કરી શકે છે, અન્ય રાજ્યની મહિલા ગુજરાતમાં આવતા આ સેવાનો લાભ મેળવી શકે છે. |
| યોજના હેઠળ મળતી સહાય | ફોન પર માર્ગદર્શન, સલાહ-સૂચન હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ, ટૂંકા ગાળાનું અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ (સલાહ) મહિલાલક્ષી માળખાઓ અને યોજનાઓની માહિતી |
| મંજૂરીની પ્રક્રિયા | આ સેવા ટોલ ફ્રી હોવાથી કોઈ પણ યુવતી કે મહિલાને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે. |
| અમલીકરણકરતી કચેરી / સંપર્ક અધિકારી | ડાયરેક્ટરશ્રી વુમન વેલ્ફર મહિલા અને બાળ વિકાસ વિભાગ, જૂના સચિવાલય બ્લોક ન. ૨૦, ગાંધીનગર,<br>નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, મહિલાસેલ, સી.આઇ.ડી. ક્રાઈમ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર | આ સેવાનો લાભ લેવા માટે કોઈ પુરાવા રજૂ કરવાની જરૂર નથી |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://wcd.gujarat.gov.in/initiativedetails?id=280** |

# શી-ટીમ

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | સિનિયર સિટીઝનોની મુલાકત લેવી, જાહેર સ્થળોએ બાળકીઓ / મહિલાઓ ઉપર થતી જાતિય સતામણી જેવા ગુનાઓ અટકાવવા, બાળકીઓ / મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા બાબત. |
| આવક મર્યાદા | કોઈ આવક મર્યાદા નથી |
| પાત્રતાના ધોરણો | સિનિયર સિટીઝન, બાળકીઓ / મહિલાઓ |
| યોજના અંતર્ગત મળતી સહાય | શી ટીમ અંતર્ગત રોમિયો ડીકોય પ્રોગ્રામ છે, જેમાં જે-તે વિસ્તારની ભીડભાડવાળી જગ્યાએ શી ટીમ કાર્યરત રહે છે. કોઈ મહિલાને હેરાન કરનાર રોમિયોને શી ટીમ તરતથી જ ઝડપી લે છે.<br>● યુવાનો સાથે કોઈ ઓનલાઈન કોઈ છેડછાડ થઈ હોય તો તેના વિષેની કાર્યવાહી<br>● નમન આદર્શ સાથે અપનાપન - પ્રોગ્રામમાં સિનિયર સિટીઝનને કોઈ ફરિયાદ હોય તો તે પોર્ટલની મદદથી ફરિયાદ ઘરે બેઠા કરી શકે છે. |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર, ગુજરાત રાજ્ય. |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | કોઈ પુરાવાની જરૂર નથી |

# VISWAS

| | |
|---|---|
| ઉદ્દેશ્ય | નાગરિકોની સુરક્ષા અને ટ્રાફિક મેનેજમેન્ટ કરવાની સ્માર્ટ સિસ્ટમ |
| અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી | Task Force on VISWAS અને અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ), પોલીસ ભવન, પ્રથમ માળ, સેક્ટર-૧૮, ગાંધીનગર. |
| પાત્રતાના ધોરણો | રાજ્યના દરેક નાગરિકને લાભ મળે છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | નગરના ટ્રાફિક જંક્શન અને મહત્વપૂર્ણ સ્થળો પર સીસીટીવી કેમેરા લગાવવા અને મોનિટરીંગ કરવું. |

# અન્ન અને નાગરિક પુરવઠા



# અંત્યોદય અન્ન યોજના

**યોજનાનો ઉદ્દેશ / હેતુ**

ગરીબ કુટુંબો પૈકી અતિ ગરીબ કુટુંબોને અંત્યોદય અન્ન યોજના હેઠળ સમાવવા

**આવક મર્યાદા**

બી.પી.એલ. કાર્ડ ધારકો

**પાત્રતાના ધોરણો**

1. જમીન વિહોણા ખેતમજૂરો, સીમાંત ખેડૂતો, ગ્રામ્ય કારીગરો, મજૂરો,
2. વિધવા સંચાલિત કુટુંબો અથવા બિમાર વ્યક્તિઓ/અશકત વ્યક્તિઓ/ ૬૦ વર્ષની ઉમરની વ્યક્તિઓ અથવા તેથી વધારે ઊંમરની વ્યક્તિઓ કે જેમને જીવન નિર્વાહ માટેનું સાધન ન હોય અથવા સામાજિક આધાર ન હોય.
3. તમામ આદિમ આદિવાસી કુટુંબો
4. બી.પી.એલ. કાર્ડધારક એચઆઈવી ગ્રસ્ત વ્યક્તિ
5. બી.પી.એલ. કાર્ડધારક રકતપિત્તથી અસરગ્રસ્ત
6. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ નોંધાયેલા તમામ વિધવા, અપંગ, અશકત વ્યક્તિઓ કે જેઓ બી.પી.એલ. કાર્ડ ધારકો હોય તે તમામ વ્યક્તિઓ.

**યોજના અંતર્ગત મળતી સહાય**

NFSA હેઠળ સમાવિષ્ટ AAY લાભાર્થીઓને મળવાપાત્ર લાભ:

AAY કેટેગરી માટે માહે માર્ચ-૧૮થી ઘઉ-ચોખાનું વિતરણ-પ્રમાણ અને ભાવ:

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો(કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
|---|---|---|---|
| AAY | ઘઉ | ૨૫ | ૨.૦૦ |
| AAY | ચોખા | ૧૦ | ૩.૦૦ |
| | | કાર્ડદીઠ કુલ-૩૫.૦૦ કિ.ગ્રા. | |

AAY કુટુંબોને માર્ચ-૨૧થી કાર્ડદીઠ માસિક ૧ કિ.ગ્રા તુવેરદાળ વિતરણ કરવામાં આવે છે.

**અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી**

અન્ન અને નાગરિક પુરવઠા નિગમ

**અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા**

બી.પી.એલ. કાર્ડ

**સત્તાવાર લિન્ક**
**https://fcsca.gujarat.gov.in/tpds-guj.htm**

# રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ – 2013


| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | દેશના નાગરિકોને જીવન પોષણક્ષમ અને ગુણવત્તામય અન્ન પૂરતી માત્રામાં સરળતાથી લોકોને મળી રહે તે માટે રાજ્ય સરકારે ૧લી એપ્રિલ, ૨૦૧૬થી સમગ્ર રાજ્યમાં આ કાયદાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ કાયદા અંતર્ગત બે પ્રકારના લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે. |
| આવક મર્યાદા | ગ્રામ્ય વિસ્તાર માટે - (Exclusion)જે કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦ થી વધુ આવક ધરાવતો હોય તો એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧,૮૦,૦૦૦ થી વધુ હોય તો તેને અન્ન સુરક્ષા માટે બાકાત રાખવામાં આવે છે.<br><br>શહેરી વિસ્તાર - (Inclusion)જે કુટુંબનો કોઈ પણ સભ્ય માસિક રૂ.૧૫૦૦૦ થી ઓછી આવક ધરાવતો હોય તો એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ.૧,૮૦,૦૦૦ થી ઓછી હોય તો તેને અન્ન સુરક્ષાનો લાભ આપવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | (અ) "અંત્યોદય અન્ન યોજના" (AAY) હેઠળના તમામ કાર્ડધારકો.<br>(બ) "અગ્રતા ધરાવતા કુટુંબો"(Priority Households- PHH)<br>(PHH = BPL + APL-1 + APL-2) |
| યોજના અંતર્ગત મળતી સહાય | ● અંત્યોદય અન્ન યોજનાના કુંટુબોને દર માસે કાર્ડ દીઠ ૧૫ કિલો ઘઉ અને ૨૦ કિલો ચોખા મળીને કુલ ૩૫ કિ.ગ્રા. અનાજ આપવામાં આવે છે, જેમાં ઘઉ પ્રતિ કિલો રૂ.૨ તથા ચોખા પ્રતિ કિલો રૂ.૩ ના ભાવે આપવામાં આવે છે.<br>● "અગ્રતા ધરાવતા કુટુંબો" ના સભ્યોને દર માસે વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. ઘઉ અને ૩ કિ.ગ્રા. ચોખા મળીને કુલ ૫ કિ.ગ્રા. અનાજ આપવામાં આવે છે, જેમાં ઘઉ પ્રતિ કિલો રૂ.૨ તથા ચોખા પ્રતિ કિલો રૂ.૩ ના ભાવે આપવામાં આવે છે.<br>● ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા કુટુંબોને જાન્યુઆરી ૨૦૨૩ થી ડીસેમ્બર ૨૦૨૩ સુધી વિના મૂલ્યે અનાજ વિતરણ થનાર છે. |

| | |
|---|---|
| અરજીની પ્રક્રિયા | અરજદાર બે પ્રકારે આ યોજના માટે અરજી કરી શકે છે.<br>(૧) ગ્રામ્ય સ્તરે e-ગ્રામ કેન્દ્ર અથવા તાલુકાના જનસેવા કેન્દ્ર પરથી અરજી કરી શકે છે.<br>(૨) Digital Gujarat Portal અથવા Digital SevaSetu Portal પરથી પણ ઓનલાઈન અરજી કરી શકે છે |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | તાલુકા કક્ષાએ તાલુકા મામલતદારશ્રી (પુરવઠા શાખા) અને<br>શહેરી વિસ્તાર માટે ઝોનલ અધિકારી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ● કુટુંબના તમામ સભ્યોના આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ<br>● રહેણાંકના પુરાવાની નકલ (માલિકીના કિસ્સામાં આકારણીપત્રક/મિલકત વેરાની પહોંચ/પ્રોપર્ટી કાર્ડ/લાઈટ બીલ પૈકી ગમે તે એકની અદ્યતન નકલ) ભાડાના કિસ્સામાં ભાડા કરાર અથવા ભાડા પહોંચ સાથે મકાન માલિકની સંમતિ બન્ને પૈકી કોઈ એકની અદ્યતન નકલ<br>● ચૂંટણી ઓળખકાર્ડની નકલ (સ્વૈચ્છિક)<br>● કુટુંબના કોઈપણ એક સભ્યના મોબાઈલ નંબર અને વરિષ્ઠ મહિલા/ મુખ્ય વ્યક્તિના બેંકની પાસબુકના પહેલા પાનાની નકલ આપવી. જેમાં ખાતાનંબર, IFSC નંબર આવી જતો હોય. |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://dcs-dof.gujarat.gov.in/national-food-safety-act-2013.htm** |

# પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | સ્વચ્છ ઈંધણને પ્રોત્સાહન આપી મહિલાઓના સ્વાસ્થ્ય તેમજ પ્રદૂષણમુક્ત વાતાવરણને પ્રાથમિકતા આપવાનો સરકારનો ઉદ્દેશ્ય રહેલો છે. |
| પાત્રતાના ધોરણો | 1. નીચેનામાંથી કોઈપણ કેટેગરીની પુખ્ત મહિલા<br>● SC પરિવારો<br>● ST પરિવારો<br>● પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)<br>● સૌથી વધુ પછાત વર્ગ<br>● અંત્યોદય અન્ન યોજના (AAY)<br>● ચા અને ભૂતપૂર્વ- ટી ગાર્ડન આદિવાસીઓ<br>● વનવાસીઓ<br>● ટાપુઓ અને નદી ટાપુઓમાં રહેતા લોકો<br>● SECC પરિવારો (AHL TIN)<br>● 14-પોઈન્ટની ઘોષણા મુજબ ગરીબ પરિવાર<br>2. અરજદારની ઉંમર 18 વર્ષની હોવી જોઈએ.<br>3. એક જ ઘરમાં અન્ય કોઈ એલપીજી કનેક્શન ન હોવા જોઈએ. |
| યોજના અંતર્ગત મળતી સહાય | ભરેલ સિલીન્ડર, હોઝ પાઇપ, રેગ્યુલેટર અને સગડી<br>PMUY જોડાણો માટે રોકડ સહાય ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે - રૂ.1600 (કનેક્શન માટે 14.2 કિગ્રા સિલિન્ડર/ રૂ. 1150 5 કિગ્રા સિલિન્ડર માટે). રોકડ સહાય આવરી લે છે:<br>● સિલિન્ડરની સિક્યોરિટી ડિપોઝિટ - રૂ. 14.2 કિગ્રા સિલિન્ડર માટે 1250/ રૂ. 5 કિલોના સિલિન્ડર માટે 800<br>● પ્રેશર રેગ્યુલેટર - રૂ. 150<br>● એલપીજી હોસ - રૂ. 100<br>● ડોમેસ્ટિક ગેસ કન્ઝ્યુમર કાર્ડ - રૂ. 25<br>● નિરીક્ષણ/ઈન્સ્ટોલેશન/પ્રદર્શન શુલ્ક - રૂ. 75<br>વધુમાં, તમામ PMUY લાભાર્થીઓને પ્રથમ એલપીજી રિફિલ અને સ્ટવ (હોટપ્લેટ) બંને મફતમાં આપવામાં આવશે અને સાથે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) દ્વારા તેમના ડિપોઝિટ ફ્રી કનેક્શન પણ આપવામાં આવશે. |

| | |
|---|---|
| **અરજીની પ્રક્રિયા** | https://www.pmuy.gov.in/gu પર ઓનલાઈન અરજી થઈ શકે છે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી દ્વારા રાજ્યના મહત્તમ લોકોને લાભ મળે તે માટે મોનિટરીંગની કામગીરી કરવામાં આવે છે.<br>જાહેર ક્ષેત્રની ઓઇલ માર્કેટીંગ કંપનીઓ (IOCL, HPCL, BPCL) અને તેમના હેઠળની ગેસ એજન્સીઓ દ્વારા કામગીરી કરવામાં આવે છે.<br>સંપર્ક :<br>નાયબ નિયામકશ્રી (પેટ્રોલિયમ),<br>નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,<br>બ્લોક નં૧૪, ૬ ઠ્ઠો માળ,<br>સરદારભવન, ગાંધીનગર. |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ● રાજ્ય દ્વારા જારી કરાયેલ રેશન કાર્ડ<br>● સ્વ-ઘોષણા પ્રમાણિત કરતો દસ્તાવેજ<br>● લાભાર્થી અને પુખ્ત પરિવારના સભ્યોનો આધાર દસ્તાવેજો<br>● સરનામાનો પુરાવો - જો સમાન સરનામામાં કનેક્શનની જરૂર હોય તો આધારને ઓળખના પુરાવા અને સરનામાના પુરાવા તરીકે લેવામાં આવશે. તે કિસ્સામાં માત્ર આધાર પૂરતું છે.<br>● બેંક એકાઉન્ટ નંબર અને IFSC |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://www.pmuy.gov.in/gu** |



# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**સ્વસ્થ ગુજરાત**
**નિરોગી ગુજરાત**

# નમો શ્રી યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ● સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને વધારે સુદ્રઢ કરી તેમને સક્ષમ બનાવવા<br>● આ યોજનાથી પોષણની સાથે માતા તથા નવજાત શિશુને આરોગ્ય સુરક્ષા પ્રદાન કરવામાં આવશે. |
| **આવક મર્યાદા** | કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૮ લાખથી ઓછી ધરાવતી મહિલાઓ |
| **પાત્રતાના ધોરણો** | 1. રાજ્યના ગરીબી રેખા (BPL) નીચે જીવતા પરિવારોની મહિલાઓ<br>2. અનુસૂચિત જાતિ અને જનજાતિની સગર્ભા માતાઓ<br>3. જે મહિલાઓ આંશિકરીતે (40%) અથવા સંપૂર્ણ દિવ્યાંગ હોય<br>4. PMJAYના લાભાર્થી<br>5. e-Shram કાર્ડ ધરાવતી મહિલાઓ<br>6. કિશાન સમ્માન નિધિ હેઠળનાં મહિલા ખેડૂતો<br>7. મનરેગા જોબ કાર્ડ ધરાવતી મહિલાઓ<br>8. સગર્ભા અને સ્તનપાન કરાવતી AWWs/AWHs/ASHAs<br>9. કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૮ લાખથી ઓછી ધરાવતી મહિલાઓ<br>10. કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત કોઈપણ અન્ય શ્રેણી તથા<br>11. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) ૨૦૧૩ હેઠળ રેશન કાર્ડ ધરાવતી સગર્ભા મહિલાઓ આમ કુલ ૧૧ કેટેગેરીમાં |



**યોજના અંતર્ગત મળતી સહાય**

- અંતર્ગત SC, ST, NFSA, PM-JAY સહિતના ૧૧ જેટલા માપદંડોમાં આવતી સગર્ભા બહેનોને રૂ.૧૨ હજારની સહાય આપવામાં આવશે.
- આ યોજનાનો લાભ DBTના માધ્યમથી લાભાર્થી મહિલાના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

**તબક્કાવાર ચૂકવવામાં આવતી સહાય**

| અનુ | હપ્તો | તબક્કો | પ્રથમ પ્રસૂતિ | દ્વિતીય પ્રસૂતિ (દિકરી) | દ્વિતીય પ્રસૂતિ (દિકરો) |
|---|---|---|---|---|---|
| 1 | પ્રથમ | ગર્ભાવસ્થાની નોંધણી કર્યેથી | રૂ.૨૦૦૦ | રૂ.૨૦૦૦ | રૂ.૨૦૦૦ |
| 2 | બીજો | ગર્ભાવસ્થાના ૬ માસ પૂર્ણ થયે | રૂ.૨૦૦૦ | રૂ.૩૦૦૦ | રૂ.૩૦૦૦ |
| 3 | ત્રીજો | સંસ્થાકીય પ્રસુતિ થયેથી | રૂ.૩૦૦૦ | ૦ | રૂ.૬૦૦૦ |
| 4 | ચોથો | નવજાત બાળકનું સંપૂર્ણ રસીકરણ થયેથી | ૦ | રૂ.૧૦૦૦ | રૂ.૧૦૦૦ |
| 5 | | પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના થી મળવા પાત્ર સહાય | રૂ. ૩૦૦૦ (નોંધણીથી ૬ માસમાં<br>રૂ.૨૦૦૦ (રસીકરણ કર્યેથી) | રૂ.૬૦૦૦ સંસ્થાકીય પ્રસૂતિ વખતે | ૦ |
| કુલ સહાયની રકમ | | | રૂ.૧૨૦૦૦ | રૂ.૧૨૦૦૦ | રૂ.૧૨૦૦૦ |

**અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ CM Dash Board

**અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા**

સગર્ભાવસ્થાની નોંધણીના પુરાવા, પાત્રતા/માપદંડના આધારોને સંલગ્ન પુરાવા

# “આયુષ્માન ભારત –પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- મુખ્યમંત્રી અમૃતમ યોજના

(એ.બી.-પી.એમ.જે.એ.વાય.-મા યોજના)

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | લાયકાત ધરાવતા લાભાર્થી પરિવારો યોજના સાથે જોડાયેલ હોસ્પિટલોમાંથી પોતાની પસંદગી વાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી ગુણવત્તાયુક્ત સારવાર તદ્દન મફત મેળવી શકે છે. |
| **પાત્રતાના ધોરણો** | “મા” યોજના (ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો), “મા વાત્સલ્ય” યોજના(મધ્યમવર્ગના પરિવાર),આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના(SECC 2011ના પરિવારો/ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદાના(NFSA) પરિવારો) |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | ● યોજના હેઠળ લાભાર્થીને પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી કેર જેવી બિમારીની કુલ - ૨૪૭૧ નિયત કરેલ પ્રોસિજર માટે કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ) સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. યોજના હેઠળ કુટુંબનાં સભ્યોની મર્યાદા વગર, બધા જ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.<br>● યોજનાના લાભાર્થીઓને સમગ્ર ભારત દેશની જોડાયેલ હોસ્પિટલોમાં નિયત કરેલ પ્રોસીજરોની સારવાર મળવાપાત્ર.<br>● આયુષ્માન કાર્ડ મારફતે લાભાર્થીઓને યોજના સાથે જોડાયેલ હોસ્પિટલોમાં નિયત કરેલ બિમારીની સારવાર મફત મળવાપાત્ર છે. |
| **અરજીની પ્રક્રિયા** | ● યોજના સાથે જોડાયેલ હોસ્પિટલ તેમજ ઇ-ગ્રામ(VCE)/ એન. કોડ એજન્સી/ કલર પ્લાસ્ટ સિસ્ટમના સેન્ટર પર લાભાર્થીએ જરૂરી પુરાવા રજુ કરીને કાર્ડની નોંધણી કરાવી શકે.<br>● NFSA પરિવારો ઘરે બેસીને મોબાઇલ એપ/વેબ નો ઉપયોગ કરી જાતે/ આશાબહેનો/આરોગ્ય કર્મચારીઓ થકી નોંધણી કરાવી શકે છે. (https://beneficiary.nha.gov.in/) |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | તાલુકા કચેરી, સિટી સિવીક સેન્ટર, ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલ |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | ● NFSA પરિવારો: રાશન કાર્ડ, આધાર કાર્ડ<br>● Non-NFSA પરિવારો: રાશન કાર્ડ, આધાર કાર્ડ, આવકનો દાખલો, આવક મર્યાદા સિવાયના અન્ય કેટેગરી માટે અધિકૃત કરેલ અધિકારીશ્રીનું પ્રમાણપત્રની નકલ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/01-PMJAY-MA-Yojna.pdf** |

# કસ્તુરબા પોષણ સહાય યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદેશ / હેતુ | એક કે બે દીકરીના જન્મ પછી કુટુંબ કલ્યાણની કાયમી પધ્ધતિ અપનાવનાર દંપતી માટે આ દીકરી યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. આ યોજનાનો બહોળો લાભ અને સ્વીકૃતિ માટે વધુ રકમ કરવાની જરૂર છે. આ યોજનામાં ૧ દીકરી અને ૨ દીકરી બાદ ઓપરેશન કરવાથી બાળ મરણ, માતા મરણ ઘટાડી શકાશે. બાળકોના કુપોષણમાં ઘટાડો કરી શકાશે. સેક્સ રેશિયોમાં સુધારો લાવી શકાશે અને લાંબાગાળે વસ્તીમાં સ્થિરતા લાવી શકાશે. |
| પાત્રતાના ધોરણો | ફક્ત એક અથવા બે દીકરીઓ હોય તેવા દંપતિ પૈકી કોઇ એક નસબંધી ઓપરેશન કરાવે તો તેઓને રાષ્ટ્રીય બચતપત્રો આપવાની રાજ્ય સરકારશ્રીની ખાસ પુરસ્કાર યોજના છે (દીકરો ન હોય) |
| યોજના અંતર્ગત મળતી સહાય | ફક્ત ૧ દીકરી હોય તેવા દંપતીને રૂ.૫૦૦૦ (NHSC)<br>ફક્ત ૨ દીકરી હોય તેવા દંપતીને રૂ.૫૦૦૦ (NHSC) |
| અરજીની પ્રક્રિયા | જે જગ્યાએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ હોય તે કેન્દ્ર ખાતે દંપતીએ અરજી કરવાની હોય છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | ઓપરેશન સર્ટીફિકેટ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/02-FP-Yojna.pdf** |

# મમતા તરુણી યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદેશ / હેતુ | કિશોરીઓનો સર્વાંગી વિકાસ અને તેઓની દરેક પ્રકારની સમસ્યાઓનું નિરાકરણ તેમજ કાઉન્સેલીંગ |
| પાત્રતાના ધોરણો | 10-19 વયજૂથની કિશોરીઓ |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | Health, Education & ICDS |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/05-Mamta-Taruna-Yojna.pdf** |

# પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | માતા મૃત્યુનું પ્રમાણ ઘટાડવા અને ગુણાત્મક માતૃત્વ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત કરવા આ અભિયાનનો હેતુ જાહેર આરોગ્યની સંસ્થા દ્વારા સગર્ભાની, ખાસ કરીને જોખમી સગર્ભાઓની બીજી અને ત્રીજી તપાસના સમયગાળામાં નિષ્ણાંત દ્વારા પૂર્વ પ્રસૂતિ તપાસ કરાવી જરૂરી સેવાઓ પૂરી પાડવાનો છે. |
| પાત્રતાના ધોરણો | સગર્ભા અને જોખમી સગર્ભા |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/03-Maternal-Health.pdf** |

# મેડીકલ/ડેન્ટલ/ફિઝીયોથેરાપી અને નર્સિંગ કોલેજોના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મફત તબીબી પુસ્તકો પૂરા પાડવા બાબત

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મફત પુસ્તક આપવાનો ઉદ્દેશ છે. |
| યોજના અંતર્ગત મળતી સહાય | સરકારી મેડીકલ/ડેન્ટલ ફિઝીયોથેરાપી અને નર્સિંગ કોલેજોમાં અભ્યાસ કરતાં તમામ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને માટે અભ્યાસ માટે મફત પુસ્તકો પૂરા પાડવા બાબત..<br>સરકારી ૦૬ મેડીકલ કોલેજો, ૦૨ ડેન્ટલ<br>કોલેજો, ૦૮ નર્સિંગ કોલેજો અને ૦૫ ફિઝીયોથેરાપી કોલેજો |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | તબીબી શિક્ષણ અને સંશોધન,ગાંધીનગર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/06-Tabibi-Sikshan-Shanshodhan.pdf** |

# અનુસૂચિત જાતિના દર્દીઓ માટે વિનામૂલ્યે સારવાર પૂરી પાડવા બાબત

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | અનુસૂચિત જાતિના દર્દીઓને મફત તબીબી સારવાર આપવાના ઉદ્દેશ છે. |
| આવક મર્યાદા | આવક મર્યાદા નથી. |
| પાત્રતાના ધોરણો | દર્દીઓ અનુસૂચિત જાતિના હોવા જોઇએ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે ઠરાવેલ આવકના ધોરણ માટે વિનામૂલ્યે સારવાર અને ત્યાર બાદ વધુ આવક માટે ૫૦% ના ધોરણે ફી માફી |
| યોજના અંતર્ગત મળતી સહાય | યોજના મારફતે મળવાપાત્ર સેવાઓ તબીબી સારવાર :<br>૦૬ સરકારી શૈક્ષણિક હોસ્પિટલો, યુ.એન.મહેતા ઇન્સ્ટિટયૂટ ઓફ કાર્ડીયોલોજી,અમદાવાદ, ઇન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ, ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ સેન્ટર,અમદાવાદ |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | તબીબી શિક્ષણ અને સંશોધન,ગાંધીનગર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/06-Tabibi-Sikshan-Shanshodhan.pdf** |

# જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ

| | |
|---|---|
| યોજના અંતર્ગત મળતી સહાય | ગુજરાત રાજ્ય ખાતે સગર્ભા માતા તેમજ એક વર્ષ સુધીના બાળકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓ પૂરી પાડવી. તમામ સગર્ભા માતાઓ તેમજ નવજાત શિશુ નાણાકીય સહાયની કોઈ જોગવાઈ નથી આરોગ્યપ્રદ તમામ સેવાઓ જાહેર આરોગ્ય સંસ્થા ખાતે નિ:શુલ્ક પૂરી પાડવામાં આવે છે |
| અરજીની પ્રક્રિયા | રાજ્ય કક્ષાએ (કમિશનરશ્રી આરોગ્યની કચેરી જીવરાજ મહેતા ભવન, બ્લોક નં .૫, ગાંધીનગર) - તમામ સરકારી આરોગ્ય સંસ્થા ખાતે |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/11-JSSK-Yojna.pdf** |

# જનની સુરક્ષા યોજના

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | જનની સુરક્ષા યોજનાએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત ગરીબી રેખા હેઠળના કુટુંબોની સગર્ભાઓને સંસ્થાકીય પ્રસૂતિના પ્રોત્સાહન દ્વારા માતા મરણ અને નવજાત શિશુ મરણને ઘટાડવાના હેતુસર સલામત માતૃત્વ પૂરું પાડવાની દિશામાં એક પગલું છે. |
| આવક મર્યાદા | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બી.પી.એલ. કુટુંબ |
| પાત્રતાના ધોરણો | આ યોજના હેઠળ પ્રસૂતિના ૮ થી ૧૨ અઠવાડિયા પહેલાં લાયકાત ધરાવતી સગર્ભા |
| યોજના અંતર્ગત મળતી સહાય | ગ્રામ્ય વિસ્તારની સગર્ભાને રૂા.૭૦૦ અને શહેરી વિસ્તારની સગર્ભાને રૂા.૬૦૦ની સહાય |
| અરજીની પ્રક્રિયા | સરકારી આરોગ્ય સંસ્થામાં |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| | **સત્તાવાર લિન્ક** **https://gujhealth.gujarat.gov.in/images/pdf/04-Maternal-Health.pdf** |



# બિનચેપી રોગો માટે તપાસ, નિદાન અને સારવાર

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | ગુજરાતનાં ૩૦ વર્ષ કે તેથી ઉપરની વયનાં લોકો માટે સમાન પ્રોત્સાહક, નિવારક, ઉપચારાત્મક અને પુનર્વસન સેવાઓની જોગવાઈ દ્વારા સામાન્ય બિન ચેપી રોગોની ખરાબ અસરોથી લોકોના આરોગ્યનું રક્ષણ કરવું અને તેમની સાથે સંકળાયેલ બિમારી અને મૃત્યુદરમાં ઘટાડો કરવો. |
| **પાત્રતાના ધોરણો** | રાજ્યના 30 વર્ષ કે તેથી વધુ વયના તમામ વ્યક્તિઓ. |
| **યોજના અંતર્ગત મળતી સહાય** | ● આ યોજના બિનચેપી રોગોમાં હાયપરટેન્શન, મધુપ્રમેહ (ડાયાબિટીસ), હૃદયરોગ, લકવો અને મોંઢા/સ્તન/ગર્ભાષય મુખનાં કેન્સરની બિમારીનાં રોગોને પણ આવરી લીધેલ છે. બિન ચેપી રોગોની પ્રારંભિક અવસ્થાની તપાસ માટે આશા બહેનો દ્વારા ઘર પર જઇને ૩૦ વર્ષ કે તેથી વધુ વયનાં વ્યક્તિઓ એક કમ્યુનિટી બેઝ્ડ એસેસમેન્ટ ચેકલીસ્ટ (CBAC) ભરવામાં આવે છે.<br>● દર શુક્રવારે પેટા આરોગ્ય કેન્દ્ર પ્રા.આ.કેન્દ્ર ખાતે યોજાતા “એન.સી.ડી. ડે”માં શંકાસ્પદ મળેલ દર્દીઓની તપાસ મેડીકલ ઓફીસર દ્વારા કરી ડાયાબિટીશ અને હાયપરટેન્શનનાં નિદાન થયેલા દર્દીઓની જરૂરિયાત મુજબ દવા શરુ કરવામાં આવે છે અને કેન્સરનાં શંકાસ્પદ દર્દીઓને ઉચ્ચ કક્ષાએ રીફર કરવામાં આવે છે. સામુહિક આરોગ્ય કેન્દ્ર(CHC), પેટા જિલ્લા હોસ્પિટલ (SDH), જિલ્લા હોસ્પીટલ (DH) માં નિરામય કલીનીક અને કન્સલટેશન સેન્ટર ઊભા કરવામાં આવેલ છે. ગંભીર કેસોના વધુ નિદાન અને તજજ્ઞની સારવાર માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) પેટા જિલ્લા હોસ્પિટલ(SDH), જિલ્લા હોસ્પિટલ (DH) કે મેડીકલ કોલેજ ખાતે રીફર કરવામાં આવે છે.<br>● ટેલીમેડીસીનનાં માધ્યમથી સ્પેશિયાલિસ્ટ કન્સલ્ટેશનની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. કેન્સરગ્રસ્ત દર્દીને તેઓની માસિક સારવાર પાછળ થતાં ખર્ચમાં ઘટાડો કરવા પ્રધાનમંત્રીશ્રી, ભારત સરકાર દ્વારા ગત ૧૨મી નવેમ્બર, ૨૦૨૨નાં રોજથી રાજ્યનાં તમામ જિલ્લાઓ ખાતે ડે કેર કીમોથેરાપી સેન્ટરનું લોકાપર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. કેન્સરનાં દર્દીઓને કીમોથેરાપીની સારવાર માટે દૂરનાં શહેરો સુધી લાંબી મુસાફરી કર્યા વિના તેઓનાં વતનનાં જિલ્લામાં જ કીમોથેરાપીની સારવાર મેળવી શકે તે માટે હાલ રાજ્યમાં ૩૫ ડે કેર કીમોથેરાપી સેન્ટર ખાતે નિ:શુલ્ક ડે કેર કીમોથેરાપીની સારવાર પૂરી પાડવામાં આવે છે.<br>● બિનચેપી રોગોના ગંભીર અવસ્થામાં તમામ દર્દીઓને PM-JAY અંતર્ગત નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે. |

| | |
|---|---|
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | રાજ્યમાં બિન ચેપી રોગો માટેની તપાસ, નિદાન અને સારવાર પેટા આરોગ્ય કેન્દ્રોથી લઈને જિલ્લા હોસ્પિટલ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સુધી નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. . |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/07-NCD-Yojna.pdf** |

# નિક્ષય પોષણ યોજના

| | |
|---|---|
| પાત્રતાના ધોરણો | તમામ ટીબીના દર્દીઓ પબ્લિક અને પ્રાઈવેટ સેક્ટર |
| યોજના અંતર્ગત મળતી સહાય | નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે હેતુથી ટીબીની સારવાર ચાલુ રહે ત્યાં સુધી દર માસે રૂ.૫૦૦/- ડીબીટી માધ્યમથી દર્દીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | તમામ જિલ્લા / કોર્પોરેશનમાં જિલ્લા /શહેરી ટીબી અધિકારી મારફતે સીધા દર્દીના બેન્ક ખાતામાં સહાય આપવામા આવે છે |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/08-NTEP-NPY-Yojna.pdf** |



# પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.

| | |
|---|---|
| **અરજીની પ્રક્રિયા** | બેટી વધાવો પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકાય છે. |
| **અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી** | ૧. મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી ની કચેરી (જિલ્લા પંચાયત) ૨. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ (કોર્પોરેશન) ૩. રાજ્ય કક્ષાએ (કમિશનરશ્રી આરોગ્ય ની કચેરી જીવરાજ મહેતા ભવન ગાંધીનગર) ૪. જિલ્લા એપોપ્રિએટની ઓથોરીટીની કચેરી, બ-૧ શાખા બ્લોક નં ૭/૭ નવા સચિવાલય ગાંધીનગર |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | 1. તબીબની અરજી (ફોરવર્ડીંગ લેટર) તેના લેટરપેડ ઉપર સહી અને સિક્કા<br>2. પાસપોર્ટ સાઈઝનો ફોટો<br>3. નિયત અરજી ફોર્મ -એ અને ડોક્ટરની અરજી તેના લેટરપેડ ઉપર<br>4. સંસ્થાના માલિક તથા સેવા આપનાર તબીબનું રૂ.૩૦૦ના સ્ટેમ્પ ઉપર નોટરાઈઝડ એફિડેવિટ<br>5. તબીબની લાયકાતની ડીગ્રીના સર્ટિફિકેટ સ્વપ્રમાણિત નકલ અને ટ્રેનીંગ સર્ટિફિકેટ<br>6. તબીબના મેડીકલ કાઉન્સિલ રજિસ્ટ્રેશનની પ્રમાણિત નકલ<br>7. સંસ્થા ભાડે હોયતો ભાડાકરારની નકલ તથા ભાગીદારી સંસ્થા હોયતો પાર્ટનરશીપ ડીલની નકલ (લેટેસ્ટ)<br>8. જે તે કલીનિકમાં મશીન જે જગ્યા પર રાખવાનું હોય તેનો નકશો<br>9. સરનામાનિ ખરું ઓફીસ એડ્રેસ (લાઈટ બીલ, ટેક્સ બીલ, ગુમાસ્તા ધારા)<br>10. આધારકાર્ડની નકલ<br>11. હોસ્પિટલ/સંસ્થાના સાધનોનું લીસ્ટ લેટરપેડ ઉપર, અરજદારની સહી સાથે એટેચ કરવું.<br>12. હોસ્પિટલ/સંસ્થાના જે તે વિભાગના કો-ઓર્ડીનેટર સ્ટાફની પોઝિશન લેટરપેડ ઉપર અરજદારની સહી સાથે એટેચ કરવું.<br>13. આપની સંસ્થાના લેટરપેડ ઉપર સહી, સિક્કા વાળું ઇકવીપમેન્ટ લીસ્ટ<br>14. સહી અને સિક્કા સાથેનું ફોર્મ - એ ૧૫, સહી અને સિક્કા સાથેનું ડિકલેરેશન |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/09-PCandPNDT-Yojna.pdf** |

# શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | જન્મ થી ૧૮ વર્ષ ના તમામ બાળકોની આરોગ્ય તપાસ, વિના મૂલ્યે નિદાન અને સારવાર |
| આવક મર્યાદા | કોઇ આવક મર્યાદા નથી |
| પાત્રતાના ધોરણો | જન્મ થી ૧૮ વર્ષ ના તમામ બાળકો (શાળાએ જતા તેમજ ન જતા) |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | ● શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા આરોગ્ય તપાસ બાદ સંદર્ભ કાર્ડ ભરી સંબધિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી/મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ મારફતે રાજ્ય કક્ષાએ અરજી કરવાની રેહેશે.<br>● મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી<br>● કોર્પોરેશન કક્ષાએ-મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ની કચેરી<br>● રાજ્ય કક્ષાએ-કમિશનરશ્રી(આરોગ્ય)ની કચેરી,ગાંધીનગર |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | 1. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી / મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ દ્વારા કરેલ દરખાસ્ત<br>2. સંદર્ભ કાર્ડ<br>3. ઠરાવ મુજબના પત્રક (૧), (૨) અને (૩)<br>4. જન્મનો દાખલો<br>5. રેશન કાર્ડ / તલાટી કમ મંત્રીશ્રી અથવા મામલતદારશ્રીના પાંચ વર્ષના રહેવાસીના પ્રમાણપત્ર |
| | **સત્તાવાર લિન્ક**<br>**https://gujhealth.gujarat.gov.in/images/pdf/10-SH-RBSK-Yojan.pdf** |



# પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY)

| | |
|---|---|
| યોજનાનો ઉદ્દેશ / હેતુ | ● પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) ભારત સરકાર 1લી જાન્યુઆરી 2017 થી પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) લાગુ છે.<br>● સગર્ભાવસ્થા અને બાળજન્મ પછીની ધાત્રી અવસ્થાની મહતાને ધ્યાને રાખી માતા અને બાળ સ્વાસ્થ્ય માટે જરૂરી આરોગ્ય અને પોષણ પર્યાપ્ત માત્રામાં મળી રહે તે હેતુથી "પ્રધાનમંત્રી માતૃવંદના યોજના" કાર્યરત છે જેમાં રોકડ પ્રોત્સાહન રૂપે એલિજીબલ લાભાર્થીને DBT દ્વારા શરતી નાણાંકિય સહાય આપવામાં આવે છે. |
| પાત્રતાના ધોરણો | 1. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ<br>2. જે મહિલાઓ આંશિક રીતે (40%) અથવા સંપૂર્ણ વિકલાંગ છે (દિવ્યાંગ જન)<br>3. BPL રેશન કાર્ડ ધારક મહિલા<br>4. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) - આયુષ્માન ભારત હેઠળ કાર્ડ ધારક મહિલા લાભાર્થીઓ.<br>5. ઈ-શ્રમ કાર્ડ ધરાવતી મહિલાઓ.<br>6. મહિલા ખેડૂતો જે કિશાન સન્માન નિધિ હેઠળ લાભાર્થી છે.<br>7. મનરેગા જોબ કાર્ડ ધરાવતી મહિલાઓ.<br>8. જે મહિલાઓની ચોખ્ખી કૌટુંબિક વાર્ષિક આવક રૂ.8 લાખ કરતાં ઓછી છે.<br>9. સગર્ભા અને સ્તનપાન કરાવતી AWWs/ AWHs/ ASHAs.<br>10. કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત કોઈપણ અન્ય શ્રેણી<br>11. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ 2013 હેઠળ રેશન કાર્ડ ધરાવતી મહિલા લાભાર્થીઓ લાભ મેળવવા માટે પાત્ર છે". (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ન્યુદિલ્લીના 18/7/2023 ના નોટિફિકેશન)<br>પ્રથમ બાળકના કિસ્સામાં રૂ.5000 ની રકમ બે હપ્તામાં અને બીજા બાળક માટે, રૂ.6000નો લાભ જન્મ પછી એક હપ્તામાં બીજા બાળકની છોકરીને આધીન આપવામાં આવશે. જો કે, બીજા બાળક માટેના લાભો મેળવવા માટે, ગર્ભાવસ્થા દરમિયાન નોંધણી ફરજિયાત રહેશે. |

| | |
|---|---|
| યોજના અંતર્ગત મળતી સહાય | પ્રથમ હપ્તો: સગર્ભાવસ્થાની નોંધણી કર્યા બાદ LMP તારીખથી 6 મહિનાની અંદર બાળકના જન્મ પૂર્વે  ઓછામાં ઓછી એક સગર્ભા તપાસ આંગણવાડી કેન્દ્ર (AWC) અથવા રાજ્ય સરકાર દ્વારા માન્ય પ્રાપ્ત આરોગ્ય કેન્દ્ર ખાતે કરાવેલ લાભાર્થી. રૂ.3000ની સહાય<br>બીજો  હપ્તો :<br>1. બાળકના જન્મની નોંધણી<br>2. ૨.બાળકને હેપેટાઈટિસ-બી, બી.સી.જી. અને ઓ.પી.વી, પેન્ટાવેલેન્ટનું પ્રથમ ચક્ર (૬,૧૦,૧૪ અઠવાડીયા) અથવા, તેના સમકક્ષ/અન્ય રસીકરણ પ્રાપ્ત થયું હોય તે લાભાર્થી. રૂ.2000ની સહાય<br>બીજા બાળક માટે,જો બીજુંબાળકદીકરી હોયતો તેના જન્મ પછી એક હપ્તામાં રૂ.6000 સહાય આપવામાં આવે છે. |
| અરજીની પ્રક્રિયા | સ્થાનિક કક્ષાએ ASHA વર્કર દ્વારા નોધણી કરી યોજનાકીય લાભ આપવામાં આવે છે. |
| અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ તાલુકા કક્ષાની કચેરી |
| અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા | આધાર કાર્ડ, આવક નો દાખલો,બેન્ક એકાઉન્ટ ની વિગત. |







# વિકસિત ભારત, વિકસિત ગુજરાત...

જનહિતલક્ષી યોજનાઓના ટેક્નોલૉજીકલ સમન્વયનો સંપુટ

